અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૨ ડિસેમ્બર ૨૦૨૪, સોમવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, માગશર સુદ ૧ | અંક : ૧૫૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# સીએમનો નિર્ણય પીએમ મોદી અને અમિત શાહ લેશે : એકનાથ શિંદે

## અમારી સરકાર લોકોના અવાજવાળી સરકાર છે : લોકો માટે ઘણી કલ્યાણકારી યોજનાઓ શરૂ કરી છે : અમારી સરકાર સામાન્ય માણસની સરકાર છે : શિંદે

। (એજન્સી) મુંબઈ, તા.૧ ।

મહારાષ્ટ્રમાં મહાયુતિના નવા મુખ્યમંત્રીને પસંદ કરવાના પ્રયાસો વચ્ચે એકનાથ શિંદે થોડા દિવસો માટે ગામડે ગયા હતા. દરમિયાન, રાજકીય વર્તુળોમાં એવી ખળભળાટ મચી ગયો હતો કે શિવસેના પ્રમુખ કોઈ મોટી વ્યૂહરચના તૈયાર કરી રહ્યા છે. હવે તે પોતાના ગામથી પાછો ફર્યા છે અને મોટું નિવેદન આપ્યું છે. એકનાથ શિંદેએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, "મેં મારી ભૂમિકા સ્પષ્ટ કરી દીધી છે. સીએમનો નિર્ણય પીએમ મોદી અને અમિત શાહ લેશે. અમે મજબૂતીથી તેમની સાથે છીએ."



એકનાથ શિંદેએ કહ્યું કે તેમની તબિયત હજુ સારી છે. લોકો હજુ પણ તેને મળવા આવી રહ્યા છે. શિવસેના પ્રમુખે કહ્યું, "અમારી સરકાર લોકોના અવાજવાળી સરકાર છે. અમારી સરકારે લોકો માટે ઘણી કલ્યાણકારી યોજનાઓ શરૂ કરી છે. અમારી સરકાર સામાન્ય માણસની સરકાર છે." મહાગઠબંધનમાં તેમની ભૂમિકા અંગે એકનાથ શિંદેએ કહ્યું, "મેં મારી ભૂમિકા સ્પષ્ટ કરી દીધી છે. પીએમ મોદી અને અમિત શાહ સીએમનો નિર્ણય લેશે.

નરેન્દ્ર મોદી અને અમિત શાહ ભાઈ જે પણ કહે, અમે તેમને સમર્થન આપીએ છીએ. અમને શું મળ્યું એ અમારો નિર્ણય નથી, પણ લોકોન શું મળે એ અમારો નિર્ણય છે'' એટલું જ નહીં, મહારાષ્ટ્રની વિપક્ષી ગઠબંધન પાર્ટી મહાવિકાસ અઘાડી પર નિશાન સાધતા કાર્યવાહક મુખ્યમંત્રી એકનાથ શિંદેએ કહ્યું કે મહારાષ્ટ્રની જનતાએ વિપક્ષને વિપક્ષના નેતા ચૂંટણી માટે પણ છોડ્યા નથી. તમારી જાણકારી માટે તમને જણાવી દઈએ કે ગયા શુક્રવારે (૨૯ નવેમ્બર) કાર્યકારી મુખ્યમંત્રી એકનાથ શિંદે તેમના વતન ગામ દારેગાંવ જવા રવાના થયા હતા. આ પહેલા મુંબઈમાં મહાગઠબંધનની બેઠક યોજાવાની હતી, પરંતુ તેઓ તેમાં હાજર રહ્યા ન હતા. દરમિયાન, એવું માનવામાં આવે છે કે તેઓ મહારાષ્ટ્રની નવી સરકારની રચના અંગે લેવામાં આવેલા નિર્ણયોથી ખુશ નથી. બે દિવસ પછી એટલે કે રવિવારે (૧લી ડિસેમ્બર) એકનાથ શિંદે ફરી પાછા ફર્યા છે. હવે એવી અટકળો લગાવવામાં આવી રહી છે કે રવિવાર સાંજ સુધીમાં કેટલીક મોટી રાજકીય ઘટનાઓ સામે આવી શકે છે અને મહાયુતિના મુખ્યમંત્રી પદને લઈને સ્થિતિ સ્પષ્ટ થઈ શકે છે. મહારાષ્ટ્રમાં ભાજપને બહુમતી મળ્યા છતાં શિંદેની નારાજગીના કારણે સરકાર ગઠનમાં મોડુ થઈ રહ્યું છે તેવી અટકળો ચાલી રહી હતી. શિંદે જૂથ સતત એકનાથ શિંદેને મુખ્યંમંત્રી બનાવવાની માગ કરી રહ્યુ હતું. જેને લઈને પાર્ટીના નેતાઓ તરફથી નારાબાજી અને ટીકા-ટિપ્પણીઓ પણ કરવામાં આવી હતી. જોકે, સમગ્ર બાબતનું નિરાકરણ લાવવા દિલ્હીમાં મહાયુતિની સહયોગી પાર્ટીની બેઠક યોજાઈ હતી, જેમાં ભાજપ નો નેતા મુખ્યમંત્રી બનશે તેવું નક્કી થયું હતું. જ્યારબાદ એવી પણ વાત સામે આવી હતી કે, શિંદેએ ગૃહ મંત્રાલય માગ્યું પરંતુ ભાજપે ગૃહ મંત્રાલયનો ઈનકાર કરી દીધો છે. જોકે, આ વિષય બંને પાર્ટી તરફથી કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નહતું.

### વર્ષના છેલ્લા મહિને પણ મોંઘવારીનો માર

## કોમર્શિયલ LPG સિલિન્ડરના ભાવમાં ફરીવાર વધારો થયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

વર્ષના છેલ્લા મહિનાની પહેલી તારીખે ફરી એકવાર મોંઘવારીનો જોરદાર આંચકો લાગ્યો છે અને ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ એલપીજી સિલિન્ડરના ભાવમાં વધારો કર્યો છે. કંપનીઓએ તમામ શહેરોમાં સુધારેલી કિંમતો જારી કરી દીધી છે. માહિતી અનુસાર ૧૯ કિલોના કોમર્શિયલ LPG સિલિન્ડર લગભગ ૧૮ રૂપિયા મોંઘો થયો છે. અગાઉ પહેલી નવેમ્બરે પણ સિલિન્ડરના ભાવમાં વધારો કરવામાં આવ્યો હતો. જોકે, આ વખતે પણ ૧૪ કિલોના ઘરેલુ ગેસ સિલિન્ડરની કિંમતો કોઈ ફેરફાર કર્યા વિના સ્થિર છે. એલપીજી સિલિન્ડરના ભાવમાં થયેલા ફેરફારો પર નજર કરીએ તો દિલ્હીથી મુંબઈ અને કોલકાતાથી ચેન્નાઈ સુધી ૧૯ કિલોના કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો થયો છે. ૧ ડિસેમ્બરે દેશની રાજધાની દિલ્હીમાં ૧૯ કિલોના એલપીજી સિલિન્ડરની કિંમત ૧૮૧૮.૫૦ રૂપિયા થઈ ગઈ છે, જે અત્યાર સુધી ૧૮૦૨ રૂપિયા હતી. આ સિવાય જો આપણે અન્ય શહેરોની વાત કરીએ તો આ કોમર્શિયલ એલપીજી સિલિન્ડર હવે કોલકાતામાં ૧૯૨૭ રૂપિયાનો થઈ ગયો છે, જે ૧ નવેમ્બરના રોજ વધારા પછી ૧૯૧૧.૫૦ રૂપિયામાં વેચાઈ રહ્યો હતો. આ સાથે મુંબઈના એલપીજી સિલિન્ડરની કિંમત પર નજર કરીએ તો ૧૯ કિલોના સિલિન્ડરની કિંમત ૧૭૫૪.૫૦ રૂપિયા હતી.

### ગઠબંધનને લઈ AAPએ કરી દિધી મોટી જાહેરાત

## AAP દિલ્હીની તમામ સીટો પર એકલા હાથે ચૂંટણી લડશે

### દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ગઠબંધન અંગે અરવિંદ કેજરીવાલે કહ્યું કે અમે કોઈ ગઠબંધન નથી કરી રહ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

દિલ્હીના ઉત્તર નગરથી આમ આદમી પાર્ટીના બે વખતના ધારાસભ્ય નરેશ બાલિયાનની ધરપકડના એક દિવસ બાદ પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ને લઈને મોટું નિવેદન આપ્યું છે. દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ગઠબંધન અંગે તેમણે કહ્યું કે અમે કોઈ ગઠબંધન નથી કરી રહ્યા. AAP દિલ્હીની તમામ સીટો પર એકલા હાથે ચૂંટણી લડશે. તેમણે દિલ્હીની તમામ વિધાનસભા મતવિસ્તારોમાં ભાજપ દ્વારા પરિવર્તન યાત્રા કાઢવાના નિર્ણય પર કહ્યું, "તેમને યાત્રા કરવા દો. લોકશાહીમાં દરેકને આમ કરવાનો અધિકાર છે. લોકશાહીમાં કોઈપણ કંઈ પણ કરી શકે છે." આ પહેલા AAPના વડા અરવિંદ કેજરીવાલે કહ્યું હતું કે મારા ઉત્તમ નગરના ધારાસભ્ય નરેશ બાલ્યાનની ૩૦ નવેમ્બર ૨૦૨૪ના રોજ ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે તે ગેંગસ્ટર વિરુદ્ધ સતત ફરિયાદ કરી રહ્યા છે. હવે તેમના બાળકોને ટાર્ગેટ કરવામાં આવ્યા છે.

ગેંગસ્ટર કપિલ સાંગવાન વતી કહેવામાં આવ્યું હતું કે તમે આ લોકો પાસેથી પૈસા લો અને અમને આપો નરેશ બાલ્યાને આ ધમકીની ફરિયાદ દિલ્હી પોલીસમાં કરી છે. દિલ્હી પોલીસે તેની ફરિયાદ પર કાર્યવાહી કરવાને બદલે તેની ધરપકડ કરી હતી.

## હવે નવા વર્ષમાં કેન્દ્રીય કર્મચારીઓને મળશે ભેટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

દેશના ૧ કરોડથી વધુ કેન્દ્રીય કર્મચારી અને પેન્શનરો આઠમાં પગાર પંચને લઈને કેન્દ્ર સરકારની જાહેરાતની પ્રતીક્ષા કરી રહ્યાં છે. આમ તો કેન્દ્ર સરકારે ઘણીવાર આઠમાં પગાર પંચની રચનાનો લઈને ઈનકાર કર્યો છે પરંતુ કેન્દ્રીય કર્મચારીઓને હજુ તેની આશા છે. કર્મચારીઓને આશા છે કે કેન્દ્ર સરકાર આગામી કેન્દ્રીય બજેટમાં તેની જાહેરાત કરી શકે છે. નવા પંચની રચના થતાં તે કેન્દ્રને ભલામણો કરશે અને તે સૂચનોના આધાર પર મોદી સરકાર કેન્દ્રીય કર્મચારીઓના પગાર અને પેન્શનમાં ફેરફાર લાગૂ કરશે. તાજેતરના મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે કેન્દ્ર સરકારને નવા પગાર પંચ હેઠળ ૨.૮૬ ગણો પગારમાં વધારો કરવાનો આગ્રહ કરવામાં આવશે. આ વધારો ફિટમેન્ટ ફેક્ટર પર આધારિત હશે. ફિટમેન્ટ ફેક્ટર એક ગણતરી છે જેનો ઉપયોગ સરકારી કર્મચારીઓના પગાર અને નિવૃત્ત લોકોના પેન્શનને સંશોધિત કરવા માટે કરવામાં આવે છે.

### RSS ચીફ મોહન ભાગવતનું મોટું નિવેદન

## ઓછામાં ઓછા 3 બાળકો હોવા જોઈએ : RSS ચીફ

। (એજન્સી) નાગપુર, તા.૧ ।

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વડા મોહન ભાગવતે નાગપુરમાં આયોજિત કથાલે કુલ સંમેલનમાં ભારતની વસ્તી વિશે વાત કરી હતી. આ દરમિયાન તેમણે કહ્યું કે વસ્તીમાં ઘટાડો સમાજ માટે ચિંતાજનક છે. ભાગવતે એમ પણ કહ્યું કે જો વસ્તી વૃદ્ધિ દર ૨.૧ કરતા ઓછો થઈ જાય તો સમાજનું પતન નિશ્ચિત છે અને તેને નષ્ટ કરવા માટે કોઈ બાહ્ય શક્તિની જરૂર નથી. આ વિષય પર વાત કરતા મોહન ભાગવતે કહ્યું કે વિજ્ઞાન માને છે કે વસ્તી વૃદ્ધિ દર ૨.૧ થી નીચે આવે તો તે સમાજ આપોઆપ ખતમ થઈ જાય છે. ઉદાહરણ આપતાં તેમણે કહ્યું કે આ



કારણે ઘણી ભાષાઓ અને સમાજનો અંત આવ્યો. ભાગવત અનુસાર, વર્ષ ૨૦૦૦ ની આસપાસ ભારતની વસ્તી નીતિ નક્કી કરવામાં આવી હતી જેમાં તે સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે દેશનો વસ્તી વૃદ્ધિ દર ૨.૧ હોવો જોઈએ. વસ્તી વૃદ્ધિના મહત્વ પર ભાર મૂકતા ભાગવતે કહ્યું કે માનવ જન્મ દર ૧ પર ન રાખી શકાય, તેથી ઓછામાં ઓછા ૨ અથવા ૩ બાળકોનો જન્મ થવો જોઈએ. તેમણે એમ પણ કહ્યું કે દેશના ભવિષ્ય માટે યોગ્ય વસ્તી વૃદ્ધિ દર જાળવવો મહત્વપૂર્ણ છે. તેમનું નિવેદન સમાજમાં વસ્તી નીતિ વિશે જાગૃતિ વધારવાનો પ્રયાસ છે જેથી આવનારી પેઢીઓ માટે જરૂરી સંસાધનોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી શકાય. તમને જણાવી દઈએ કે આ સંબોધન દ્વારા સંઘ પ્રમુખે સંદેશ આપ્યો હતો કે વસ્તીનો સંતુલિત વિકાસ સમાજની સ્થિરતા અને પ્રગતિ સુનિશ્ચિત કરે છે. વસ્તી વૃદ્ધિ દરમાં ઘટાડો માત્ર આર્થિક જ નહીં પણ સામાજિક અને સાંસ્કૃતિક દૃષ્ટિકોણથી પણ નુકસાનકારક હોઈ શકે છે.

### તેલંગાણા પોલીસની મોટી કાર્યવાહી

## ટોચના કમાન્ડર સહિત ૭ માઓવાદીઓને ઠાર મરાયા

। (એજન્સી) મુલુગુ, તા.૧ ।

તેલંગાણા પોલીસે સાત માઓવાદીઓને ઠાર કર્યા છે. મુલુગુ જિલ્લાના એથુરંગારમના જંગલમાં પોલીસ અને માઓવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. મુલુગુ એસપી ડો. સબારિશે જણાવ્યું હતું કે, 'માઓવાદીઓના કબજામાંથી મોટી માત્રામાં હથિયારો અને દારૂગોળો પણ જપ્ત કર્યો છે.' અહેવાલો અનુસાર, તેલંગાણા પોલીસ અને માઓવાદીઓ વચ્ચે રવિવારે સવારે મુલુગુ જિલ્લાના એથુરંગારામ મંડલના ચલપાકા વિસ્તારના જંગલોમાં અથડામણ થઈ હતી. આ અથડામણમાં યેલેન્દુ-નરસમપેટ વિસ્તાર સમિતિના કમાન્ડર બદરુ ઉર્ફે પાપન્ના માર્યો ગયો હવાનું સામે આવ્યું છે. જો કે હજુ સુધી આ વાતની સત્તાવાર પુષ્ટિ થઈ નથી. અગાઉ સપ્ટેમ્બર મહિનામાં પણ તેલંગાણાના ભદ્રાદ્રીના કોઠાગુડેમ વિસ્તારમાં પોલીસ અને માઓવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી, જેમાં છ માઓવાદીઓ માર્યા ગયા હતા અને બે પોલીસકર્મી પણ ઘાયલ થયા હતા. માર્યા ગયેલા માઓવાદીઓમાં એક મહિલા પણ સામેલ છે.

## USમાં ગુજરાતી મૂળના કાશ પટેલ FBIના ડિરેક્ટર બન્યા

### ક્રાઈમ રેટ ઓછા કરવાની સાથે ક્રિમિનલ એક્ટિવિટી સાથે સંકળાયેલા ગ્રુપોને પકડી પાડવાની મોટી જવાબદારી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧ ।

અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે ફેડરલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટિગેશનનાં ડિરેક્ટર તરીકે પોતાના ખાસ વિશ્વાસુ કાશ પટેલની નિમણૂક કરી દીધી છે. ડાનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરીને કાશ પટેલની પ્રશંસા કરી હતી તથા અમેરિકામાં ક્રાઈમ રેટ ઓછો થાય એની પણ મોટી જવાબદારી સોંપી હતી. તેમણે આશા વ્યક્ત કરતા કહ્યું હતું કે કાશ પટેલ આ જવાબદારીને સારી રીતે નિભાવશે અને તેઓ આ



પદ પર રહીને ઘણી ઉપલબ્ધિઓ પણ હાંસલ કરશે. ઉલ્લેખનીય છે કે કાશ પટેલે આની પહેલા ટ્રમ્પ સરકારમાં યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સમાં ચીફ ઓફ સ્ટાફ, નેશનલ ઈન્ટેલિજન્સના ડેપ્યુટી ડિરેક્ટર અને નેશનલ સિક્યોરિટી કાઉન્સિલના ડેપ્યુટી ડિરેક્ટર તરીકે પણ ફરજ બજાવી ચૂક્યા છે. આની સાથે કાશ પટેલ નેશનલ સિક્યોરિટી કાઉન્સિલમાં સિનિયર ડિરેક્ટર ઓફ કાઉન્ટર ટેરરિઝમમાં પણ કામ કરી ચૂક્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પે કાશ પટેલને અમેરિકા ફર્સ્ટના વોરિયર તરીકે સંબોધિત કર્યા હતા. એટલું જ નહીં તેમના રૂસ હોક્સના ઈન્વેસ્ટિગેશનમાં અભૂતપૂર્વ યોગદાનની સરાહના પણ કરી હતી. ટ્રમ્પે કહ્યું હતું કે (કશ્યપ) કાશ પટેલે ભ્રષ્ટાચાર નાબૂદ કરવાની સાથે ન્યાયની રક્ષા કરવા માટે અને અમેરિકન સિટિઝન્સની સુરક્ષા માટે અભૂતપૂર્વ યોગદાનો આપ્યા છે. કાશ પટેલ એટર્ની જનરલ પામ બોંડીની અંડર કામ કરશે. ટ્રમ્પે તેમને ક્રાઈમ રેટ પર કાબુ મેળવવો, ડ્રગ્સની તસ્કરી સામે કડક પગલા ભરવા સહિતની જવાબદારીઓ સોંપી દીધી છે. કાશ પટેલની પસંદગી તેમના બીજા કાર્યકાળ માટે તેમની યોજનાઓનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે. તેઓ અમેરિકામાં કાયદો વ્યવસ્થા અને નેશનલ સિક્યોરિટીને વધુ મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવા માગે છે.



## ગ્લોબલ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા સ્પોર્ટ્સ ફીના નામે એકાએક ૬૮૦૦ રૂપિયાનો વધારો

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

અમદાવાદમાં ગોદરેજ ગાર્ડન સિટીમાં આવેલી ગ્લોબલ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા નિયમોનો ઉલાળિયો કરી એકાએક ૬૮૦૦ રૂપિયાનો ફી વધારો કરી દેવાયો છે. ચાલુ સત્રએ એકાએક સ્પોર્ટ્સ ફીના નામે ૬૮૦૦ રૂપિયાનો ફી વધારો ઝીંકી દેવાતા વાલીઓ રોષે ભરાયા. ફી વધારા અંગે રજૂઆત કરવા માટે વાલીઓ શાળાએ પહોંચ્યા હતા. ત્યા પણ શાળા દ્વારા દાદાગીરી અને મનમાની કરવામાં આવી. વાલીઓને કલાકો સુધી રાહ જોવડાવ્યા બાદ પણ પ્રિન્સીપાલ મળ્યા ન હતા. જેના પગલે વાલીઓએ શાળામાં હોબાળો કર્યો હતો. વાલીઓનું કહેવુ છે કે હ્વઇઝના નિયમ અનુસાર શાળા ફરજિયાતપણે સ્પોર્ટ્સ ફી લઈ ન શકે. છતા દિવાળી બાદ શરૂ થયેલા શૈક્ષણિક સત્રથી વાલીઓ પાસેથી સ્પોર્ટ્સ ફી માગવામાં આવી રહી છે. ગ્લોબલ ઈન્ટરનેશનલ સ્કૂલની મનમાની, વાલીઓની જુબાની

૧. વાલીઓનુ કહેવુ છે શાળા દ્વારા મનસ્વી રીતે સ્પોર્ટસના નામે ફી વધારો કરાયો છે, FRC એ નક્કી કરેલી ફી કરતા પણ વધુ ફી વસુલવામાં આવી રહી છે. આ જ તમામ બાબતો અંગે ચર્ચા કરવા માટે વાલીઓ સવારથી શાળાએ પહોંચ્યા છે પરંતુ શાળાના એડમિનિસ્ટ્રેટિવ સ્ટાફનો એકપણ વ્યક્તિ વાલીઓ સાથે વાત કરવા માટે તૈયાર નથી.

૨. શાળાના જક્કી વલણ અંગે એક વાલી જણાવે છે કે જો ફી ભરવામાં એક દિવસ પણ મોડુ થાય તો તાત્કાલિક ધોરણે પ્રતિ મહિને ૩ ટકાના લેખે લેટ ફી ચાર્જ વસુલવામાં આવે છે. એડવાન્સમાં ફી વસુલાતી હોવા છતા લેટ ફીનો ચાર્જ લગાવવામાં આવે છે.

૩. વાલીઓની અન્ય એક ફરિયાદ એવી પણ છે કે શાળા દ્વારા જાણી જોઈને ગુજરાતના મોટા તહેવારોના સમયે જ અલગ અલગ પ્રકારની એક્ઝામ કન્ડક્ટ કરવામાં આવે છે અને જ્યારે કોઈ જ વિશેષ તહેવારો ન હોય એવા સમયે શાળા દ્વારા લાંબી રજાઓ આપવામાં આવે છે.

૪. વાલીઓ જણાવે છે કે શાળા દ્વારા ઓનલાઈન પોર્ટલમાં ૬૮૦૦ રૂપિયાનો ફી વધારો સૂચિત કરાયો છે. ફી અંગે વારંવાર રજૂઆત કરવા છતા કોઈ જ શાળાનો સ્ટાફ ચર્ચા કરવા માટે તૈયાર નથી. પરંતુ શાળા દ્વારા સતત ત્રણ કલાકથી વાલીઓને ટાળી રહ્યા છે.

૫. ૧૦૦ થી વધુ વાલીઓ શાળાએ રજૂઆત કરવા માટે પહોંચ્યા હતા પરંતુ કલાકો સુધી વાલીઓને રાહ જોવડાવ્યા બાદ પણ કોઈ મળવા સુધ્ધા તૈયાર નથી.શાળા દ્વારા વાલીઓને અગાઉ જાણ કર્યા વિના કે કોઈ જ ચર્ચા કર્યા વિના ડાયરેક્ટ ફી વધારો કરી દેવાયો છે અને ફી વધારા સાથેનો ઈનવોઈસ પણ વાલીઓને મેઈલ થ્રુ મોકલી દેવાયો છે. જે સીધી રીતે એવુ દર્શાવે છે કે શાળા વાલીઓને જાણ કરવાનું પણ જરૂરી નથી સમજતી અને સીધેસીધો ફી વધારો વાલીઓ પર થોપી દેવામાં આવ્યો છે. અડધા સત્રએથી ફી વધારો ઝીંકી લાચાર વાલીઓની મજબુરીનો ગેરલાભ લેતી શાળાના આ જક્કી વલણ સામે શું FRC કોઈ નક્કર પગલા લેશે કે કેમ તે મોટો સવાલ છે.

### નવો ભાવ વધારો આજથી અમલમાં રહેશે

# વાહનચાલકોને મોટો ફટકો, CNG ગેસના ભાવમાં વધારો




। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

ડિસેમ્બરની પહેલી તારીખ આવતા જ ગુજરાતની જનતા પર મોંઘવારીનો માર પડ્યો છે. ગુજરાતીઓના ફરી એકવાર ખિસ્સા ખાલી થવા જઈ રહ્યાં છે. કારણ કે, ૧ ડિસેમ્બરે ગુજરાત ગેસના સીએનજીના ભાવમાં વધારાની જાહેરાત કરાઈ છે. કુલ દોઢ રૂપિયા જેટલો વધારો કરવામાં આવ્યો છે. નવો ભાવ વધારો આજથી અમલમાં રહેશે. ગુજરાત ગેસ તરફથી જાહેર કરાયેલા નોટિફિકેશનમાં જણાવ્યું કે, ગુજરાત ગેસના સીએનજીમાં આજથી ૧.૫૦ રૂપિયાનો વધારો કરાયો છે. આજથી સીએનજીનો ભાવ ૭૭ રૂપિયા અને ૭૬ પૈસાનો ભાવ રહેશે. જોકે, દેશના અન્ય રાજ્યો કરતા આ ભાવ વધારા પછી પણ ગુજરાતમાં સીએનજીનો ભાવ ઓછો છે.

## દર્દી-સગાની સંમતિનો ઓડિયો-વીડિયો ફરજિયાત લેવાનો રહેશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

અમદાવાદમાં ખ્યાતિ હૉસ્પિટલ કાંડમાં PMJAY યોજનામાં કૌભાંડનો ખુલાસો થયાં બાદ તંત્ર દોડતું થયું હતું. જ્યારે ગાંધીનગર ખાતે આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં PMJAY યોજનાને લઈને સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં ઋષિકેશ પટેલે આ યોજનાની સમગ્ર કામગીરી, વ્યવસ્થાપન, પ્રિ-ઓથ જનરેશનથી લઈને ક્લેઈમ એપ્રુવલ સુધીની તબક્કાવાર પ્રક્રિયાની વિગતવાર માહિતી મેળવને PMJAY યોજના અંગેના જરૂરી સૂચનો આપ્યા હતા.

ઋષિકેશ પટેલે જણાવ્યું કે, PMJAY યોજના હેઠળની રાજ્યની કોઈપણ હૉસ્પિટલમાં સારવારની આડમાં માનવ જિંદગી સાથે ચેડાં કરનારા ડૉક્ટર કે હૉસ્પિટલની ગેરરીતિને સાંખી લેવામાં આવશે નહીં. PMJAY યોજનામાં ગેરરીતિ કરતાં લોકો સામે કડક પગલાં લઈને ઉદાહરણરૂપ કાર્યવાહી કરવામાં આવશે. આ સાથે તેમણે કહ્યું કે, PMJAY યોજનાના પ્રવર્તમાન માળખા, વ્યવસ્થાપન અને કામગીરીને યોગ્ય રીતે કરવા માટે સૂચના આપવામાં આવી હતી.

મંત્રીએ વધુમાં જણાવ્યું કે, PMJAY યોજનામાં એમ્પેન્લ્ડ હૉસ્પિટલ માટે કાર્ડિયોવાસ્ક્યુલર, કાર્ડિયોલૉજી, બાળરોગ, રેડિયો અને કિમોથેરાપી સંદર્ભે નવીન માર્ગદર્શિકા બહાર પાડવામાં આવશે. આ સાથે સ્ટેટ એન્ટી ફ્રોડ યુનિટને વધુ સુદૃઢ કરવામાં આવશે. તેમજ નવી ટીમ તૈયાર કરી હૉસ્પિટલોની વિઝિટ કરીને રિપોર્ટ મંગાવવામાં આવશે. નેશનલ એન્ટી ફ્રોડ યુનિટને જાણ કરીને રાજ્યની જરૂરિયાત મુજબના સુધારા વધારા કરાશે. જેમાં એન્જીયોગ્રાફી અને એન્જીયોપ્લાસ્ટી પ્રોસિજરની વિગતો દર્શાવતી ઝઢ ફરજિયાતપણે પોર્ટલ પર અપલોડ કરવાની રહેશે. આ પોર્ટલ સંબંધિત સોફ્ટવેર અંતિમ તબક્કામાં છે, જે ટૂંક સમયમાં શરુ થશે.

સમીક્ષા બેઠકમાં અધિકારીઓને સૂચના આપતાં ઋષિકેશ પટેલે કહ્યું કે, મુખ્ય જિલ્લા મેડિકલ ઑફિસર ઑફ હેલ્થ દ્વારા મહિનામાં ઓછામાં ઓછી બે હૉસ્પિટલોની ઓડિટ વિઝિટ કરવાની રહેશે. જેમાં હૉસ્પિટલોની કામગીરીનું મૂલ્યાંકન આધારિત ગ્રેટેશન કરવામાં આવશે. આ ઉપરાંત, PMJAY યોજના હેઠળ હૉસ્પિટલમાં ખાસ પ્રકારની સારવાર માટે દર્દી અને તેઓના સગાને સારવારની વિગતવાર સમજણ આપવાની સાથે તેમની સંમતિ ઓડિયો-વીડિયો માધ્યમથી ફરજિયાત લેવાની રહેશે.

## સુરતના એક ગામમાં થી ત્રણ બાળકીઓના શંકાસ્પદ મોત થયા

। (એજન્સી) સુરત, તા.૧ ।

સુરતના એક ગામમાંથી ત્રણ બાળકીઓના શંકાસ્પદ મોતના સમાચાર સામે આવ્યા છે. સચિનના પાલી ગામમાં ત્રણ બાળકીઓના શંકાસ્પદ મોત થયા છે. માહિતી મળી છે કે શુક્રવારે રાત્રે બાળકીઓએ આઈસ્ક્રીમ ખાધો હતો. જે પછી તેમની તબિયત લથડી હતી. બાદમાં બાળકીઓને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જે પછી સારવાર દરમિયાન ત્રણ બાળકીઓના મોત થયા છે. સમગ્ર મામલે સુરતના મેયરે તપાસના આદેશ આપ્યા છે. શુક્રવારે રાત્રે સુરતના સચિનના પાલી ગામની ગામની બાળકીઓની તબિયત આઈસક્રીમ ખાધા પછી લથડી હતી. માહિતી મળી છે કે આઈસ્ક્રીમ ખાધા બાદ રાત્રે પાંચ જેટલી બાળકીઓએ તાપણું કર્યું હતું. જે પછી મોંમાં ધુમાડો જતા બાળકીઓને ઉલટી થવા લાગી હતી. બાળકીઓની તબિયત લથડતા પહેલાં તેમને ખાનગી અને પછી સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી.

### સરકારી કર્મચારીઓને ભૂપેન્દ્ર પટેલ સરકારની ભેટ

# નિવૃત્તિ ગ્રેજ્યુઈટી અને અવસાન ગ્રેજ્યુઈટીની મહત્તમ મર્યાદામાં વધારો

**વય નિવૃત્તિ સમયે મહત્તમ ૨૦ લાખની નિવૃત્તિ ગ્રેજ્યુઈટી મળતી હતી પરંતુ હવે મર્યાદા વધારીને રૂ. ૨૫ લાખ કરવામાં આવી**

। (એજન્સી) ગાંધીનગર, તા.૧ ।

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના કર્મચારીઓના હિતમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. જેમાં નિવૃત્તિ ગ્રેજ્યુઈટી અને અવસાન ગ્રેજ્યુઈટીની મહત્તમ મર્યાદામાં વધારો કરવાનો સમાવેશ થાય છે. આ પહેલા, રાજ્ય સરકારના કર્મચારીઓને વય નિવૃત્તિ સમયે મહત્તમ રૂ. ૨૦ લાખની નિવૃત્તિ ગ્રેજ્યુઈટી મળતી હતી. પરંતુ હવે મુખ્યમંત્રીના નિર્ણય મુજબ, આ મર્યાદા વધારીને રૂ. ૨૫ લાખ કરવામાં આવી છે. આ નિર્ણય કેન્દ્ર સરકારના ધોરણોને અનુરૂપ છે અને તેનાથી રાજ્યના કર્મચારીઓને નિવૃત્તિ પછી આર્થિક સુરક્ષા મળશે. આ કર્મચારી હિતલક્ષી નિર્ણયને પરિણામે હવે રાજ્ય સરકારના કર્મચારી અધિકારીઓને નિવૃત્તિ ગ્રેજ્યુઈટી અને અવસાન ગ્રેજ્યુઈટી મહત્તમ રૂ. ૨૫ લાખની મર્યાદામાં આપવામાં આવશે. આ નવો નિર્ણય તા. ૧ જાન્યુઆરી, ૨૦૨૪ પછી વય નિવૃત્ત થતા કર્મચારીઓને લાગુ પડશે.

આ નિર્ણયને પરિણામે રાજ્ય સરકાર પર વાર્ષિક રૂ. ૫૩.૧૫ કરોડનું વધારાનું ભારણ આવશે. જો કે, કર્મચારીઓના હિતને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. મુખ્યમંત્રી સમક્ષ રાજ્યના નાણાં વિભાગે રજૂ કરેલી આ દરખાસ્તને તેમણે અનુમતિ આપતા આ અંગેના જરૂરી ઠરાવો નાણાં વિભાગ જારી કરશે.

## ખ્યાતિ કેસ : કોર્ટે પાંચેય આરોપીઓને જ્યુડિશીયલ કસ્ટડીમાં મોકલ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં બોગસ ઓપરેશનના કેસ મામલે કોર્ટે પાંચેય આરોપીઓને જ્યુડિશીયલ કસ્ટડીમાં મોકલ્યા છે. આરોપીઓના ૩ દિવસના રિમાન્ડ પૂરા થતાં પાંચેયને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. ચિરાગ રાજપૂત, મિલિંદ પટેલ, રાહુલ જૈન, પ્રતીક ભટ્ટ અને પંકિલ પટેલને જ્યુડિશીયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે. આ કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે આરોપીઓના વધુ રિમાન્ડ માગ્યા નથી. જો કે, આરોપી ચિરાગ રાજપૂતની અન્ય કેસમાં ધરપકડ કરવામાં આવશે. ખ્યાતિ હોસ્પિટલ કાંડના બીજા આરોપીઓની વાત કરીએ તો, રાજશ્રી કોઠારી હજુ પોલીસ પકડથી દૂર છે, જો કે, તેણે ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી છે. રાજશ્રી કોઠારી પર ૩ ફરિયાદ નોંધાઈ છે. આગામી દિવસોમાં આગોતરા જામીન અંગે સુનાવણી કરવામાં આવશે.

# પી ટી જાડેજા વિરુદ્ધ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ નોંધાઇ ફરિયાદ

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

ક્ષત્રિય સમાજના અગ્રણી અને ક્ષત્રિય આંદોલનનો મહત્વના ચહેરા એવા પી ટી જાડેજા સામે વ્યાજખોરીની ફરિયાદ નોંધાઇ છે. પી ટી જાડેજાએ કારખાનેદારને ૬૦ લાખ રૂપિયા વ્યાજે આપ્યા બાદ તેની મિલકત લખાવી લીધી હતી કારખાનેદારે રૂપિયા વ્યાજ સહિત પરત આપી દેવા છતા મકાનના દસ્તાવેજો પરત ન આપતા અંતે પોલીસ ફરિયાદ નોંધાઇ છે. ક્ષત્રિય સમાજના અગ્રણી અને લોકસભા સમયે શરૂ થયેલા ક્ષત્રિય આંદોલનનો ચહેરો એવા પ્રવીણસિંહ ટપુભા જાડેજા ઉર્ફે પી ટી જાડેજા વિરુદ્ધ મનીલોન્ડિંગ એક્ટ અંતર્ગત વ્યાજખોરીનો ગુનો નોંધાયો છે. રાજકોટના માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં સુરેશ પરમાર નામના કારખાનેદારે પી ટી જાડેજા પાસેથી ૬૦ લાખ રૂપિયા ૩ ટકા વ્યાજે લીધા હતા. કારખાનામાં રૂપિયાની જરૂર હોવાને કારણે સુરેશ પરમારે તેના મિત્રનો સંપર્ક કર્યો હતો અને ૬૦ લાખ રૂપિયા વ્યાજે લીધાં હતા. સુરેશ પરમારે વ્યાજના રૂપિયાના જામીન પેટે તેના મકાનનો દસ્તાવેજ અને ૫ લાખના સાત ચેક આપ્યા હતા. સુરેશભાઇના દાવા પ્રમાણે તેઓએ વ્યાજે રૂપિયા લીધા હતા તેઓ નિયમીત વ્યાજ ભરતા હતા પરંતુ અંતે વ્યાજની રકમ ભરપાઇ ન કરી શકવાને કારણે તેઓએ રૂપિયા ભરપાઇ કરવાની તૈયારી દર્શાવી. સુરેશભાઇએ પી ટી જાડેજાને કુલ ૭૦ લાખ ૮૦ હજાર રૂપિયા આપી દીધા હોવા છતા તેમણે રૂપિયાની માંગણી ચાલુ રાખી હતી. એટલું જ નહિ જ્યાં સુધી રૂપિયા ન આપે ત્યાં સુધી મકાનનો દસ્તાવેજ અને ચેક પર પરત આપવાની ના પાડી હતી. જો સુરેશભાઇ પી ટી જાડેજા પાસે દસ્તાવેજની માંગણી કરે તો ગાળો આપીને જીંદગી બગાડી નાખવાની ધમકી આપી હતી. પી ટી જાડેજાથી ત્રસ્ત સુરેશ પરમારે પોલીસને જાણ કરી હતી આ અંગે રાજકોટ પશ્ચિમ ઝોનના ડીસીપી જગદિશ બાંગરવાએ કહ્યું હતુ કે પોલીસે સુરેશ પરમારની ફરિયાદના આધારે આઇપીસી કલમ ૩૮૪,૫૦૪,૫૦૬ તથા મનીલોન્ડિંગ એક્ટ કલમ ૪૦, ૪૨ અંતર્ગત ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સુરતમાં એટીએમમાંથી પૈસા ઉપાડી ઘરે જતા યુવાનનું અકસ્માતમાં મોત

। (એજન્સી) સુરત, તા.૧ ।

સુરત શહેરના સચિન જીઆઈડીસી ખાતે એટીએમમાં પૈસા ઉપાડી કાકા સાથે પગપાળા જતાં ખાનગી કંપનીના ૩૩ વર્ષના કર્મીનું પિકઅપ વાન અડફેટે નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ બિહારના મુઝફ્ફરના વતની ૩૩ વર્ષીય ઘનશ્યામભાઈ જિતેન્દ્રભાઈ શાહી હાલમાં શહેરના સચિન જીઆઈડીસી ખાતે તિરૂપતિ બાલાજીમાં પરિવાર સાથે રહેતા હતા. અને સચિનની જ ખાનગી કંપનીમાં કામ કરતાં હતા. ઘનશ્યામભાઈ ગઈ તારીખ ૨૪મીના રોજ કાકા મનીષભાઈ સાથે એટીએમ સેન્ટરમાં પૈસા ઉપાડવા ગયા હતા. બાદમાં બંને પગપાળા પરત ફરતા હતા. દરમિયાન ઘર નજીક બ્રિજ પાસે પુરપાટ આવેલા પિકઅપ વાને ઘનશ્યામભાઈને અડફેટમાં લેતા ગંભીર ઈજા પહોંચી હતી.

**વિશેષ** ગૂજરાત વિદ્યાપીઠ અને 'શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ, નવી દિલ્હી'ના સંયુક્ત ઉપક્રમે 'જ્ઞાનકુંભ-૨૦૨૪' દ્વિદિવસીય જ્ઞાનગોષ્ઠીનું આયોજન

# ભારતની વર્તમાન અને આવનારી પેઢી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને નવી શિક્ષણ નીતિના અમલ બદલ કાયમ યાદ રાખશે : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી

। (માહિતી) અમદાવાદ ।

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું છે કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦માં માતૃભાષામાં શિક્ષણ, સ્વાવલંબન માટેનું શિક્ષણ, સ્વરોજગાર અને સ્ટાર્ટઅપ માટેનું પ્રશિક્ષણ, વોકેશનલ પ્રોગ્રામ્સ અને ભારતીય મૂલ્યોના સમન્વય અને સંસ્કાર સિંચનનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. ભારતની વર્તમાન અને આવનારી પેઢી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને નવી શિક્ષણ નીતિના અમલ બદલ કાયમ યાદ રાખશે. શિક્ષણનું લક્ષ્ય જીવનનો સર્વાંગી વિકાસ છે, વ્યક્તિત્વને પૂર્ણ નિખારવું, માતા-પિતા, સમાજ અને રાષ્ટ્ર પ્રત્યે જવાબદાર નાગરિક તૈયાર કરવો તે પણ શિક્ષણનું લક્ષ્ય છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

ગૂજરાત વિદ્યાપીઠ અને શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ, નવી દિલ્હીના સંયુક્ત ઉપક્રમે ગૂજરાત વિદ્યાપીઠ પરિસરમાં આયોજિત 'જ્ઞાનકુંભ-૨૦૨૪'ના શુભારંભ પ્રસંગે રાજ્યપાલશ્રીએ શિક્ષણવિદો અને પ્રાધ્યાપકોને સંબોધન કરતાં વધુમાં જણાવ્યું કે, પરા અને અપરા વિદ્યા એટલે કે ભૌતિક અને પારલૌકીક વિદ્યા, બંને પ્રકારનું શિક્ષણ પ્રાપ્ત કરવાનો મહિમા વેદોમાં ગવાયો છે. શિક્ષણ માનવીને વિમુક્ત કરે છે. ભૌતિક, દૈવિક અને આધ્યાત્મિક દુઃખોથી મુક્ત કરે તે સાચું શિક્ષણ છે. રાજ્યપાલશ્રીએ ભારતની પ્રાચીનતમ



ગુરુકુળ પરંપરાના ઈતિહાસની વિસ્તૃત છણાવટ કરી હતી. તેમણે જણાવ્યું કે, એક સમયે ભારતમાં કોઈ પણ વ્યક્તિ અભણ કે અશિક્ષિત ન હતો, તેનું કારણ તત્કાલીન ગુરુકુળ પરંપરા હતી. મુઘલો અને આક્રાંતાઓએ આવીને ભારતની શિક્ષણ પ્રણાલીને નષ્ટ કરવાનો પ્રયાસ કર્યો. ભારતીય મહાવિદ્યાલયોના પુસ્તકાલયો અને વિદ્યાપીઠોને સળગાવ્યા. અંગ્રેજોએ આવીને ભારતની ગુરુકુળ શિક્ષણ પ્રણાલી ઉપર કુઠારાઘાત કર્યો. પરિણામે ગુરુકુળ શિક્ષણ પરંપરા વિસરાતી ગઈ.

તેમણે કહ્યું કે, ગુરુકુળ વિદ્યાર્થીને પ્રકૃતિ અને પર્યાવરણના સાંનિધ્યમાં રાખીને શિક્ષણ આપે છે. ગુરુકુળનો વિદ્યાર્થી નદી, પહાડ, વૃક્ષો, વનસ્પતિ જેવા પ્રાકૃતિક તત્વોનું મહત્વ સમજે છે. આથી વિદ્યાર્થીઓને પર્યાવરણ બચાવવાના પાઠ અલગથી ભણાવવા પડતા નથી. રાજ્યપાલશ્રીએ ગુરુશિષ્ય પરંપરા અને શિક્ષકોનું મહત્વ સમજાવતાં કહ્યું કે, ભારતના પ્રાચીનતમ પુસ્તકાલયો, વિદ્યાપીઠો નષ્ટ થવા છતાં ભારતીય જ્ઞાન-વિજ્ઞાનને ગુરુજનોએ સંરક્ષિત કર્યું, સંવર્ધિત કર્યું. ગુરુકુળ પરંપરાએ ભારતની શિક્ષણ પ્રણાલીને બચાવી રાખી છે. ભારતમાં આવી ગુરુકુળ પરંપરાને પુનઃ જીવંત કરવામાં દીનાનાથ બત્રા જેવા શિક્ષાવિદોના યોગદાનનો ઉલ્લેખ રાજ્યપાલશ્રીએ કર્યો હતો. દીનાનાથ બત્રાજી સાથેના પોતાના સંસ્મરણોને પણ રાજ્યપાલશ્રીએ આ પ્રસંગે યાદ કર્યા હતા. શિક્ષણ વ્યવસ્થામાં ભારતીય મૂલ્ય-સંસ્કારોને અનન્ય સ્થાન અપાવવા માટે કાર્ય કરવા બદલ તેમજ નવી શિક્ષણનીતિ તૈયાર કરવામાં અતુલ્ય યોગદાન આપવા બદલ શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસની પ્રશંસા રાજ્યપાલશ્રીએ કરી હતી. ગુજરાતના પૂર્વ શિક્ષણ મંત્રી અને ગૂજરાત વિદ્યાપીઠ મંડળના ટ્રસ્ટીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ વિકસિત ભારતના નિર્માણ માટે ભારતીય મૂલ્યોને સમર્પિત એવી આધુનિક શિક્ષણ પ્રણાલી અને શિક્ષણનીતિનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે માનવીના સર્વાંગીણ વિકાસ અને ચારિત્ર ઘડતર તથા રાષ્ટ્ર નિર્માણમાં શિક્ષણની ભૂમિકા સમજાવી હતી.

શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ, નવી દિલ્હીના રાષ્ટ્રીય સચિવ શ્રી અતુલભાઈ કોઠારીએ કહ્યું કે, દેશ બદલવા માટે શિક્ષણ પ્રણાલી બદલવી પડે. શિક્ષણ વ્યવસ્થા અને અભ્યાસક્રમોમાં વિસંગતિ વિકૃતિને દૂર કરવાનો પ્રયાસ શિક્ષણવિદોએ કરવો જોઈએ, પાઠ્યક્રમમાં માત્ર ભૂલ કાઢવાની કામગીરી નહીં પરંતુ વિદ્યાર્થીઓના સર્વાંગી શિક્ષણ માટે રચનાત્મક ઉકેલ અને સૂચન આપવાની કામગીરી કરવાની આવશ્યકતા છે. શ્રી કોઠારીએ શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસના શિક્ષણ પરિવર્તનના પ્રયાસ તેમજ 'શિક્ષા બચાવો આંદોલન'ની પૃષ્ઠભૂમિ જણાવવી હતી આ ઉપરાંત ભારતભરમાં જ્ઞાનકુંભ અને મહાજ્ઞાન કુંભના આયોજનનો ચીતાર પણ તેમણે આપ્યો હતો.

ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ શ્રી ડૉ. હર્ષદ પટેલે ગાંધીજી દ્વારા વિદ્યાપીઠની સ્થાપનાની ભૂમિકા આપી હતી. તેમણે કહ્યું કે, વિદ્યાપીઠમાં કલામંદિર, પુરાતત્વ મંદિર, સહિત કુલ ૧૦ જેટલા મંદિર - શિક્ષણભવન આવેલા છે જેના મૂળમાં ભારતીય ગુરુકુળ પરંપરા છે. ગાંધીજી દ્વારા પ્રેરિત વિદ્યાપીઠની શિક્ષણ પ્રણાલીમાં ભારતીય શિક્ષણ પરંપરાઓનું પ્રતિબિંબ સ્પષ્ટ દેખાય છે. વિદ્યાપીઠનું લક્ષ્ય આત્મનિર્ભર અને વિકસિત ભારતના નિર્માણ માટે રાષ્ટ્રને સમર્પિત નાગરિક તૈયાર કરવાનું છે. જ્ઞાનકુંભ અંતર્ગત યોજાયેલી અખિલ ભારતીય પ્રશ્નોત્તરી સ્પર્ધામાં વિજેતાઓને રાજ્યપાલશ્રી સહિત મંચસ્થ મહાનુભાવોએ પારિતોષિક આપી બિરદાવ્યા હતા. આ પ્રસંગે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશ જહા, પ્રયાગરાજ જ્ઞાનમહાકુંભના સંયોજક શ્રી સંજય સ્વામી, જ્ઞાન કુંભ - કર્ણાવતી શહેર સંયોજક ડૉ. જયેન્દ્રસિંહ જાદવ, ગૂજરાત વિદ્યાપીઠના કુલસચિવ ડૉ. નિખિલ ભટ્ટ, શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ, ગુજરાત પ્રાંત સંયોજક ડૉ. હરેશભાઈ બારોટ, દેશની વિભિન્ન યુનિવર્સિટીઓમાંથી આવેલા પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યુઝ બોક્ષ

### એક જ દિવસમાં ૫ લાખથી વધુ લોકોએ કરી હવાઈ મુસાફરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

ઘરેલુ હવાઈ મુસાફરોની સંખ્યા ૧૭ નવેમ્બરને રવિવારે એક દિવસમાં પ્રથમ વખત પાંચ લાખના આંકને વટાવી ગઈ છે, જે એક નવો રેકોર્ડ છે. આ તહેવારો અને લગ્નની ઉજવણી વચ્ચે મુસાફરીની મજબૂત માંગ છે. ત્યારે એક જ દિવસમાં ૫ લાખથી વધુ લોકોએ હવાઈ મુસાફરી કરી રેકોર્ડ બનાવ્યો થે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે સોમવારે સાંજે **'X'** પર પોસ્ટ કર્યું હતું કે ભારતીય ઉડ્ડયન ક્ષેત્રે ૧૭ નવેમ્બરના રોજ ઐતિહાસિક સીમાચિહ્નરૂપ પાર કર્યું હતું, જ્યારે એક જ દિવસમાં ૫,૦૫,૪૧૨ સ્થાનિક મુસાફરોએ પ્રસ્થાન કર્યું હતું. મંત્રાલયના ડેટા અનુસાર, એરલાઈન કંપનીઓએ રવિવારે (૧૭ નવેમ્બર) ૩,૧૭૩ ફ્લાઈટ્સનું સંચાલન કર્યું હતું અને આ ફ્લાઈટ્સ દ્વારા ૫,૦૫,૪૧૨ મુસાફરોએ મુસાફરી કરી હતી. આ પહેલીવાર છે જ્યારે એક જ દિવસમાં સ્થાનિક હવાઈ મુસાફરોની સંખ્યા પાંચ લાખને પાર કરી ગઈ છે. નાગરિક ઉડ્ડયન મંત્રી કે રામમોહન નાયડુએ કહ્યું કે આ આંકડા દર્શાવે છે કે હવાઈ મુસાફરી હવે વધુ લોકોની પહોંચમાં છે. તેમણે કહ્યું કે ઉડે દેશ કા આમ નાગરિક (ઉડાન) જેવી યોજનાઓને કારણે આ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. પ્રાદેશિક હવાઈ જોડાણ યોજના **UDAN** ઓક્ટોબર ૨૦૧૬ માં શરૂ કરવામાં આવી હતી.

### પૈસા ગણવા ૩૬ મશીન-ટ્રક બોલાવી પડી, ૧૦ દિવસ ચાલી કાર્યવાહી

। (એજન્સી) ઓડિશા, તા.૧ ।

ભારતના ઈતિહાસમાં અત્યાર સુધીની સૌથી મોટો ઈક્મ ટેક્સ રેડ ઓડિશામાં હાથ ધરવામાં આવી હતી, જે ૧૦ દિવસ સુધી ચાલી હતી. આ રેડમાં આવકવેરા અધિકારીઓએ દારૂ બનાવતી કંપની બૌધ ડિસ્ટિલરીઝ પ્રાઈવેટ લિમિટેડના અનેક વિભાગો પર રેડ પાડી હતી. જેમાં ૩૫૨ કરોડ રૂપિયાની જંગી બેનામી રકમ મળી આવી હતી. માહિતી પ્રમાણે આ રેડ ખાસ કરીને તેના કદ અને જટિલતાને કારણે સમાચારમાં ખૂબ જ ચર્ચામાં હતી. તેમજ ઈક્મ ટેક્સ વિભાગનું અત્યાર સુધીનું સૌથી મોટું ઑપરેશન માનવામાં આવે છે. આ રેડ દરમિયાન ઈક્મ ટેક્સ વિભાગે જમીનની નીચે દટાયેલી કિંમતી ચીજવસ્તુઓને ઓળખવા માટે સ્કેનિંગ વ્હિલવાળા મશીનનો ઉપયોગ જ ન કર્યો, પરંતુ આ કામગીરી માટે ૩૬ નવા મશીનોની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેથી કરીને નોટોની ગણતરી કરી શકાય. આટલી મોટી રકમ મળ્યા બાદ આવકવેરા વિભાગે વિવિધ બેંકોના કર્મચારીઓને મદદ માટે બોલાવ્યા હતા.

### પાકિસ્તાને આતંકવાદીઓ ઉપર કરી એરસ્ટ્રાઈક

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧ ।

પાકિસ્તાનની સેના આતંકવાદીઓ વિરુદ્ધ ઓપરેશન ચલાવી રહી છે. છેલ્લા થોડા દિવસોથી સેનાએ આતંકવાદીઓ વિરુદ્ધ ઓપરેશન ચલાવ્યું છે. પાકિસ્તાને આતંકવાદીઓ પર એરસ્ટ્રાઈક કરી છે. તાજેતરના મામલે પાકિસ્તાની સુરક્ષા દળોએ શુક્રવારે ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં અલગ-અલગ ઓપરેશનમાં આતંકવાદીઓના ઠેકાણા પર હેલિકોપ્ટરથી હુનલો કર્યો હતો. આ દરમિયાન સેનાએ ૧૭ આતંકવાદીઓને ઠાર કર્યા હોવાનો દાવો કર્યો છે. સેનાના સૂત્રોએ જણાવ્યું કે, ગુપ્ત માહિતીના આધારે બન્નુ અને ઉત્તર વજીરિસ્તાન જિલ્લામાં આ ઓપરેશનને અંજામ આપવામાં આવ્યો હતો. સુરક્ષા દળોએ બન્નુ જિલ્લાના બાકા ખેલ વિસ્તારમાં હાફિઝ ગુલબહાદુર જૂથ સાથે જોડાયેલા આતંકવાદીઓના ઠેકાણા પર હેલિકોપ્ટરથી હુમલો કરીને ૧૨ આતંકવાદીઓને ઠાર કર્યા હતા. બીજું ઓપરેશનને ઉત્તર વજીરિસ્તાનના મીર અલીના હાસો ખેલ વિસ્તારમાં અંજામ આપવામાં આવ્યો હતો, જેમાં પાંચ આતંકવાદીઓ ઠાર કર્યા છે. પાકિસ્તાની સેનાએ આતંકીઓ પાસેથી મોટી માત્રામાં હથિયારો અને દારૂગોળો જપ્ત કર્યો છે. સેનાના સૂત્રોએ જણાવ્યું કે, આતંકીઓ પાસેથી મોટી માત્રામાં હથિયારો અને દારૂગોળો જપ્ત કરવામાં આવ્યો છે. સુરક્ષા દળોએ ઠાર કરેલા આતંકવાદીઓની તસવીરો પણ જાહેર કરી છે. સુરક્ષા દળોની મદદ માટે વધારાના જવાનો રવાના કરવામાં આવ્યા છે અને ઓપરેશન ચાલુ છે. તમને જણાવી દઈએ કે, પાકિસ્તાન છેલ્લા ઘણા અઠવાડિયાથી આતંકવાદીઓ વિરુદ્ધ ઓરપેશન ચલાવી રહ્યું છે.

### મોદીએ સ્વતંત્ર પેલેસ્ટાઇનને આપ્યું સમર્થન

# પત્ર લખી હમાસ-ઈઝરાયલ યુદ્ધનો ઉકેલ લાવવા માટે મોદીની અપીલ

## નવી દિલ્હીમાં પેલેસ્ટિનિયન એમ્બેસીએ પીએમ મોદીના આ નિવેદનનો સ્વીકાર કરતાં આભાર વ્યક્ત કર્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈન્ટરનેશનલ ડે ઓફ સોલિડરિટી વીથ પેલેસ્ટાઈન પીપલની ઉજવણીના ભાગરૂપે પેલેસ્ટાઈનના લોકોના વિકાસ માટે ભારતના સતત સમર્થનનો પુનરોચ્ચાર કરતો સંદેશ પાઠવ્યો હતો. તદુપરાંત તેમણે પેલેસ્ટાઈનમાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે સુરક્ષા અને માનવતાવાદી સ્થિતિ અંગે ચિંતા પણ વ્યક્ત કરતાં તાત્કાલિક ધોરણે યુદ્ધવિરામ, બંધકોને મુક્ત કરવા અને આતંકવાદી પ્રવૃત્તિઓનો અંત લાવવાની પણ માંગ કરી હતી.



આ અવસર પર વડાપ્રધાન તરફથી પેલેસ્ટિનિયન લોકોને એક પત્ર લખવામાં આવ્યો છે. જેમાં હમાસ અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલાં યુદ્ધનો ઉલ્લેખ અને તેનો અંત લાવવા અપીલ કરાઈ છે. નવી દિલ્હીમાં પેલેસ્ટિનિયન એમ્બેસીએ પીએમ મોદીના આ નિવેદનનો સ્વીકાર કરતાં આભાર વ્યક્ત કર્યો હતો.

પેલેસ્ટાઈનમાં હમાસ અને ઈઝરાયલ વચ્ચે ઘણા સમયથી સંઘર્ષ ચાલી રહ્યો છે. જેમાં હજારો લોકોના મોત થયા છે. આનાથી સમગ્ર વિશ્વને ઘણા પ્રકારનું નુકસાન થયું છે. આ મુદ્દે વડાપ્રધાને લખ્યું કે, ભારત વર્તમાન સુરક્ષા અને માનવીય સ્થિતિ અંગે અત્યંત ચિંતિત છે. ભારતને વિશ્વાસ છે કે, વાતચીત અને રાજદ્વારી માધ્યમો શાંતિપૂર્ણ સમાધાનની ચાવી છે. અમે વાતચીત દ્વારા બંને દેશોને સમાધાન લાવવા સમર્થન આપીએ છીએ. જેથી કરીને એક સાર્વભૌમ, સ્વતંત્ર અને વ્યવહારુ પેલેસ્ટાઈન રાજ્યની સ્થાપના થઈ શકે અને ઈઝરાયલ સાથે શાંતિથી રહી શકે. ભારત 'મજબૂત વિકાસ ભાગીદાર' તરીકે સમર્થન આપવા માટે પ્રતિબદ્ધ છે. ભારત આ પ્રવાસમાં પેલેસ્ટાઈનના લોકોની સાથે રહેશે, જેમાં તેમની જરૂરિયાતો અને પ્રાથમિકતાઓના આધારે વિવિધ ક્ષેત્રોમાં પ્રોજેક્ટ્સની કામગીરી ચાલુ રાખવાની ખાતરી પણ દર્શાવાઈ છે.

પીએમ મોદીના આ પત્ર પર નવી દિલ્હીમાં પેલેસ્ટાઈન દૂતાવાસના ઈન્ચાર્જ અબેદ અલરાજેઝ અબુ જાઝરે પણ પ્રતિક્રિયા આપી હતી કે, અમે ભારતના વડા પ્રધાનના સંદેશને આવકારીએ છીએ અને તેમની પ્રશંસા કરીએ છીએ. આ સંદેશમાં મહત્વની બાબતો હતી. જેમાં રાજદ્વારી અને રાજનૈતિક માધ્યમો દ્વારા સક્ષમ પેલેસ્ટિનિયન રાજ્ય અને દ્વિ-રાજ્ય સમાધાન માટે ભારતના સમર્થનની ખાતરી આપવામાં આવી હતી.

### કેસમાં આગામી સુનાવણી ૨૪ ફેબ્રુઆરીએ થશે

# કેનેડાએ ખાલિસ્તાની આતંકવાદી અર્શ ડલ્લાને કોર્ટે આપી દીધા જામીન

## થોડા દિવસ પહેલા ધરપકડ કરાયેલા ખાલિસ્તાની આતંકી અર્શ ડલ્લાને 30 હજાર ડોલરના બોન્ડ પર જામીન આપ્યા

। (એજન્સી) ઓટાવા, તા.૧ ।

ખાલિસ્તાની આતંકવાદીઓ પ્રત્યે કેનેડાનો ઝુકાવ એ કોઈ નવી વાત નથી. ભારત ખાલિસ્તાન પ્રત્યેના તેમના પ્રેમ અંગે કેનેડાની સરકારને સમયાંતરે ચેતવણી પણ આપતું રહ્યું છે. પરંતુ તેમ છતાં તેના વર્તનમાં કોઈ દેખીતો ફેરફાર નજર નથી આવી રહ્યો. હવે તાજેતરનો મામલો ખાલિસ્તાની આતંકવાદી અર્શ ડલ્લાને જામીન આપવાનો છે. કેનેડાની એક કોર્ટે થોડા દિવસ પહેલા ધરપકડ કરવામાં આવેલા ખાલિસ્તાની આતંકી અર્શ ડલ્લાને ૩૦ હજાર ડૉલરના બૉન્ડ પર જામીન આપી દીધા છે.

હવે આ કેસમાં આગામી સુનાવણી ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ થશે. ખાલિસ્તાન ટાઈગર ફોર્સનું કમાન સંભાળી રહેલા અર્શ ડલ્લાની થોડા



સમય પહેલા કેનેડા પોલીસે ધરપકડ કરી હતી. પોલીસને તેની પાસેથી ઘણા હાઈટેક હથિયારો પણ મળી આવ્યા હતા. સૂત્રો પાસેથી મળેલી માહિતી પ્રમાણે અર્શ ડલ્લા પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી **ISI** સાથે સીધા સંપર્કમાં રહ્યો છે. કેનેડામાં ૨૮ ઓક્ટોબરના રોજ રાત્રે ખાલિસ્તાની આતંકવાદી અર્શ ડલ્લાને લાગી હતી. અર્શ ડલ્લા તેના સાથી ગુરજંત સિંહ સાથે કારમાં સવાર થઈને હેલ્ટન વિસ્તારમાંથી પસાર થઈ રહ્યો હતો. આ દરમિયાન કારમાં રાખેલા હથિયારમાંથી અકસ્માતે ફાયરિંગ થઈ ગયું હતું. ગોળી ડલ્લાના જમણા હાથમાં લાગી હતી. ત્યારબાદ ડલ્લા અને ગુરજંત સિંહને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તેની ધરપકડ કરી લેવામાં આવી હતી. તે સમયે ડલ્લાએ પોલીસને તેના પર થયેલા હુમલાની એક નકલી સ્ટોરી કહી હતી. પોલીસે તપાસમાં અનેક ખુલાસા કર્યા છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ કેનેડા પોલીસે અર્શ ડલ્લાની કારની તલાશી લીધી હતી. ત્યારબાદ રૂટ પણ ચેક કર્યો હતો. કેનેડિયન પોલીસને ખબર પડી કે અર્શ ડલ્લાની કાર રસ્તામાં એક ઘરની બહાર થોડીવાર માટે રોકાઈ હતી.

# કુંભ મેળા ૨૦૨૫માં ૪૦ કરોડ શ્રદ્ધાળુઓ આવશે તેવો અંદાજ

## રેલવે કુંભ મેળા માટે ૧,૨૨૫ વિશેષ ટ્રેનો ચલાવશે, જેમાંથી ૮૨૫ નાના રૂટ માટે છે, ૪૦૦ લાંબા અંતરની રિઝર્વ ટ્રેનો છે

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૧ ।

ભારતીય રેલવેએ આવતા વર્ષે કુંભ મેળાની તૈયારી માટે સંપૂર્ણ યોજના તૈયાર કરી લીધી છે. રેલવેના જણાવ્યા અનુસાર ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં આવતા વર્ષે થનારા મહા કુંભ મેળામાં અંદાજિત ૪૦ કરોડ શ્રદ્ધાળુઓ આવશે. આ કાર્યક્રમ ૧૩ જાન્યુઆરીથી ૨૬ ફેબ્રુઆરી દરમિયાન યોજાશે. આ માટે ૧૪૦ નિયમિત ટ્રેનો સિવાય રેલવે સ્નાનના છ મુખ્ય ધાર્મિક દિવસો દરમિયાન ૧,૨૨૫ વિશેષ ટ્રેનો દોડાવશે.

રેલવેના જણાવ્યા અનુસાર અયોધ્યા અને કાશીની મુલાકાત લેવા ઈચ્છતા તીર્થયાત્રીઓની સુવિધા માટે રેલવેએ પ્રયાગરાજ, પ્રયાગ, અયોધ્યા, વારાણસી, રામબાગ વગેરે જેવા મોટા સ્ટેશનો પર સ્ટોપેજ સાથે ફાસ્ટ રીંગ મેમુ સેવા ચલાવવાની યોજના બનાવી છે. ચિત્રકૂટની મુલાકાત લેવા ઈચ્છતા યાત્રાળુઓ માટે બીજી રીંગ રેલ સેવાનું આયોજન કરવામાં આવ્યું છે. જે ઝાંસી, બાંદા, ચિત્રકૂટ, માણિકપુર, પ્રયાગરાજ, ફતેહપુર, ગોવિંદપુરી અને ઉરઈને આવરી લેશે.

નાના અને લાંબા રૂટ પર કેટલી ટ્રેનો? : આ ૧,૨૨૫ વિશેષ ટ્રેનોમાંથી ૮૨૫ નાના રૂટ માટે છે, જ્યારે ૪૦૦ લાંબા અંતરની રિઝર્વ ટ્રેનો છે. રેલ્વે અનુસાર, આ અર્ધ કુંભ ૨૦૧૯ દરમિયાન દોડતી ટ્રેનોની સંખ્યા કરતાં લગભગ ૧૭૭ ટકા વધુ છે, જ્યારે ૫૩૩ ટૂંકા અંતર અને ૧૬૧ લાંબા અંતરની રિઝર્વ ટ્રેનો દોડાવવામાં આવી હતી. રેલ્વેએ યાત્રાળુઓની મદદ માટે ટોલ ફ્રી નંબર – ૧૮૦૦-૪૧૯૯-૧૩૯ – શરૂ કર્યો છે. કુંભ ૨૦૨૫ મોબાઈલ એપ પણ વિકસાવવામાં આવી રહી છે. તેને **24×7** કોલ સેન્ટર દ્વારા સપોર્ટ કરવામાં આવશે.

રેલવે ૯૦૦ કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કરી રહી છે : પ્રવક્તાએ જણાવ્યું હતું કે રેલવે રૂપિયા ૯૩૩.૬૨ કરોડના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ અમલમાં મૂકી રહી છે. જેમાં મુસાફરોની સુવિધાઓ વધારવા માટે રૂપિયા ૪૯૪.૯૦ કરોડ અને રોડ ઓવરબ્રિજ અને અંડરબ્રિજના નિર્માણ માટે રૂપિયા ૪૩૮.૭૨ કરોડનો સમાવેશ થાય છે. નવી સ્ટેશન બિલ્ડિંગ અને સીસીટીવી સિસ્ટમ સહિત ૭૯ મુસાફરોની સુવિધાઓ પર કામ ચાલી રહ્યું છે.




નવી દિલ્હીના રામલીલા મેદાન ખાતે બંધારણના બચાવ માટે પક્ષની જાહેર સભા દરમિયાન કોંગ્રેસના સમર્થકો.

# સંભલ મસ્જિદમાં મોટાપાયે ગેરકાયદે બાંધકામથી મૂળ સ્વરૂપ બદલાઈ ગયું

। (એજન્સી) સંભલ, તા.૧ ।

ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ **(ASI)**એ કોર્ટમાં રજૂ કરેલા સોગંદનામામાં ચોંકાવનારા ખુલાસા કર્યા છે. જેમાં જણાવાયું છે કે, સંભલ જામા મસ્જિદમાં તેમને પ્રવેશ આપવામાં આવ્યો ન હતો. ૧૯૨૦થી આ મસ્જિદના સંરક્ષણ અને જાળવણીની જવાબદારી અમારી પાસે છે. પરંતુ લાંબા સમયથી અમારી ટીમને મસ્જિદમાં દાખલ થતી અટકાવવામાં આવી છે. જેથી તેના હાલના બાંધકામની જાણકારી અમારી પાસે નથી.

**ASI**એ જણાવ્યા પ્રમાણે, તેમની ટીમ સમયાંતરે આ પૌરાણિક મસ્જિદની જાળવણી અને સરવે માટે ગઈ છે. પરંતુ ત્યાંના સ્થાનિકોએ હંમેશા વિરોધ કર્યો અને અમને અંદર જતાં અટકાવ્યા હતા. **ASI**ની ટીમ ૧૯૯૮માં મસ્જિદની અંદર ચકાસણી માટે ગઈ હતી. તે સમયે અંદરની તરફ કોઈ ગેરકાયદે બાંધકામ થયા ન હતાં. છેલ્લે આ વર્ષે જૂનમાં **ASI**ના અધિકારીઓની ટીમ સ્થાનિક પોલીસના સહયોગની મદદથી મસ્જિદની અંદર જઈ શકી હતી. **ASI**એ આ વર્ષે જૂનની મુલાકાતમાં મસ્જિદની ઈમારતની અંદર વધારાનું બાંધકામ જોયુ હતું.

### સેવા ક્ષેત્રે વૃદ્ધિમાં તેજી જોવા મળી : રિપોર્ટ

# નવેમ્બરમાં ભારતની વ્યાપાર પ્રવૃત્તિ 3 મહિનાની સૌથી ઊંચી સપાટીએ

## ઉત્પાદન ક્ષેત્રે ઓક્ટોબરના અંતિમ PMI રીડિંગમાં થોડી મંદી હોવા છતાં અપેક્ષાઓ કરતાં વધુ સારો દેખાવ કર્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

**HSBC**ના સર્વે મુજબ નવેમ્બરમાં ભારતની વ્યાપાર પ્રવૃત્તિ ત્રણ મહિનાની ટોચે પહોંચી છે. સેવા ક્ષેત્રમાં મજબૂત વૃદ્ધિ અને રેકોર્ડ રોજગાર સર્જનને કારણે આ શક્ય બન્યું છે.

**HSBC** ઈન્ડિયાના ચીફ ઈકોનોમિસ્ટ પ્રાંજુલ ભંડારીએ જણાવ્યું હતું કે, ''સેવા ક્ષેત્રે વૃદ્ધિમાં તેજી જોવા મળી હતી, જ્યારે ઉત્પાદન ક્ષેત્રે ઓક્ટોબરના અંતિમ **PMI** (પર્ચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ) રીડિંગમાં થોડી મંદી હોવા છતાં અપેક્ષાઓ કરતાં વધુ સારો દેખાવ કર્યો હતો.'' એસએન્ડપી ગ્લોબલ દ્વારા સંકલિત એચએસબીસીનો ફ્લેશ ઈન્ડિયા કમ્પોઝિટ પરચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ નવેમ્બરમાં વધીને ૫૯.૫ થયો હતો જે ઓક્ટોબરમાં ૫૯.૧ હતો. આ દર્શાવે છે કે ભારતની આર્થિક પ્રવૃત્તિ સતત વિસ્તરી રહી છે. આ ૫૦-સ્તર વૃદ્ધિને સંકોચનથી અલગ કરે છે. સર્વિસ સેક્ટરનો **PMI** નવેમ્બરમાં ૫૮.૫ થી વધીને ૫૯.૨ થયો હતો, જે ઓગસ્ટ પછીનો સૌથી ઊંચો સ્તર છે. મેન્યુફેક્ચરિંગ સેક્ટરે પણ મહિના દરમિયાન વિસ્તરણ નોંધ્યું હતું, પરંતુ વૃદ્ધિની ગતિ થોડી ધીમી પડી હતી કારણ કે ઈન્ડેક્સ ૫૭.૫ થી ઘટીને ૫૭.૩ થયો હતો. સેવા ઉદ્યોગમાં ઊંચા વેચાણને કારણે એકંદર સ્થાનિક માંગમાં વધારો થયો, જે ઉત્પાદનમાં ધીમી વૃદ્ધિને સરભર કરે છે. જો કે, મહિના દરમિયાન દેશની નિકાસની માંગમાં વધારો થયો હતો અને સેવાઓ માટેની વિદેશી માંગ ચાર મહિનાની ઊંચી સપાટીએ પહોંચી હતી.

આનાથી આગામી વર્ષ માટે બિઝનેસ આઉટલૂકમાં પણ સુધારો થયો, એકંદરે આશાવાદ મે મહિનામાં સર્વોચ્ચ સ્તરે પહોંચ્યો, જેના કારણે કંપનીઓ દ્વારા હાયરિંગમાં વધારો થયો. ડિસેમ્બર ૨૦૦૫માં સર્વે શરૂ થયો ત્યારથી રોજગાર સર્જન સૌથી ઝડપી ગતિએ વધી રહ્યું છે. રિપોર્ટ અનુસાર, ડિસેમ્બર ૨૦૦૫માં સર્વેક્ષણ શરૂ થયા બાદ રોજગાર સર્જન સૌથી ઝડપી ગતિએ વધ્યું છે, જે આર્થિક સ્વાસ્થ્ય અને ઉપભોક્તા ખર્ચ કરવાની શક્તિનું સકારાત્મક સૂચક છે. જો કે, વધતી જતી ફુગાવાએ કેટલીક ચિંતાનું કારણ આપ્યું છે. ભંડારીએ જણાવ્યું હતું કે, ''ઉત્પાદકો દ્વારા ઉપયોગમાં લેવાતા કાચા માલના તેમજ સેવા ક્ષેત્રે ખાદ્યપદાર્થો અને વેતન ખર્ચમાં ભાવ દબાણ વધી રહ્યું છે.''

નવેમ્બરના આરબીઆઈના બુલેટિનમાં એમ પણ જણાવ્યું હતું કે ભારતની નિકાસ માટેનો દ્રષ્ટિકોણ ઉજ્જ્વળ છે કારણ કે દેશ ચાવીરૂપ ઉત્પાદન માલના વૈશ્વિક વેપારમાં હિસ્સો મેળવવાનું ચાલુ રાખે છે. ભારત હાલમાં પેટ્રોલિયમ ઉત્પાદનોમાં વૈશ્વિક બજારનો ૧૩ ટકા અથવા છઠ્ઠો હિસ્સો ધરાવે છે, જે તેની વધતી જતી રિફાઈનિંગ ક્ષમતાઓ અને આંતરરાષ્ટ્રીય ધોરણોને પૂર્ણ કરવાની ક્ષમતાને પ્રમાણિત કરે છે. તે એ પણ દર્શાવે છે કે ખાનગી વપરાશ ફરીથી ઘરેલું માંગનું પ્રેરક બની ગયું છે.

### બાંગ્લાદેશનો ભારત પર આરોપ

# તમે લઘુમતીઓના સંરક્ષણની બાબતે બેવડા ધોરણો રાખો છો

। (એજન્સી) ઢાકા, તા.૧ ।

બાંગ્લાદેશમાં હિન્દુઓ અને અન્ય લઘુમતીઓ પર થઈ રહેલા અત્યાચારોએ આખી દુનિયાનું ધ્યાન ખેંચ્યું છે. ભારતે પણ આ વિષયમાં ચિંતા વ્યક્ત કરી છે. એવામાં ૨૯ નવેમ્બર, શુક્રવારના રોજ બાંગ્લાદેશે 'ભારત લઘુમતી સમુદાયોના રક્ષણ બાબતે 'બેવડા ધોરણો' અનુસરતું હોવાના' અને 'ભારતનું મીડિયા બાંગ્લાદેશ વિશે ખોટી માહિતી ફેલાવવાનું અભિયાન ચલાવતું હોવાના' આરોપ લગાવી દીધા હતા. બાંગ્લાદેશની વચગાળાની સરકારના કાયદા બાબતોના સલાહકાર આસિફ નઝરુલે એક ફેસબુક પોસ્ટમાં આરોપ લગાવતા લખ્યું હતું કે, 'બાંગ્લાદેશ માટે ભારત 'અયોગ્ય ચિંતા' કરી રહ્યું છે. ભારતમાં લઘુમતી મુસ્લિમ સમુદાય પર ક્રૂરતાની અસંખ્ય ઘટનાઓ બની રહી છે. પરંતુ એનો તેમને કોઈ પસ્તાવો કે શરમ નથી. ભારતનું આ બેવડું ધોરણ નિંદનીય અને વાંધાજનક છે. બાંગ્લાદેશની બહુમતી (૬૪.૧%) માને છે કે વચગાળાની સરકાર અગાઉની અવામી લીગ સરકારની તુલનામાં દેશના લઘુમતી સમુદાયોને વધુ સારી સુરક્ષા પ્રદાન કરવામાં સક્ષમ છે.' તાજેતરમાં બાંગ્લાદેશમાં 'બાંગ્લાદેશ સંમિલિત સનાતની જાગરણ જોટે'ના પ્રવક્તા અને હિંદુ નેતા ચિન્મય કૃષ્ણ દાસ સહિત ૧૯ લોકોની રાજદ્રોહના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. તેમના પર ચટ્ટોગ્રામના ન્યૂ માર્કેટ વિસ્તારમાં યોજાયેલી હિંદુ સમુદાયની રેલી દરમિયાન બાંગ્લાદેશના રાષ્ટ્રધ્વજનું અપમાન કરવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. દાસના જામીન પણ નકારી દેવામાં આવ્યા હતા અને તેમને જેલમાં ધકેલી દેવાયા હતા, જેના કારણે તેમના સમર્થકો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મુહમ્મદ યુનુસના પ્રેસ સેક્રેટરી શફીકુલ આલમે બાંગ્લાદેશના પત્રકારોને વિનંતી કરતા કહ્યું હતું કે, 'ભારતનું મીડિયા બાંગ્લાદેશનું 'સત્ય' છુપાવીને તેમને મનફાવે એમ 'ખોટી માહિતી' ફેલાવે છે. તમે એમનો સામનો કરીને આપણું સત્ય આપણી રીતે રજૂ કરો.' ભૂતપૂર્વ પત્રકાર એવા આલમે જણાવ્યું હતું કે, 'ઘણા બાંગ્લાદેશી પત્રકારોને હવે સમજાયું છે કે ભારતીય મીડિયા બાંગ્લાદેશ વિશે ખોટી માહિતી ફેલાવવાની ઝુંબેશ ચલાવી રહ્યું છે. તેમનો સામનો કરવાનો સમય આવી ગયો છે.' શફીકુલ આલમે જણાવ્યું હતું કે, 'અમુક લોકોને લાગે છે કે ભારતીયો સ્માર્ટ છે, એવા લોકોને જાણ થાય કે સ્માર્ટ લોકો (ભારતની) પૂર્વ સરહદે પણ રહે છે.

## તંત્રી લેખ...

# બાંગ્લાદેશમાં હિંદુઓ ઉપર અત્યાચાર યથાવત રીતે જારી

બાંગ્લાદેશમાં જ્યારથી બળવો થયો ત્યારથી હિંદુઓ પર અત્યાચાર ચાલી રહ્યો છે. તાજેતરમાં, ઈસ્કોનના ભૂતપૂર્વ સભ્ય સામે દેશદ્રોહનો કેસ નોંધવામાં આવ્યો હતો. ત્યારથી ચટ્ટોગામમાં વિરોધ પ્રદર્શન ચાલુ છે. ઈસ્કોનના મુખ્ય પૂજારી ચિન્મય કૃષ્ણ દાસની ધરપકડ બાદ ભારત અને દુનિયાભરમાં બાંગ્લાદેશમાં હિંદુઓ પર થતા અત્યાચારની ચર્ચા થવા લાગી છે. દરમિયાન સૂત્રોચ્ચાર કરતા ટોળાએ શુક્રવારે બાંગ્લાદેશના ચટ્ટોગામમાં ત્રણ હિન્દુ મંદિરોમાં તોડફોડ કરી હતી. ન્યૂઝ પોર્ટલ સમાચારમાં જણાવ્યું છે કે આ હુમલો બંદર શહેરના હરીશ ચંદ્ર મુનસેફ લેનમાં બપોરે ૨.૩૦ વાગ્યે થયો હતો. આ દરમિયાન હુમલાખોરોએ શાંતનેશ્વરી માતા મંદિર, શનિ મંદિર અને શાંતનેશ્વરી કાલીબારી મંદિરને નિશાન બનાવ્યા હતા. ન્યૂઝ પોર્ટલે મંદિરના અધિકારીઓને ટાંકીને જણાવ્યું હતું કે સૂત્રોચ્ચાર કરતા સેંકડો લોકોના જૂથે ઈંટો અને પથ્થરો ફેંક્યા હતા. જેના કારણે શનિ મંદિર અને અન્ય બે મંદિરોને નુકસાન થયું હતું. કોતવાલી પોલીસ સ્ટેશનના વડા અબ્દુલ કરીમે હુમલાની પુષ્ટિ કરી હતી અને કહ્યું હતું કે મંદિરો પર હુમલો કરનારા હુમલાખોરોએ મંદિરોને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે કહ્યું કે આ હુમલામાં મંદિરને બહુ ઓછું નુકસાન થયું છે. ઉલ્લેખનીય છે કે બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થયેલા હુમલાને લઈને ભારતમાં પણ રાજકીય ચર્ચા ચાલી રહી છે. શુક્રવારે રાજ્યસભાના સાંસદ રાઘવ ચઢ્ઢાએ રાજ્યસભામાં બાંગ્લાદેશ વિરુદ્ધ નિંદા પ્રસ્તાવ પસાર કરવાની માગણી સાથે પ્રસ્તાવ રજૂ કર્યો હતો. રાઘવ ચઢ્ઢાએ કહ્યું કે બાંગ્લાદેશમાં હિંદુ લઘુમતીઓ પર થતા અત્યાચાર અને હુમલાઓ પર ચર્ચા થવી જોઈએ. તાજેતરમાં, ઈસ્કોન સંત ચિન્મય દાસની ગેરકાયદેસર ધરપકડ પર ચર્ચાની માંગ કરવામાં આવી હતી. તેમણે કહ્યું, 'આના પર મેં આ માંગણીને આગળ વધારવાનો પ્રયાસ કર્યો, બાંગ્લાદેશ સરકાર સાથે સરકાર શું વાત કરી રહી છે, બાંગ્લાદેશમાં બળવાથી, હિન્દુઓને સુરક્ષિત રાખવા માટે શું પગલાં લેવામાં આવ્યા છે, સરકારે આ અંગે ગૃહમાં ચર્ચા કરવી જોઈએ. ઉપરાંત, સમગ્ર ગૃહે એક સાથે ચિન્મય દાસની ધરપકડની નિંદા કરતો પ્રસ્તાવ રજૂ કરવો જોઈએ.

## ચંદીગઢમાં બોમ્બ વિસ્ફોટ-વિદેશી ગેંગનો પ્રભાવઃ શું ભારતની સુરક્ષા મજબૂત છે?

વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૩ ડિસેમ્બરે ચંદીગઢની મુલાકાતે જવાના છે પણ એ પહેલાં મંગળવારે સવારે સેક્ટર-૨૬માં બે ક્લબની બહાર થયેલા બે બોમ્બવિસ્ફોટોના કારણે ખળભળાટ મચ્યો છે. સેવિલે બાર અને લાઉન્જ ક્લબ તથા ડી'ઓરા રેસ્ટોરન્ટની બહાર વહેલી સવારે થયેલા બ્લાસ્ટમાં સદભાગ્યે કોઈને જાનહાનિ થઈ નથી પણ વિસ્ફોટમાં સેવિલે બાર એન્ડ લોન્જ અને ડી'ઓરા ક્લબની બહારના કાચ તૂટી ગયા હતા. વડા પ્રધાનની યાત્રાને ગણીને અઠવાડિયું બચ્યું છે ત્યારે ચંદીગઢમાં બ્લાસ્ટ થાય તેના કારણે ચંદીગઢની કાયદો અને વ્યવસ્થાની વ્યવસ્થા સામે તો સવાલ ઉઠ્યા જ છે પણ લોરેન્સ બિશ્નોઈ ગેંગની વધતી દાદાગીરીનો મુદ્દો પણ ચર્ચામાં છે કેમ કે આ બંને બ્લાસ્ટની જવાબદારી લોરેન્સ બિશ્નોઈ ગેંગે સ્વીકારી છે. ચંદીગઢમાં જ્યાં વિસ્ફોટ થયો હતો એ પોશ વિસ્તાર છે. આ બંને ક્લબની નજીકમાં શાકમાર્કેટ છે. ઘણી કેન્દ્રીય સંસ્થાઓ પણ નજીકમાં છે. પોલીસલાઈન અને સેક્ટર-૨૬ પોલીસ સ્ટેશન પણ છે ને છતાં બ્લાસ્ટ કરવાની હિંમત કરાઈ એ મોટી વાત છે. નરેન્દ્ર મોદી ત્રીજીએ ચંદીગઢ આવવાના છે તેથી પોલીસ એલર્ટ મોડ પર છે. પીએમની સુરક્ષા ટીમ પણ એક-બે દિવસમાં ચંદીગઢ આવવાની છે. આ કારણે પોલીસ વધારે સતર્ક હતી છતાં પોશ વિસ્તારમાં બ્લાસ્ટ કરીને આ બ્લાસ્ટ કરનારાંએ પોલીસનું નાક વાઢી લીધું છે એવું કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. આ બ્લાસ્ટની ઘટના એટલે પણ ચર્ચામાં છે કે, પ્રખ્યાત રેપર બાદશાહ સેવિલે બાર અને લાઉન્જ ક્લબના માલિકોમાં ભાગીદારી છે. સેવિલે બાર એન્ડ લોન્જના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પણ ઉલ્લેખ કરાયો છે કે આ રેસ્ટોરન્ટ રેપર બાદશાહની માલિકીની છે. બાદશાહનું ઈન્સ્ટા આઈડી પણ સાથે ટેગ કરાયું છે. બીજી રેસ્ટોરન્ટ પણ બાદશાહની માલિકીની છે. વહેલી સવારે માસ્ક પહેરેલા આરોપીઓ સેક્ટર-૨૬ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવ્યા અને બાઈક સ્લીપ રોડ પર પાર્ક કર્યા પછી પહેલાં તેમણે સેવિલે બાર અને લોન્જની બહાર ક્રૂડ બોમ્બ ફેંક્યો. આ ઘટના સીસીટીવીમાં દેખાય છે કે, સવારે ૩.૧૫ વાગ્યે એક યુવકે ક્લબ તરફ બોમ્બ જેવી વસ્તુ ફેંકી હતી. એ બાદ જોરદાર વિસ્ફોટ થયો હતો. ધુમાડો વધતાં જ યુવક ત્યાંથી ભાગી ગયો હતો. આ પછી બંને ડી'ઓરા ક્લબની બહાર બોમ્બ ફેંકવા ગયા હતા. આ બંને ક્લબ વચ્ચે લગભગ ૩૦ મીટરનું અંતર છે. લોરેન્સ ગેંગના ગેંગસ્ટર ગોલ્ડી બ્રારે સોશિયલ મીડિયામાં પોસ્ટ કરીને બ્લાસ્ટની જવાબદારી લેતાં લખ્યું છે કે, બાદશાહે ખંડણી એટલે કે પ્રોટેક્શન મની ના આપતાં ચીમકી આપવા બ્લાસ્ટ કરાયા છે. આ સોશિયલ મીડિયા પોસ્ટમાં લોરેન્સ ગેંગના ગોલ્ડી બ્રાર અને રોહિત ગોદારા ૨ બ્લાસ્ટની જવાબદારી લે છે એવું લખીને કહેવાયું છે કે, આ બંને ક્લબના માલિકોને પ્રોટેક્શન મની માટે મેસેજ કરવામાં આવ્યો હતો પણ તેમણે અમારા મેસેજને નકાર્યા. તેમના કાન ખોલવા માટે આ ધડાકા કરવામાં આવ્યા હતા. જે કોઈ અમારા કોલ્સને અવગણી રહ્યા છે તેણે સમજી લેવું જોઈએ કે આનાથી મોટું કંઈક થઈ શકે છે. ચંદીગઢ સાયબર પોલીસે આ પોસ્ટની તપાસ શરૂ કરી છે. બીજી તરફ બ્લાસ્ટની પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે, આ ઘટનામાં જે બોમ્બનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તેમાં ખીલા અને જ્વલનશીલ સામગ્રી ભરેલી હતી. આ બધી વસ્તુઓ પણ સ્થળ પરથી મળી આવી છે. પોલીસ માની રહી છે કે, દેશી બનાવટના બોમ્બ એટલે કે સૂતળી બોમ્બમાં ખિલા ભરીને ક્રૂડ બોમ્બ બનાવાયા હતા. પોલીસ ખંડણીના એંગલની પણ તપાસ કરી રહી છે. પોલીસ શહેરમાં ક્યા ક્લબ સંચાલકોને ખંડણીના કોલ આવ્યા છે કે મેસેજ મળ્યા છે એ એંગલથી પણ તપાસ કરી રહી છે. આ હુમલો ખાલી ગભરાટ ફેલાવવા માટે કરવામાં આવ્યો હતો કે પછી ગોલ્ડી બ્રારે કહ્યું છે તેમ કોઈ ગેંગસ્ટર એમાં સામેલ છે કે નહીં તેની તપાસ પણ કરી રહી છે. બાદશાહને કે તેના ભાગીદારોને ક્યારે કહેવાતા પ્રોટેક્શન મની એટલે કે ખંડણી આપવા માટે ફોન કરાયા હતા તેની વિગતો બહાર લાવવા માટે બાદશાહની પણ પૂછપરછ થઈ શકે છે. ચંદીગઢમાં પહેલી વાર આ હુમલો થયો નથી. આ પહેલાં લગભગ બે મહિના પહેલાં ચંદીગઢના સેક્ટર-૧૦ના પોશ વિસ્તારમાં એક રિટાયર્ડ પ્રિન્સિપાલ ભૂપેશ મલહોત્રાના ઘર પર ગ્રેનેડ હુમલો થયો હતો. આ બ્લાસ્ટના કારણે ઘરમાં ૭થી ૮ ઈંચનો ખાડો પડી ગયો હતો.

### આ મનુષ્ય જન્મમાં જે જીવ ઈશ્વરને ઓળખવાનો કે પામવાનો પ્રયત્ન ન કરે તો તેને ફરીથી પશુ બનવું પડશે

# સંતની પરીક્ષા કરવી બહુ કઠણ છે, પરીક્ષા કરવા જતાં કોઈ વખત પાપ પણ થઈ જાય છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**જન્મ અને મરણનું દુઃખ ભયંકર છે, આ બંને દુઃખ સરખા છે, આ દુઃખોનો અંત આવતો નથી, જન્મ થયો કે માયા એને સ્પર્શ કરે છે, સંસારમાં માયા કોઇને છોડતી નથી જીવ બાલ્યાવસ્થામાં મા સાથે, પછી રમકડાં સાથે પ્રેમ કરે છે, તે પછી મોટો થાય એટલે પુસ્તક સાથે પ્રેમ કરે, પછી પૈસા સાથે પ્રેમ કરવા લાગે છે, પૈસાનો પ્રેમ ટકતો નથી, પછી લાડી સાથે પ્રેમ કરે છે.**

માગશર સુદ એકમને સોમવારે આપણે આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ગરીબ લોકો સમજે છે કે શ્રીમંતો બહુ સુખી છે પણ એ શ્રીમંતોનેય શાંતિ નથી. શાંતિ નથી તો સુખ ક્યાંથી હોય? કહેવાતું સુખ ભલેએ ભોગવે, પણ એ સતત હૈયું બાળતો જ રહે છે. વૃંદાવનમાં એક મહાત્મા રહેતા હતા. મહાત્મા ધ્યાનમાં બેઠા હતા તેવામાં એક ઉંદર પાછળ બિલાડી પડી.ઉંદરઆવીને મહાત્માની ગોદમાં ભરાયો મહાત્માને દયા આવી ઉંદરને કહ્યું, તું કહે તે પ્રમાણે બનાવી દઉં. ઉંદરની બુદ્ધિ કેટલી? તેણે વિચાર્યું હું બિલાડી બની જાઉં તો પછી કોઈની બીક ન રહે. કહે, મને બિલાડી બનાવી દો. મહાત્માએ તેને બિલાડી બનાવી દીધી. એક દિવસ તે બિલાડી પાછળ કૂતરો પડ્યો. ત્યારે બિલાડી એ કહ્યું,મહારાજ, મને કૂતરો બનાવી દો. હવે તે કૂતરો બન્યો. એક દિવસ જંગલમાં તે કૂતરા પાછળ વાઘ પડ્યો. એટલે કૂતરો કહે, મહારાજ, મને વાઘ બનાવી દો. મહાત્માએ તેને વાઘ બનાવ્યો. વાઘ બનાવ્યો ત્યારે હિંસક વૃત્તિ જાગૃત થઈ. તેણે વિચાર્યું, આ મહારાજ મને ફરીથી ઉંદરબનાવી દેશે તો ભારે થશે. માટે ચાલ આ મહાત્માને જ ખાઈ જાઉં. મહારાજ સમજી ગયા. તેમણે તરત તેને ફરીથી ઉંદર બનાવી દીધો. આ ઉદર અને બિલાડીની કથા નથી. આ કથા આપણી કથા છે. આ જીવ એક વખત ઉંદર હતો, એક વખત બિલાડી હતો અને હવે તે માનવ થયો છે. માનવબન્યા પછી માનવ ઈશ્વરને જ એ ભૂલી જાય તો પાછો હતો ત્યાંને ત્યાં જ પહોંચી જવાનો ત્યારે તે કહેવા લાગ્યો કે, હું ઈશ્વરમાં માનતો નથી. ધર્મમાં માનતો નથી! ભગવાન ક્યા ચીજ હૈ!પણ ભગવાન કહે છે કે, યાદ રાખ.હું તને ફરીથી ઉંદર-બિલાડી બનાવી દઈશ.આ મનુષ્ય જન્મમાં જે જીવ ઈશ્વરને ઓળખવાનો કે પામવાનો પ્રયત્ન ન કરે તો તેને ફરીથી પશુ બનવું પડશે. પશુ અને પક્ષીઓના અવતારમાં અનેક પ્રકારે દુઃખ ભોગવી જીવ મનુષ્ય યોનિમાં આવે છે. જે દિવસે ગર્ભ રહે છે તે દિવસે પાણીના પરપોટા જેવો સૂક્ષ્મ હોય છે. દસ દિવસ પછી ફળ જેવો મોટો થાય છે. એક મહિનાના ગર્ભને માથું આવે છે, બે મહિનામાં હાથ-પગ, ત્રણ મહિનામાં નખવાળ,ચાર મહિના માં સાત ધાતુ,પાંચ મહિનામાં ભૂખ તરસનું જ્ઞાન,છ મહિનામાં માતાના પેટમાં ભ્રમણ,આ ક્રમ છે. જ્યાં અનેક જંતુઓ ઉત્પન્ન થાય તેવા વિષ્ટા અને મૂત્ર થી ભરેલા પોલાણમાં તેને રહેવું પડે છે.તેને જંતુઓ કરડે ત્યારે કેટલીક વખત તે મૂર્છા પામે છે. વળી માતાએ ખાધેલા તીખા, ઊના ખારા, ખાટા ખોરાક વડે તેના સઘળાં અંગમાં વેદના થાય છે.આ પ્રમાણે ગર્ભમાં અનેક પ્રકારનું દુઃખ ભોગવે છે. પાંજરામાં પક્ષી પુરાય તેમ રહે છે. પણ કંઈ પણ કરવાને તે અસમર્થ છે. સાતમે મહિને જીવાત્માને પૂર્વ જન્મનું જ્ઞાન થાય છે.તે ગર્ભમાં પ્રભુની સ્તુતિ કરે છે, નાથ, મને બહાર કાઢો. ગર્ભવાસ અને નર્ક વાસ સરખો છે. મને બહાર કાઢશો તો બહાર નીકળ્યા પછી હું તમારી ખૂબ સેવા કરીશ, ભક્તિ કરીશ. ગર્ભમાં જીવ ભગવાન આગળ અનેક પ્રતિજ્ઞાઓ કરે છે. પછી જન્મ વખતે અતિશય વેદનામાં પૂર્વજન્મનું જે જ્ઞાન હતું તે જીવ ભૂલી જાય છે. બહાર આવતી વખતે અતિશય દુઃખ થવાથી ગર્ભનું જ્ઞાન ભૂલે છે. જન્મ અને મરણનું દુઃખ ભયંકર છે. આ બંને દુઃખ સરખા છે. આ દુઃખોનો અંત આવતો નથી.જન્મ થયો કે માયા એને સ્પર્શ કરે છે. સંસારમાં માયા કોઈને છોડતી નથી જીવ બાલ્યાવસ્થામાં મા સાથે, પછી રમકડાં સાથે પ્રેમ કરે છે.તે પછી મોટો થાય એટલે પુસ્તક સાથે પ્રેમ કરે. પછી પૈસા સાથે પ્રેમ કરવા લાગે છે. પૈસાનો પ્રેમ ટકતો નથી.પછી લાડી સાથે પ્રેમ કરે છે.તે પ્રેમ પણ કાયમ રહેતો નથી. બે-ચાર છોકરાં થાય છે. એટલે ગભરામણ થાય છે. સ્ત્રીમાંથી મોહ ઓછો થાય છે. આ પ્રભુની માયા વિચિત્ર છે. પરણેલો પણ પસ્તાય છે અને ન પરણેલો પણ પસ્તાય છે.અનેક જન્મોથી આ પ્રમાણે જીવ ભટકતો આવ્યો છે. હજી ક્યાં સુધી ભટકવું છે? તારા મનને સંસારના વિષયોમાંથી હટાવી પ્રભુમાં સ્થિર કર. પરમાત્માના ચરણનો આશ્રય કરી જન્મમરણ ના ત્રાસમાંથી મુક્ત થવા પ્રયત્ન કર! જે મુક્ત થયો તેનું જીવન સફળ થયું. આમ માતાને ઉપદેશ આપી કપિલ ભગવાન ત્યાંથી ઊઠ્યા, નેકલકત્તા પાસે ગંગા સાગરના સંગમ તીર્થમાં પધાર્યા. આજપણ કપિલ ભગવાન ના ત્યાં દર્શન થાય છે. કપિલ નારાયણનું સ્વાગત સમુદ્રે કર્યું છે. માતા દેવહુતિ સરસ્વતીના કિનારે વિરાજેલાં છે. સ્નાન કરે છે, ધ્યાન કરે છે,એટલે મનની શુદ્ધિ થાય છે માતા દેવહુતિને નારાયણનું ચિંતન કરતાં કરતાં મુક્તિ મળી છે. દેવહુતિ માતાને સિદ્ધિ મળી તેથી ગામનું નામ સિદ્ધપુર પડ્યું છે. દેવહુતિના ઉદ્ધારથી તેને માતૃગયા કહે છે.આ કપિલગીતા સાંભળવાથી શ્રોતા-વક્તાઓનાં અનેક પાપોનો નાશ થાય છે. સંતની પરીક્ષા કરવી બહુ કઠણ છે. પરીક્ષા કરવા જતાં કોઈ વખત પાપ પણ થઈ જાય છે. એટલે સંતની પરીક્ષા કરવી નહીં, પણ સંત બનવા જ સદા પ્રયત્ન કરવો. આજે લોકો તુકારામ મહારાજની જય બોલાવે છે, પણ એની હયાતીમાં લોકોએ એમને બહુ ત્રાસ આપેલો એક વખત તો હોળીના દિવસોમાં લોકોએ તુકારામ મહારાજને ગધેડા પર બેસાડી ને ફેરવેલા. પણ સંતને માન શું અને અપમાન શું? તુકારામને ગધેડો ગરુડ લાગે છે. તુકારામ મહારાજ ના જીવનમાં અનેક ચમત્કારો દેખાય છે, પણ એમણે એકેય ચમત્કાર કર્યો નહોતો.માત્ર એક જ વખત એમણે ચમત્કાર બતાવ્યો હતો અને તે પણ પત્નીના દુઃખને દૂર કરવા માટે. જ્યારે તુકારામ મહારાજને ગધેડા ઉપર બેસાડી જોડાની માળા પહેરાવી ફેરવ્યા ત્યારે પત્નીને તુકારામ મહારાજને ગધેડા ઉપર નહીં, ગરુડ ઉપર બિરાજેલા દેખાયા હતા. સંતોની સહનશક્તિ અલૌકિક હોય છે. સંતો માનથી આનંદિત કે અપ માનથી દુઃખી થતાં નથી. તેઓ માન અપમાનને પી જાય છે. કથા સાંભળ્યા પછી સંત બનો. કથામાં ઊંઘ આવે તો વ્યાસ ભગવાને તેની દવા બતાવે લી જ છે.મહા કિંમતી દવા છે. હરે શ્રી કૃષ્ણ હરે શ્રીકૃષ્ણનો જપ કરવો કારણ કે કથામાં બહુ ઊંઘ આવે તો સાપ નો જન્મ આવેછે.બાજુમાં બેઠેલો જો એને ન જગાડે તો એને મદારીનો જન્મ મળે છે. વાચક ચાહક મિત્રો પૃથ્વી લોક પર માનવી જન્મ મરણ અને પુનઃ જન્મની ઘટમાળમાં થોડી ક્ષણો માટે ધાર્મિક બને પાછો એ જ રફતારમાં ભમવા લાગે છે ત્યારે ભગવદ્ જ્ઞાન આપણને સીધો સરળ માર્ગ બતાવે છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં આટલું જ. અસ્તુ.



### કેમ્પમાં ૩૭૦ લાભાર્થીને કાર્ડ બનાવી આપવામાં આવ્યા, સાથે એનસીડી, ટીબી અને સિકલસેલનું સ્ક્રિનિંગ પણ કરાયુ

# રાજ્યના વન પર્યાવરણ મંત્રીશ્રી મુકેશભાઈ પટેલની અધ્યક્ષતામાં ધરમપુરમાં આયુષ્યમાન વય વંદના કાર્ડ વિતરણ-કેમ્પ યોજાયો

**સિનિયર સિટિઝને કાર્ડ રિન્યુ કરાવવાના રહેતા નથી, જેથી વહેલી તકે કાર્ડ કઢાવી લેવા મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો, જિલ્લામાં ૭૨ ટકા નાગરિકોને કાર્ડ આપવામાં આવ્યા છે, બાકી લોકોના પણ કાર્ડ કાઢી આપવામાં આવે તે માટે જિલ્લા વહીવટી તંત્ર કામ કરી રહ્યું છે, વધુમાં તેમણે જણાવ્યું કે, સરકાર તમારા ઘર આંગણે આવી છે ત્યારે કોઈ પણ લાભાર્થી વંચિત ન રહી જાય તે માટે જાગૃત રહેવું જરૂરી છે, આ સિવાય મંત્રીશ્રીએ આવાસ યોજના, ઉજ્જવલા યોજના, નિઃશૂલ્ક અનાજ વિતરણ સહિત વિવિધ પ્રજાલક્ષી યોજનાનો ચિતાર આપ્યો હતો.**

૭૦ વર્ષ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને આ કાર્ડ જીવશે ત્યાં સુધી કામ લાગશે, તેઓએ રિન્યુ કરાવવાના રહેતા નથીઃ મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના હેઠળ હવે ૭૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના તમામ નાગરિકોને આયુષ્યમાન વય વંદના કાર્ડનો લાભ મળશે. જે અંતર્ગત વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે નગરપ ાલિકા સંચાલિત મહારાણાશ્રી વિજયદેવજી સ્પોર્ટ્સ સંકુલમાં પ્રધાનમંત્રી વય વંદના કાર્ડ વિતરણ અને કેમ્પ રાજ્ય કક્ષાના વન પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના મંત્રીશ્રી અને જિલ્લા પ્રભારી મંત્રીશ્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લાના પ્રભારી અને રાજ્ય કક્ષાના મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા વરિષ્ઠ નાગરિકોને સંબોધીને જણાવ્યું કે, છેવાડાના માનવીના વિકાસ માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી હંમેશા ચિંતિત રહે છે. આપ સૌ વડીલોના આશીર્વાદથી મોદીજી ત્રીજી ટર્મમાં આપ સૌની સેવા કરી રહ્યા છે. દરિદ્ર નારાયણની સેવા કરવી એ જ વડાપ્રધાનશ્રીનો સંકલ્પ છે.

આયુષ્યમાન કાર્ડ સહિત અનેક યોજના અમલમાં છે જેનો તમામે લાભ લેવો જોઈએ. પહેલાના સમયમાં સારવાર માટે ઘર, જમીન કે ઘરેણાં ગીરવે મુક્વા પડતા હતા પરંતુ હવે વડાપ્રધાનશ્રીની દીર્ઘદ્રષ્ટીના કારણે એક પણ રૂપિયો સારવાર માટે ખર્ચ કરવો પડતો નથી. આરોગ્ય ક્ષેત્રે નવી નવી ટેકનોલોજી આવી રહી છે તેનો લાભ પણ નિઃશૂલ્ક દર્દીઓને મળી રહ્યો છે. વલસાડ જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૧ લાખ લોકોને આયુષ્યમાન કાર્ડ આપવામાં આવ્યા છે એવુ જણાવી મંત્રીશ્રીએ ૩ વર્ષ પૂરા થયા બાદ કાર્ડ સમય પર રિન્યુ કરાવી લેવાની પણ સલાહ આપી હતી. ૭૦ વર્ષ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને આ કાર્ડ જીવશે ત્યાં સુધી કામ લાગશે. સિનિયર સિટિઝને કાર્ડ રિન્યુ કરાવવાના રહેતા નથી. જેથી વહેલી તકે કાર્ડ કઢાવી લેવા મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો. જિલ્લામાં ૭૨ ટકા નાગરિકોને કાર્ડ આપવામાં આવ્યા છે. બાકી લોકોના પણ કાર્ડ કાઢી આપવામાં આવે તે માટે જિલ્લા વહીવટી તંત્ર કામ કરી રહ્યું છે. વધુમાં તેમણે જણાવ્યું કે, સરકાર તમારા ઘર આંગણે આવી છે ત્યારે કોઈ પણ લાભાર્થી વંચિત ન રહી જાય તે માટે જાગૃત રહેવુ જરૂરી છે. આ સિવાય મંત્રીશ્રીએ આવાસ યોજના, ઉજ્જવલા યોજના, નિઃશૂલ્ક અનાજ વિતરણ સહિત વિવિધ પ્રજાલક્ષી યોજનાનો ચિતાર આપ્યો હતો. પ્રાસંગિક ઉદબોધનમાં ધરમપુરના ધારાસભ્યશ્રી અરવિંદભાઈ પટેલે જણાવ્યું




કે, વડાપ્રધાનશ્રીએ આ યોજના અમલમાં મૂકી વડીલોના આશીર્વાદ મેળવ્યા છે. જે લાભાર્થી કેમ્પ માં આવ્યા છે તે તમામને કાર્ડ મળશે. વડાપ્રધાનશ્રીએ ગરીબ તવંગર કે જાતિ ધર્મના ભેદભાવ વગર માનવતાભરી આ યોજના દાખલ કરી છે જેનો તમામ લોકો લાભ લે એ જરૂરી છે.

જિલ્લા આરસીએચઓ ડો.એ.કે.સિંઘે જણાવ્યું કે, તમારા ઘર કે આસપાસ, મહોલ્લામાં જે પણ ૭૦ વર્ષ કે તેથી વધુ વયના હોય તેમને આ યોજનાનો લાભ અપ ાવી પુણ્યનું કાર્ય કરજો. આ કાર્ડ કઢાવવા માટે આવકની મર્યાદા દૂર કરતા માત્ર આધાર કાર્ડ આપવાથી જ કાર્ડ બની શકશે. આ કેમ્પમાં સ્ટેજ પરથી મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે ૩૦ વરિષ્ઠ નાગરિકોને વય વંદના કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે મંત્રીશ્રીએ આયુષ્યમાન કાર્ડ યોજનાનો લાભ લેનાર લાભાર્થીઓ સાથે વાર્તાલાપ પણ કર્યો હતો. કેમ્પમાં ૩૭૦ લાભાર્થીને કાર્ડ બનાવી આપવામાં આવ્યા હતા. લાભાર્થીઓનું એનસીડી, ટીબી અને સિકલસેલનું સ્ક્રિનિંગ પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી મનહરભાઈ પટેલ, વલસાડના ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોત, ધરમપુર પ્રાંત અધિકારી અમિત ચૌધરી, મામલતદાર ભરત પટેલ, પાલિકાના ચીફ ઓફિસર વિજય ઈટાલિયા અને જિલ્લા સંગઠન પ્રમુખશ્રી હેમંત કંસારા, ધરમપુર તાલુકા સંગઠન મહામંત્રી ધનેશભાઈ ચૌધરી, શહેર સંગઠન પ્રમુખ પ્રણવ શિંદે સહિતના અધિકારીઓ- પદાધિકારીઓ તેમજ નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સ્વાગત પ્રવચન વલસાડ જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીશ્રી ડો. કે.પી.પટેલે કર્યું હતું, જ્યારે આભારવિધિ જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડો. મનોજ પટેલે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું એન્કરિંગ ભાવેશ કાકલોતર અને વંદના ચૌહાણે કર્યું હતું. બોક્સ મેટર આવક મર્યાદા દૂર કરાતાં મને પણ આયુષ્યમાન વય વંદના કાર્ડનો લાભ મળ્યો વલસાડ તાલુકાના ઓઝરપાડા ગામના નિશાળ ફળિયાના રહીશ અને આયુષ્યમાન વય વંદના કાર્ડના લાભાર્થી બાબુભાઈ ખાલપભાઈ પટેલ (ઉ.વ. ૭૨)એ જણાવ્યું કે, હું પેંશનર્સ છું જેથી મારો કાર્ડ બન્યો ન હતો પરંતુ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ હવે ૭૦ વર્ષ કે તેથી વધુ વયના સિનિયર સિટીઝનો માટે આવકની મર્યાદા દૂર કરી માત્ર આધાર કાર્ડ રજૂ કરવાથી જ વય વંદના કાર્ડ મળશે તેવી યોજનાની જાહેરાત કરતા અમારા ગામની સ્કૂલમાં આરોગ્ય ખાતા દ્વારા કેમ્પ રાખવામાં આવ્યો હતો જેમાં આધાર કાર્ડ રજૂ કરવાથી મારો આયુષ્યમાન કાર્ડ બની ગયો હતો જેનું આજે મને અહીં મંત્રીશ્રીના હસ્તે વિતરણ કરવામાં આવ્યુ છે. હવે રૂ. ૧૦ લાખ સુધીની સારવાર મને ફ્રી માં મળી શકશે જે બદલ હું વડાપ્રધાનશ્રી મોદી અને રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનો આભાર માનું છું. બોક્સ મેટર ૯૭ વર્ષીય મારી માતા પથારીવશ હોવાથી ઘરબેઠા અમને વય વંદના કાર્ડ કાઢી અપાયો ધરમપુરના બજાર ફળિયામાં લક્ષ્મી નારાયણ મંદિર સામે રહેતા ૬૨ વર્ષીય જગદીશ ભોગીલાલ કંસારાએ જણાવ્યું કે, મારા માતા ધનગૌરીબેન ભોગીલાલ કંસારા હાલમાં ૯૭ વર્ષની ઉંમર ધરાવે છે. જેઓ પથારીવશ હોવાથી આયુષ્યમાન કાર્ડ કઢાવવા માટે આરોગ્ય કેન્દ્રમાં જઈ શક્યા ન હતા પરંતુ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આયુષ્યમાન વય વંદના યોજનાની જાહેરાત કર્યા બાદ આરોગ્ય ખાતાના કર્મચારીઓ અમારા ઘરે આવી માત્ર આધાર કાર્ડ દ્વારા મારી માતાશ્રીનો વય વંદના કાર્ડ બનાવી આપ્યો છે. જેથી મારી માતાની રૂ.૧૦ લાખ સુધીની કેશલેશ સારવાર મળી શકશે જે બદલ હું વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનો આભાર વ્યક્ત કરું છું. બોક્ષ મેટર જિલ્લામાં ૨૪૯૫૯ લાભાર્થીઓને વય વંદના કાર્ડ બનાવી આપવાનો લક્ષ્યાંક વલસાડ જિલ્લામાં ૭૦ વર્ષ કે તેથી વધુ વયના ૨૪૯૫૯ લાભાર્થીઓના વય વંદના યોજના હેઠળ કાર્ડ બનાવવાની કામગીરી ચાલી રહી છે. અત્યાર સુધીમાં ૩૪૨૭ને વય વંદનાના કાર્ડ આપવામાં આવ્યા છે. જિલ્લાની સરકારી હોસ્પિટલોમાંથી આ કાર્ડ બનાવી શકાય છે. જે લાભાર્થીઓએ આ યોજનાનો લાભ લેવો હોય તેવો એ ફક્ત આધાર કાર્ડથી પોતાનું વય વંદનાનું કાર્ડ બનાવી શકે છે અને બીજા અન્ય ડોક્યુમેન્ટ આપવાની જરૂર નથી. વલસાડ જિલ્લામાં કુલ ૧૬ ખાનગી હોસ્પિટલ PMJAY યોજનામાં એમપેનલમેન્ટ થયેલ છે. વલસાડ જિલ્લામાં અત્યાર સુધી ૯૯૦૬ વધારેના કલેઈમ થયા છે જે જેમાં ૭૪ કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે.

### બિગ બોસ ૧૮ના કરણ વીર મેહરાએ કહ્યું કે...

# ફેન ફોલોઈંગ જોઈએ છે, 'અબ નહીં હૈ તો નહીં હૈ'

બિગ બોસ ૧૮નો સ્પર્ધક કરણ વીર મેહરા હવે ચાહકોનો ફેવરિટ બની ગયો છે. તેની આસપાસની ચર્ચા વચ્ચે, તેનો ફેન ફોલોઈંગ વિશે વાત કરતો એક જૂનો વીડિયો વાયરલ થયો છે. બિગ બોસ ૧૮ના સ્પર્ધકો ટ્રેન્ડમાં છે અને કેવી રીતે. આ સિઝનમાં કેટલાક ખૂબ જ લોકપ્રિય ચહેરા ઘરની અંદર બંધ છે. વિવિયન ડીસેના, કરણ વીર મેહરા અને વધુ જેવા સ્ટાર્સ કે જેઓ દાયકાઓથી ટીવી ઉદ્યોગનો ભાગ છે તેઓ સ્પર્ધક છે. બધાની નજર તેમના પર અને ઘરની અંદર તેમના વર્તન પર છે. કરણ વીર મેહરા છેલ્લા ઘણા સમયથી ટ્રેન્ડ કરી રહ્યો છે. શરૂઆતના થોડા અઠવાડિયામાં રમત સારી રીતે ન રમી શકવા બદલ ખેંચાયેલા અભિનેતાએ હવે રમતમાં ઊંડા ઉતર્યા છે. શિલ્પા શિરોડકર સાથેના તેના બોન્ડિંગથી લઈને અવિનાશ મિશ્રા, ઈશા સિંહ અને અન્યો સાથેના ઝઘડા સુધી, બધું જ ધ્યાન ખેંચે છે. બિગ બોસ ૧૮ના ઘરમાં તેના ગેમ પ્લાનની ચર્ચાઓ વચ્ચે કરણ વીર મહેરાનો એક જૂનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. તે તેની કારકિર્દીના શરૂઆતના દિવસોથી છે. કરણ વીર મેહરા તેની સફર અને તે કેવી રીતે આગળ વધવા માંગે છે તે વિશે વાત કરી રહ્યો છે. તે જણાવે છે કે તે ફેન ફોલોઈંગ રાખવા માંગશે અને કદાચ એક દિવસ ફિલ્મ કરશે. એન્ટરટેઈનમેન્ટ ન્યૂઝ રિપોર્ટર વાસ્તવમાં તેને પૂછે છે કે દર્શકો કરણ વીર મેહરા વિશે વધારે જાણતા નથી અને તે મજાકમાં કહે છે કે 'અબ નહીં હૈ તો નહીં હૈ.' તે કહે છે કે તે તેના કામનો આનંદ માણી રહ્યો છે અને સારા પૈસા પણ મેળવી રહ્યો છે. તે ફેન ફોલોઈંગ પણ શોધી રહ્યો છે અને ઉમેરે છે કે તે એક પ્રેમાળ વ્યક્તિ છે, તેથી લોકોએ તેની પાસે આવવું જોઈએ અને તેને ઓળખવો જોઈએ. વીડિયો શેર કરીને ચાહકો કહી રહ્યા છે કે આખરે અભિનેતાને તેનું વળતર મળી રહ્યું છે. બિગ બોસ ૧૮ ના આગામી વીકએન્ડ કા વાર એપિસોડમાં, અમે જોશું કે સલમાન ખાન શિલ્પા શિરોડકરને તેના અન્યાયી નિર્ણયો માટે નિંદા કરે છે અને કરણ વીર મેહરા સાથેની તેની મિત્રતા પર ટિપ્પણી પણ કરશે.




### પ્રિયંકા હાલમાં જ તેના ભાઈ સિદ્ધાર્થ ચોપરાના લગ્નમાં ભારત આવી હતી

# પ્રિયંકાએ પુત્રી માલતીને 'થેંક્સગિવિંગ'ની ઉજવણી કરતી વખતનો સુંદર ફોટો શેર કર્યો

પ્રિયંકા ચોપરા, નિક જોનાસ અને તેમની પુત્રી માલતી મેરીએ શ્રેષ્ઠ 'થેંક્સગિવિંગ' સેલિબ્રેશન કર્યું હતું. પ્રિયંકાએ સોશિયલ મીડિયા પર કેટલીક સુંદર તસવીરો શેર કરી છે. પ્રિયંકા ચોપરા પાસે હંમેશા શેર કરવા માટે શ્રેષ્ઠ ફોટા હોય છે. તે બોલિવૂડ અને હોલીવુડની ટોચની સ્ટાર્સમાંની એક છે. તેને બંને ઈન્ડસ્ટ્રીમાં તમામ પ્રેમ મળી રહ્યો છે. તે ઈન્સ્ટાગ્રામ પર તેની પુત્રી અને તેના પતિના આરાધ્ય ફોટા શેર કરતી રહે છે. તેણીની પોસ્ટ્સમાં પરિવારની શ્રેષ્ઠ યાદો છે. તેણી તેના સુંદર પરિવાર સાથે દરેક પ્રસંગ અને તહેવાર ઉજવે છે અને ચિત્રો હંમેશા પ્રેમથી ભરેલા હોય છે. હવે, તેણીએ લંડનમાં તેમના થેંક્સગિવીંગ સેલિબ્રેશનના ફોટાઓનો બીજો સુંદર સેટ શેર કર્યો છે. તેણીના તમામ ચિત્રો વચ્ચે, તે નિક જોનાસ અને માલતી મેરીનો ફોટો હતો જેણે લાઈમલાઈટ ચોરી કરી હતી. ક્યૂટ પિતા પુત્રીની જોડીએ દિલ જીતી લીધું. નિક માલ્ટીના કપાળ પર સુંદર રીતે ચુંબન કરતો જોવા મળ્યો હતો. પ્રિયંકાએ માલતી તરફથી મોકલવામાં આવેલી ભેટ અને તેમની પાસેના સ્વાદિષ્ટ ભોજનની ઝલક પણ આપી હતી. પરિવારે સાથે મળીને ભવ્ય રાત્રિભોજન કર્યું અને તે બધું ખૂબ જ રોયલ લાગતું હતું. પ્રિયંકા ચોપરાએ આ તસવીરો સાથે એક નોટ શેર કરી છે. તેણીએ લખ્યું, "આપણે જે જીવન એકસાથે બનાવી રહ્યા છીએ તેના માટે ખૂબ આભારી છું. મારા હૃદયમાં જબરદસ્ત કૃતજ્ઞતા સાથે, હું આટલા વર્ષોથી મારા ખૂણામાં રહેલા દરેકનો આભાર માનું છું. વ્યક્તિ માટે ચેમ્પિયન હોવું ખૂબ જ મહત્વપૂર્ણ છે અને હું હું ખૂબ જ ભાગ્યશાળી છું કે તમે બધા પ્રેમથી ઘેરાયેલા રહેશો અને ઉજવણી કરી રહેલા દરેકને ધન્યવાદ. પ્રિયંકા હાલમાં જ તેના ભાઈ સિદ્ધાર્થ ચોપરાના લગ્નમાં ભારત આવી હતી. તેણીની મુલાકાતે ચાહકોને ખૂબ જ ઉત્સાહિત કર્યા અને અમે જોયું કે પ્રિયંકા ખુશીથી પાપારાઝી સાથે વાત કરી રહી હતી અને તેના ચાહકો સાથે પણ વાતચીત કરી રહી હતી.





# કાનૂની લડાઈ વચ્ચે નયનતારાએ 'કર્મ' પર એક ગુપ્ત નોંધ શેર કરી

નયનતારા અને ધનુષનો વિવાદ ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. કાયદાકીય લડાઈ વચ્ચે નયનતારાએ હવે ઈન્સ્ટાગ્રામ પર એક ક્રિપ્ટિક નોટ શેર કરી છે. નયનથારા છેલ્લા ઘણા સમયથી સમાચારોમાં છે. તે ભારતની સૌથી મોટી સ્ટાર્સમાંની એક છે. તેણીની ડોક્યુમેન્ટરી, નયનથારાઃ બિયોન્ડ ધ ફેરીટેલ બધાનું ધ્યાન ખેંચી રહી છે. પરંતુ વસ્તુઓ નકારાત્મક રીતે ચાલી રહી છે. ધનુષ સાથેના તેના વિવાદ વિશે આપણે બધાએ સાંભળ્યું છે. તેની શરૂઆત નયનતારાના ધનુષ સામે તેના ડોક્યુમેન્ટ્રી સામે રૂ. ૧૦ કરોડનો દાવો દાખલ કરવા માટેના ખુલ્લા પત્રથી શરૂ થઈ હતી. નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થતી ડોક્યુમેન્ટ્રીને નાનુમ રાઉડી ધનના ફૂટેજનો ઉપયોગ કરવા માટે એનઓસી મેળવવા માટે બે વર્ષ રાહ જોવી પડી હતી . ધનુષ ફિલ્મના નિર્માતા હતા અને તેથી, તેઓએ તેમની પરવાનગીની રાહ જોવી પ ડી. તેની કાનૂની ટીમે કહ્યું હતું કે તેણે કોઈને પણ ફૂટેજનો ઉપયોગ કરવાની મંજૂરી આપી નથી અને તેઓએ નયનથારા અને નેટફ્લિક્સને ૨૪ કલાકમાં કથિત રીતે ઉલ્લંઘન કરતી સામગ્રીને નીચે ખેંચવા માટે અલ્ટીમેટમ આપ્યું હતું. અમે નયનતારાને સોશિયલ મીડિયા પર તેના વિશે પોસ્ટ કરતા જોયું અને ધનુષે તાજેતરમાં જ ફિલ્મના ફૂટેજના કથિત ઉપયોગને લઈને મદ્રાસ હાઈકોર્ટમાં તેના અને વિગ્નેશ શિવન વિરુદ્ધ દાવો દાખલ કર્યો હતો. અગાઉ, ધનુષે ફૂટેજનો ઉપયોગ કરવા બદલ તેણીને ૧૦ કરોડ રૂપિયાની કાનૂની નોટિસ મોકલી હતી. હવે, નયનતારાએ સોશિયલ મીડિયા પર કર્મ પર એક રહસ્યમય નોંધ શેર કરી છે. નોટમાં લખ્યું હતું કે, "કર્મ કહે છે!!! જ્યારે તમે કોઈનું જીવન જૂઠથી બરબાદ કરો છો, તેને લોન તરીકે લો, તે વ્યાજ સાથે તમારી પાસે પાછું આવશે." નયનતારાના ખુલ્લા પત્રમાં કહેવામાં આવ્યું છે કે તેના ઉદ્યોગના મિત્રોએ તેને ડોક્યુમેન્ટ્રી માટે ખૂબ મદદ કરી છે પરંતુ નનુમ રાઉડી ધાન એક ખાસ ફિલ્મ હતી. પરંતુ ધનુષ તેના અને વિગ્નેશ સામે નારાજગી ધરાવે છે. તેણીએ લખ્યું, "ફિલ્મ, મારા પાર્ટનર અને હું સામે તમે જે બદલો લઈ રહ્યા છો, તે ફક્ત અમને જ અસર કરતું નથી પરંતુ જે લોકોએ આ પ્રોજેક્ટ માટે તેમના પ્રયત્નો અને સમય આપ્યો છે તે લોકોને અસર કરે છે. આ ફ્રીંક્કૈટ ડોક્યુમેન્ટ્રી મારા વિશે, મારા જીવન વિશે, મારા જીવન વિશે. પ્રેમ અને લગ્નમાં મારા ઉદ્યોગના ઘણા શુભચિંતકોની ક્લિપ્સનો સમાવેશ થાય છે જેમણે કૃપાળુ યોગદાન આપ્યું છે અને બહુવિધ ફિલ્મોની યાદો છે, પરંતુ દુર્ભાગ્યે સૌથી વિશેષ અને મહત્વપૂર્ણ ફિલ્મ, નનુમ રાઉડીનો સમાવેશ થતો નથી. ધન."






### અભિનેત્રીએ લખી લાગણીશીલ નોંધ

# સમંથા રૂથ પ્રભુના પિતા જોસેફ પ્રભુ નથી રહ્યા



સમન્થા રુથ પ્રભુએ તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક હૃદયદ્રાવક નોંધ લખી છે જે તેના પિતાને સમર્પિત છે જેઓ હવે નથી. ઘટનાઓના દુઃખદ વળાંકમાં, દક્ષિણની સુપરસ્ટાર સમંથા રૂથ પ્રભુના પિતા જોસેફ પ્રભુ તેમના સ્વર્ગસ્થ નિવાસ માટે રવાના થયા છે. નવીનતમ અહેવાલો અનુસાર, જોસેફ પ્રભુ હવે નથી. વધુ વિગતો ઉપલબ્ધ નથી. તેમના નિધનનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી. જો કે, સમાચાર ફાટી નીકળ્યા કારણ કે સમન્થા રુથ પ્રભુએ તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર તેના પિતાના મૃત્યુના શોકની હૃદયદ્રાવક નોંધ લખી. ઘણીવાર સામન્થા ઈન્ટરવ્યુમાં તેના પરિવાર વિશે બોલતી હતી અને તેના પિતાનો વિશેષ ઉલ્લેખ થતો હતો. તેની ઈન્સ્ટા સ્ટોરીઝ પર, સમંથા રૂથ પ્રભુએ લખ્યું 'અન્ટિલ વી મીટ અગેન ડેડ'. તેણીએ સાથે તૂટેલા હૃદયનું ઈમોજી ઉમેર્યું. આ સમાચાર વાયરલ થતાં, સામંથા રૂથ પ્રભુના ચાહકો સોશિયલ મીડિયા પર શોક સંદેશાઓ છોડી રહ્યા છે. આ સમાચાર ઘણા લોકો માટે આઘાતજનક છે. ગઈકાલે જ, સામંથા રૂથ પ્રભુ મુંબઈમાં તેની તાજેતરમાં રિલીઝ થયેલી વેબ સિરીઝ સિટાડેલઃ હની બન્નીની સફળતાની ઉજવણી કરી રહી હતી . તેણીએ વરુણ ધવન અને ટીમ સાથે મોડી રાત સુધી પાર્ટી કરી હતી. તેના પિતા વિશે વાત કરતા, ગલાટ્ટા ઈન્ડિયા સાથેના તાજેતરના ઈન્ટરવ્યુમાં, ઓ એન્ટાવા અભિનેત્રીએ તેના પિતા તેની સાથે કેવી રીતે કડક હતા તે વિશે વાત કરી હતી અને તેણીએ તેની માન્યતા મેળવવા માટે સંઘર્ષ કર્યો હતો. તેણીને ટાંકવામાં આવી હતી કે, "મારું આખું જીવન વધતું જાય છે, મારે માન્યતા માટે લડવું પડ્યું હતું. મારા પિતા એક પ્રકારના હતા... મને લાગે છે કે મોટાભાગના ભારતીય માતા-પિતા આવા છે. તેઓ વિચારે છે કે તેઓ તમારું રક્ષણ કરી રહ્યાં છે," તેણીએ શરૂ કર્યું. સામન્થાએ જાહેર કર્યું કે કેવી રીતે તેના પિતા તેની ક્ષમતાઓને ઓછી કરશે. "તેણે ખરેખર મને કહ્યું, 'તમે એટલા સ્માર્ટ નથી. આ માત્ર ભારતીય શિક્ષણનું ધોરણ છે.

### ચંકી પાંડેએ તેની ફિલ્મી સફર વિશે ખુલાસો કર્યો

# ચંકી પાંડે ક્યારેય ઇચ્છતો ન હતો કે પુત્રી તેની ફિલ્મના સેટની મુલાકાત લે

તાજેતરના એક ઈન્ટરવ્યુમાં, ચંકી પાંડેએ તેની ફિલ્મી સફર વિશે ખુલાસો કર્યો અને જણાવ્યું કે શા માટે તેણે પુત્રી અનન્યા પાંડેને તેની ફિલ્મના સેટની મુલાકાત લેવા માટે ન મળી. ચંકી પાંડેએ ઘણી ખ્યાતિ અને નામ મેળવ્યું છે. પરંતુ સંઘર્ષ વિના નહીં. અભિનેતાએ મુશ્કેલીઓનો સામનો કર્યો છે અને તમામ મુશ્કેલ સમયમાંથી પસાર થયો છે. તે ૧૯૮૦ અને ૧૯૯૦ના દાયકાની શરૂઆતમાં સૌથી લોકપ્રિય સ્ટાર્સમાંનો એક હતો પરંતુ તે તેના સમકાલીન લોકોની જેમ સૌથી વધુ ખ્યાતિ સુધી પહોંચી શક્યો ન હતો. તેને ધાર્યા મુજબની મુખ્ય ભૂમિકાઓ ન મળી અને આખરે, અભિનેતાને પૈસા કમાવવા માટે બાંગ્લાદેશ જવું પડ્યું. ચંકી પાંડે બાંગ્લાદેશના સૌથી પ્રસિદ્ધ અભિનેતાઓમાંના એક છે અને તેમના કામ માટે તેમને ખૂબ જ ઓળખ મળી છે. પરંતુ ભાવના પાંડે સાથે સમાધાન થતાં તે બોલિવૂડમાં ફરી હાથ અજમાવવા માટે ભારત પાછો ફર્યો. તાજેતરની ચેટમાં, ચંકી પાંડેએ તેના સંઘર્ષ વિશે વાત કરી. ચંકી પાંડે અને અનન્યા પાંડે વી આર યુવા યુટ્યુબ ચેનલ પર સાથે દેખાયા હતા. અહીં તેણે તેના નીચા તબક્કા વિશે અને શા માટે અનન્યા પાંડેને તેની ફિલ્મના સેટ પર ક્યારેય ન મળી તે વિશે વાત કરી. તેને ટાંકવામાં આવ્યું હતું કે, "તમે ક્યારેય સેટ પર કેમ ન આવ્યા કારણ કે જ્યારે તમારી માતા અને મારા લગ્ન થયા, ત્યારે હું તે નીચા તબક્કામાં હતો. હું હમણાં જ બાંગ્લાદેશથી પાછો ફર્યો હતો અને મારા માટે કામ મેળવવાનો પ્રયાસ કરી રહ્યો હતો. હું ક્યારેય તે બાબતમાં આવ્યો ન હતો. તમને સેટ પર અથવા સેટ પર મમ્મીને બોલાવવા માટે, અને તે તે રીતે જ રહ્યું." તે એટલા માટે હતું કારણ કે તે મુશ્કેલ સમય પસાર કરી રહ્યો હતો કે તેણે તેની પુત્રીને તેની ફિલ્મોના સેટ પર ન મળી. આ અવતરણ મનોરંજન સમાચાર પર વાયરલ થયું છે. અનન્યા પાંડેએ પછી તેને પૂછ્યું કે શું તે ડરામણી છે જ્યારે તેને ભજવવા માટે મુખ્ય ભૂમિકાઓ ન મળી, તેણે ખુલાસો કર્યો કે તે એક મ્યુઝિકલ ચેર જેવું હતું અને જ્યારે સંગીત બંધ થયું ત્યારે તેની પાસે સેટ ન હતો. તેણે ઉમેર્યું કે આંખે પછી તેને કોઈ કામ મળ્યું નથી. તેને એક માત્ર ફિલ્મ તીસરા કૌન ઓફર કરવામાં આવી હતી અને તેથી જ તેણે ફિલ્મો કરવા બાંગ્લાદેશ જવાનું નક્કી કર્યું. ચંકી પાંડે હવે તેના ડાયલોગ 'આખરી પાસ્તા' માટે ફેમસ છે. હાલમાં તે અક્ષય કુમાર અને અન્ય સ્ટાર્સ સાથે હાઉસફુલ પનું શૂટિંગ કરી રહ્યો છે. આ અવતરણ મનોરંજન સમાચાર પર વાયરલ થયું છે. અનન્યા પાંડેની આગામી ફિલ્મ ચાંદ મેરા દિલ લક્ષ્ય લાલવાણી સાથે છે.





### પુષ્પા-૨ સ્ટાર રશ્મિકા મંદન્ના સૌથી વધુ કમાણી કરનાર અભિનેત્રી?

# અલ્લુ અર્જુનની ફિલ્મ ગેઇટી ગેલેક્સીમાં આ સીમાચિહ્ન હાંસલ કરનાર પ્રથમ ફિલ્મ છે

અલ્લુ અર્જુન, રશ્મિકા મંદન્ના અને ફહદ ફાસિલ અભિનીત પુષ્પા ૨ ૫ ડિસેમ્બરે રિલીઝ થઈ રહી છે. ચાહકો પહેલેથી જ તેના માટે ખૂબ જ ઉત્સાહિત છે. 'પુષ્પા પુષ્પા પુષ્પા રાજ...', જે આજકાલ બધા સાંભળી શકે છે. પુષ્પા ૨ માટે ગાંડપણ અને ઘેલછા : નિયમ અપાર છે. અલ્લુ અર્જુન, જેઓ હવે અખિલ ભારતીય સ્ટાર છે, તેમની સૌથી પ્રિય ફિલ્મના બીજા હપ્તા સાથે ફરી એકવાર મોટા પડદા પર રાજ કરવા માટે તૈયાર છે. વર્ષ ૨૦૨૧માં રિલીઝ થયેલી પુષ્પાઃ ધ રાઈઝ અને લોકોના દિલ જીત્યાના વર્ષો પછી, પુષ્પા ૨: ધ રૂલ ૫ ડિસેમ્બરે થિયેટરોમાં આવવાની છે. તેના બોક્સ ઓફિસ નંબરો અને તમામની આસપાસ બઝ શરૂ થઈ ચૂકી છે. તેની રિલીઝ પહેલા, સુકુમાર દ્વારા નિર્દેશિત ફિલ્મે ઈતિહાસ રચ્યો છે. પુષ્પા ૨: આ નિયમએ ખૂબ જ પ્રસિદ્ધિ ઉભી કરી છે અને ભારે બઝને કારણે મલ્ટિપ્લેક્સે ફિલ્મના અનેક શો પ્રસારિત કરવાનું નક્કી કર્યું છે. મુંબઈની ગેઈટી ગેલેક્સીમાં, ઈતિહાસ રચાઈ ગયો છે, કારણ કે તમામ છ સ્ક્રીન પર માત્ર એક જ ફિલ્મ બતાવવામાં આવશે અને તે છે પુષ્પા ૨. ફિલ્મના લાંબા સમયના કારણે, દરેક સ્ક્રીન પુષ્પા ૨ના દિવસમાં માત્ર ત્રણ જ શો પ્રદર્શિત કરી શકે છે. ગેઈટી ગેલેક્સીના ઈતિહાસમાં આ પ હેલા ક્યારેય બન્યું નથી અને કદાચ પુષ્પા ૨ દરમિયાન ફિલ્મો રિલીઝ ન થવાને કારણે થઈ શકે છે. અલ્લુ અર્જુનની ફિલ્મ ચાલી રહી છે. ૫ ડિસેમ્બરે બીજી કોઈ મોટી ફિલ્મ રીલિઝ થઈ રહી ન હોવાને કારણે ક્લીન રીલિઝ થશે. વિકી કૌશલની ફિલ્મ ચાવા ૫ ડિસેમ્બરે રિલીઝ થવાની હતી. જો કે, ફિલ્મ મોકૂફ રાખવામાં આવી છે. પરંતુ હવે ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ રિલીઝ થવા જઈ રહી છે. નવી રિલીઝ તારીખ તાજેતરમાં જાહેર કરવામાં આવી હતી. તે નોંધપાત્ર છે કારણ કે છત્રપતિ શિવાજી મહારાજ જયંતિ ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ આવે છે. લક્ષ્મણ ઉતેકર દ્વારા નિર્દેશિત ફિલ્મ છત્રપતિ શિવાજી મહારાજના પુત્ર છત્રપતિ સંભાજી મહારાજ વિશે છે. વિકી કૌશલ મુખ્ય ભૂમિકામાં છે. પુષ્પા ૨ પર પાછા ફરીને, ફિલ્મમાં રશ્મિકા મંદન્ના અને ફહદ ફાસિલ મુખ્ય ભૂમિકામાં છે. રશ્મિકા શ્રીવલ્લી તરીકે પાછી ફરી રહી છે જ્યારે ફહાદ કોપ એસપી બંવર સિંહની ભૂમિકા ભજવે છે. ટ્રેલર અને ગીતો પહેલાથી જ ચાહકોમાં ફિલ્મ માટે ઉત્સાહિત છે. અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદન્ના તાજેતરમાં જ મુંબઈમાં ફિલ્મના પ્રમોશન માટે હતા. અમે રાહ જોઈ શકતા નથી! રશ્મિકા મંદન્ના ઓછા સમયમાં સૌથી વધુ બેંકેબલ સ્ટાર્સમાંની એક બની ગઈ છે. તેણે પુષ્પામાં શ્રીવલ્લી તરીકે મોટી સફળતા મેળવી છે. પરંતુ શું તે સૌથી વધુ ચૂકવણી કરનાર દિવા છે? રશ્મિકા મંડન્નાએ ૨૦૧૬માં કિરિક પાર્ટીથી પોતાની અભિનય યાત્રા શરૂ કરી હતી.



### બિગ બોસ ૧૮: અવિનાશ અને ઈશાને ઝઘડતા જોઈ રહ્યા છીએ

# શું અવિનાશએ માત્ર ઈશા પ્રત્યેની પોતાની લાગણીઓ સ્વીકારી હતી?

## શું અવિનાશ-ઈશાનું બોન્ડ વધુ વધશે? શું ઈશા તેની લાગણીઓનો બદલો આપશે?

પ્રેમ બિગ બોસ ૧૮ નું ઘર સંભાળી રહ્યો છે? અવિનાશ મિશ્રાએ ઈશા સિંઘ પ્રત્યેની પોતાની લાગણીઓને કબૂલ કરી હોય તેવું લાગે છે પરંતુ તેની પ્રતિક્રિયા તમને ચોંકાવી દેશે. બિગ બોસ ૧૮માં એક વસ્તુનો અભાવ હતો અને તે છે રોમેન્ટિક એન્ગલ. વિપુલ પ્રમાણમાં ઝઘડા અને ડ્રામા છે પરંતુ પ્રેમનો ખૂણો ખૂટે છે. પરંતુ, એવું લાગે છે કે સ્પાર્ક ઉડી રહ્યા છે અને પ્રેમ જોડાણો રચાઈ રહ્યા છે. બે સ્પષ્ટ કનેક્શન કે જેના માટે બધા ચાહકો રુટ કરી રહ્યાં છે તે છે અવિનાશ મિશ્રા અને ઈશા સિંઘ અને ચમ દરંગ અને કરણ વીર મેહરા . ચમ અને કરણ એક મીઠી કેમેસ્ટ્રી શેર કરે છે અને અવિનાશ અને ઈશા પણ. આજના એપિસોડમાં, એવું લાગે છે કે અવિનાશે આખરે ઈશા પ્રત્યેની તેની લાગણીઓને સ્વીકારી લીધી છે. બિગ બોસ ૧૮માં આપણે અવિનાશ મિશ્રા અને ઈશા સિંહને ઝઘડતા જોઈ રહ્યા છીએ. રેશન ટાસ્ક પછી એશા અવિનાશને તેના પરફોર્મન્સ વિશે પૂછે છે. તેણીએ શેર કર્યું કે તેણી પાસે શક્તિ છે અને અવિનાશ રમત બદલી શકે છે. પણ અવિનાશ ચિડાઈ જાય છે. તેઓ એકમ નથી એમ કહીને અવિનાશ સાથે દલીલ ઉગ્ર બને છે. ઈશા ખૂબ જ પરેશાન થઈ ગઈ અને રડવા લાગી. તેણીએ તેને પ્રશ્ન કર્યો કે શું તેણીએ તેણીની બાજુમાં રહીને તેના પર ઉપકાર કર્યો છે. તે રડે છે અને શૌચાલયમાં જાય છે. મોડી રાત્રે, અવિનાશ અને ઈશા તેમના પથારીમાં બબડાટ કરતા જોવા મળે છે. અવિનાશ તેના વર્તન માટે ઈશાની માફી માંગે છે અને જણાવે છે કે તેનાથી તેને ઘણી અસર થઈ છે. તે સ્વીકારે છે કે તે તેના માટે અનુભવે છે અને તે તેમના માટે ચિંતિત છે. તે એમ પણ કહે છે કે તે રમતથી વિચલિત અનુભવે છે. તેણે એમ પણ કહ્યું કે તે અંદરથી ધ્રૂજી રહ્યો છે. ઈશા પછી અવિનાશને કહે છે કે તે શ્રેષ્ઠ છે કે તે કહે કે તેઓ કંઈ નહીં પણ ખૂબ સારા મિત્રો છે. શું અવિનાશ મિશ્રા અને ઈશા સિંહનું બોન્ડ વધુ વધશે? શું ઈશા તેની લાગણીઓનો બદલો આપશે? બીજા દિવસે, ઈશા અને અવિનાશ ફરી એકવાર નાનકડી ઝઘડામાં પડ્યા જ્યારે તેણે તેને ફૂડ વિશે ચર્ચા કરતી વખતે ચૂપ રહેવા કહ્યું. તેણે તેણીને કહ્યું કે જ્યારે તે કોઈની સાથે લડતો હોય ત્યારે વચ્ચે ન આવે.





તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ



તારીખ ૨૯/૧૧/૨૦૨૪ ના રોજ ભારત સરકાર ના યુવા અને ખેલ મંત્રાલય દ્વારા ચાલતું નેહરુ યુવા કેન્દ્ર,દાહોદ અને એકલ વિદ્યાલય લીમડી ના સંયુક્ત ઉપક્રમે એક પેડ માં કે નામ ઝાલોદ તાલુકા કક્ષા નો કાર્યક્રમ ગાયત્રી મંદિરે કરવામાં આવ્યું જેમાં પર્યાવરણ ને બચવા માટે પ્રતિજ્ઞા અને વૃક્ષ વાવવામાં આવ્યું હતું જેમાં એકલ વિદ્યાલય ના પ્રશિક્ષક શ્રી મહેશ ભાઈ કટારા અને નેહરુ યુવા કેન્દ્ર ના હિમાંશુ કુમાર લબાના ઉપસ્થિત રહ્યા હતા.

## ઝાલોદ ટીટોડી આશ્રમ ખાતે ઠક્કર બાપાની ૧૫૫મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧ ।

ઝાલોદ મહિલા અધ્યાપન મંદિરે તારીખ ૨૯-૧૧-૨૦૨૪ શુક્રવારના રોજ ઠક્કર બાપાની ૧૫૫ મી જન્મજયંતિની ઉજવણી ભીલ સેવા મંડળ સંચાલિત મહિલા અધ્યાપન મંદિર, અંબાલાલ વ્યાસ ઉ.બુ વિદ્યાલય, કસ્તુરબા કન્યા વિદ્યાલય, શબરી આશ્રમ, ટી-ટોડી કુમાર આશ્રમના સંયુક્ત ઉપક્રમે ટીટોડી આશ્રમ ખાતે ઉજવણી કરવામાં આવી. ભીલ સેવા મંડળના પ્રમુખ શાંતિલાલ નિનામા, ઉપપ્રમુખ પરથીંગભાઈ, મંત્રી મુકેશભાઈ, નરસિંહ ગુરુજી, આચાર્ય મહિલા અધ્યાપન મંદિર ડૉ. ગીતાબેન કોઠારી, સમગ્ર સંકુલ સ્ટાફ , તાલીમાર્થી બહેનો, વિધાર્થી ભાઈઓ તથા બહેનો ઠક્કર બાપાના પંચમહાલ આદિવાસીઓના મસીહા તેમજ તમિલનાડુમાં અપ્પા તરી-કે ઓળખાતા હતાં. પૂ. ઠક્કર બાપાનું સમગ્ર જીવન સાદું, સાત્વિક, સેવાભાવી તેમજ

શિક્ષણની ઘરે ઘરે જયોત પ્રગટાવી હતી. ઠક્કરબાપા વિશે આજ્ઞા કાર્યકમમાં પ્રમુખ, ઉપપ્રમુખ,મંત્રી દ્વારા દીપ પ્રાગટ્ય અને પુષ્પમાળા અર્પણ કરવામાં આવી હતી. મહિલા અધ્યાપન મંદિરની તાલીમાર્થી બહેનો દ્વારા સ્વાગત ગીત રજુ કરવામાં આવ્યું હતું. સ્વાગત પ્રવચન ડૉ ગીતાબેન કોઠારી આચાર્ય દ્વારા આપવામાં આવ્યું. ઠક્કરબાપાનો ગરબો અંબાલાલ વ્યાસ ઉ.બુ વિદ્યાલયમાંથી ગરબો રજૂ કર્યાં. મહિલા અધ્યાપન મંદિરમાં થી ઠક્કર બાપાના જીવનની બે વિદ્યાર્થીઓ દ્વારા સુંદર વર્ણન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સાક્ષરતાનો ગરબો પી.ટી. સીની બહેનનએ રજૂ કર્યાં હતો. ભીલસેવા મંડળના પ્રમુખે પ્રસંગ મુજબ ઠક્કર બાપાના જીવનના પ્રસંગો જણાવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનુ સુચારુ સંચાલન મહિલા અધ્યાપન મંદિરના સંચાલિકા બેન દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર પ્રોગ્રામની આભાર વિધિ અંબાલાલ વ્યાસના આચાર્ય કુસુમબેને કર્યાં હતો. સમગ્ર કાર્યક્રમ ખુબ જ સુંદર તેમજ પ્રસંગને અનુરૂપ હતો. ભીલ સેવા મંડળના આયોજન ટીટોડીમાં કર્યું હતું. વિધાર્થીઓને નાસ્તો પીરસવા કસ્તુરબા-વિદ્યાલય તરફથી કરવામા આવી હતી.

## ઝાલોદ ટીટોડી આશ્રમ ખાતે ઠક્કર બાપાની ૧૫૫મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧ ।

તારીખ ૨૯-૧૧-૨૦૨૪ શુક્રવારના રોજ ઠક્કર બાપાની ૧૫૫ મી જન્મજયંતિની ઉજવણી ભીલ સેવા મંડળ સંચાલિત મહિલા અધ્યાપન મંદિર,અંબાલાલ વ્યાસ ઉ.બુ વિદ્યાલય, કસ્તુરબા કન્યા વિદ્યાલય, શબરી આશ્રમ, ટીટોડી કુમાર આશ્રમના સંયુક્ત ઉપક્રમે ટીટોડી આશ્રમ ખાતે ઉજવણી કરવામાં આવી. ભીલ સેવા મંડળના પ્રમુખ શાંતિલાલ નિનામા, ઉપપ્રમુખ પરથીંગભાઈ, મંત્રી મુકેશભાઈ, નરસિંહ ગુરુજી, આચાર્ય મહિલા અધ્યાપન મંદિર ડૉ. ગીતાબેન કોઠારી, સમગ્ર સંકુલ સ્ટાફ, તાલીમાર્થી બહેનો, વિધાર્થી ભાઈઓ તથા બહેનો ઠક્કરબાપાના પંચમહાલ આદિવાસીઓના મસીહા તેમજ તમિલનાડુમાં અપ્પા તરીકે ઓળખાતા હતાં. પૂ. ઠક્કર બાપાનું સમગ્ર જીવન સાદું, સાત્વિક, સેવાભાવી તેમજ

શિક્ષણની ઘરે ઘરે જયોત પ્રગટાવી હતી. ઠક્કરબાપા વિશે આજના કાર્યકમમાં પ્રમુખ, ઉપપ્રમુખ,મંત્રી દ્વારા દીપ પ્રાગટ્ય અને પુષ્પમાળા અર્પણ કરવામાં આવી હતી. મહિલા અધ્યાપન મંદિરની તાલીમાર્થી બહેનો દ્વારા સ્વાગત ગીત રજુ કરવામાં આવ્યું હતું. સ્વાગત પ્રવચન ડૉ ગીતાબેન કોઠારી આચાર્ય દ્વારા આપવામાં આવ્યું. ઠક્કરબાપા નો ગરબો અંબાલાલ વ્યાસ ઉ.બુ વિદ્યાલયમાંથી ગરબો રજૂ કર્યાં. મહિલા અધ્યાપન મંદિરમાંથી ઠક્કર બાપાના જીવનની બે વિદ્યાર્થીઓ દ્વારા સુંદર વર્ણન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ

સાક્ષરતાનો ગરબો પી.ટી.સીની બહેનનએ રજૂ કર્યાં હતો. ભીલસેવા મંડળના પ્રમુખે પ્રસંગ મુજબ ઠક્કર બાપાના જીવનના પ્રસંગો જણાવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનુ સુચારુ સંચાલન મહિલા અધ્યાપન મંદિરના સંચાલિકા બેન દ્વારા કરવામાં આવ્યું હતું.સમગ્ર પ્રોગ્રામની આભાર વિધિ અંબાલાલ વ્યાસના આચાર્ય કુસુમબેને કર્યાં હતો. સમગ્ર કાર્યક્રમ ખુબ જ સુંદર તેમજ પ્રસંગને અનુરૂપ હતો. ભીલ સેવા મંડળના આયોજન ટીટોડીમાં કર્યું હતું. વિધાર્થીઓને નાસ્તો પીરસવા કસ્તુરબા-વિદ્યાલય તરફથી કરવામા આવી હતી.

## ઝાલોદ તાલુકાના ચિત્રોડીયા મુકામે ગાયત્રી માધ્યમિક શાળા ખાતે વિવિધ કાયદાઓથી વાકેફ કરતી કાનૂની શિબિર યોજાઈ




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧ ।

શ્રી ગાયત્રી માધ્યમિક શાળા ચિત્રોડીયામા આજરોજ દાહોદ જિલ્લાના કાનૂની સેવા સમિતિ તથા બાળ સંરક્ષણ વિભાગ અને જિલ્લા વહીવટી વિભાગ દ્વારા શાળાના ધોરણ ૯ થી ૧૨ ના બાળકોને બાળલગ્ન, બાળ મજૂરી, સમાજમાં ચાલતા કુરિવાજો અને વિધાર્થીનીઓને પોક્સો જેવા કાયદા અંગેની વિસ્તૃત જાણકારી આપવા મા આવી હતી તેમજ બાળકોને આ માટે શપથ ગ્રહણ કરાવી કે અમે બાળલગ્ન તથા બાળ મજૂરી નહિ કરીએ અને કરવા દઈશું નહી.

આ પ્રસંગે ઝાલોદ સિવિલ કોર્ટ માંથી કાયદા નિષ્ણાત વકીલ અને ઝાલોદ પોલીસ સ્ટેશન થી પોલીસ અધિકારી તથા દાહોદ બાળસુરક્ષા ઓફિસ થી અધિકારીઓ હાજર રહિયા હતા તથા શાળાના આચાર્ય પ્રિતેશ કે પટેલ અને તમામ કર્મચારીઓ પણ હાજર રહ્યા હતા તથા જિલ્લા પંચાયત સભ્ય સુરેશભાઈ અને તાલુકા પંચાયત સભ્ય સતીશ ભાઈ તથા ડેપ્યુટી સરપંચ અને ગ્રામ જનો તથા વાલીઓએ પણ હાજરી આપી હતી. આ જન જાગૃતિ લાવવામા સહ ભાગી બનવાની સપથ પણ લેવડાવવામા આવી હતી.

## મહિલાઓ વિરુદ્ધ થતી હિંસા નાબૂદી અભિયાન અન્વયે સરખેજમાં વિવિધ જાણકારી આપતો કાર્યક્રમ યોજાયો



। (માહિતી) અમદાવાદ, તા.૧ ।

મહિલાઓ વિરુદ્ધ થતી હિંસા નાબૂદી અભિયાન અંતર્ગત અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારીની કચેરી હેઠળ કાર્યરત સંકલ્પ-હબ ફોર એમ્પાવરમેન્ટ ઑફ વિમેન ટીમ દ્વારા સરખેજ ખાતે સ્થાનિક મહિલાઓ માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહિલાઓ માટે 'બેટી બચાવો, બેટી પઢાવો' યોજના અન્વયે જેન્ડર સ્પેશિયાલિસ્ટ શ્રી જીતેશ સોલંકી દ્વારા ગુડ ટચ, બેડ ટચ અને ચાઈલ્ડ હેલ્પલાઈન નંબર ૧૦૯૮ અંગેની માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત, સ્પેશિયાલિસ્ટ ઈન ફાઈનાન્સ લિટરસી સુશ્રી હેમલ બારોટે મહિલા અને બાળ વિકાસ વિભાગ અમલીકૃત વિવિધ મહિલા કલ્યાણકારી યોજનાઓ અને મહિલાઓની સુરક્ષાના વિવિધ પ્રકલ્પો વિશે માહિતી આપી હતી.

## ઝાલોદ તાલુકા પંચાયત ટી.ડી.ઓ દ્વારા અલગ અલગ ગ્રામ પંચાયતને નાણાકીય વ્યવહાર કરતા પહેલા પૂર્વ મંજૂરી લેવી તેવો લેટર વાયરલ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧ ।

ઝાલોદ તાલુકા પંચાયતના નેજા હેઠળ વિવિધ બઁકોમાં સરકારી ગ્રાન્ટ સીધી ખાતામાં આવે તે માટે ગ્રામ પંચાયતોના ખાતા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, બેંક ઓફ બરોડા , પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો.ઓપ રેટીવ બેંક, બરોડા ગુજરાત ગ્રામીણ બેંકમા આવેલ છે. તે પૈકી બરોડા ગુજરાત ગ્રામીણ બેંકનો લેટર વાયરલ થયેલ છે તેમાં તાલુકા પંચાયત કચેરી ઝાલોદના નામનો ઉલ્લેખ કરી ૧૦૬ ગ્રામ પંચાયતના ખાતાઓમાં સરકાર દ્વારા વિકાશના કામો માટે ફાળવાતી ગ્રાન્ટ સીધી ખાતામાં આવે છે તો તે રકમ તેમજ ગ્રામ પંચાયત દ્વારા ઉઘરાવવામાં આવેલ વેરાની રકમ આ ખાતામાં જમા કરવામાં આવે છે તો આ સ્વ ભંડોળની રકમનો ઉપયોગ કરતા પહેલા સરકાર દ્વારા નિયત કરેલ વહીવટી તંત્રની મંજૂરી લેવામાં આવે છે તેવું ઉલ્લેખ કરી વધુમાં આ લેટરમા જણાવેલ છે કે ગ્રામ પંચાયતોના ખાતામાં આવેલ રકમનું તાલુકા પંચાયત માંથી પૂર્વ મંજૂરી લીધેલ હોય તેવી ગ્રામ પંચાયતો સાથે નાણાકીય વ્યવહાર કરવો તેવું જણાવેલ છે અને છેલ્લે આ લેટરમા તાલુકા વિકાસ અધિકારીની સહી છે. ઉપરોક્ત માહિતી સાથેનો



લેટર વાઈરલ થતાં ગ્રામ પંચાયતોના સરપંચોમા છૂપો રોષ જોવા મળેલ છે.

તેમજ અમુક સરપંચો દ્વારા આક્ષેપો કરતા કહે છે કે આવો પરિપત્ર ગુજરાતમાં કોઈ તાલુકા પંચાયત દ્વારા બઁકોમાં આપેલ નથી તો ઝાલોદ તાલુકા પંચાયત દ્વારા કેમ આવું કરવામાં આવ્યું છે.... આ પરિપત્ર સાચો છે કે ખોટો તે તપાસ કરવા ઝાલોદ તાલુકા પંચાયત ટી.ડી.ઓ જોડે રૂબરૂ તેમજ ટેલીફોનીક વાતચીત કરવાનો પ્રયાસ કરવામાં પણ આવ્યો પણ કોઈ જવાબ મળેલ ન હતો. હવે આ લેટર સાચો છે કે નહીં અને જો સાચો છે તો ગુજરાતમાં આવેલ દરેક તાલુકા પંચાયતોમા આવો પરિપત્ર જાહેર કરવામાં આવેલ છે તે તપાસ અને ચર્ચાનો વિષય નગરમાં બનેલ છે.

## ઝાલોદના મીરાખેડી સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે કુટુંબ નિયોજન કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧ ।

આજરોજ તાઃ-૩૦/૧૧/૨૦૨૪ ના રોજ સામુહિક આરોગ્ય કેન્દ્ર, મીરાખેડી તાઃ-ઝાલોદ જિઃ-દાહોદ ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. ઉદય ટીલાવટ અને અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. બારીયાના માર્ગદર્શન હેઠળ નવીન કુટુંબ કલ્યાણ સ્ત્રી વ્યંધીકરણ કેમ્પનું શુભારંભ કરવામાં આવ્યું જેમાં જિલ્લા પંચાયત પાવડીના સભ્ય કૃષ્ણરાજ ભુરીયા, તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. તુષાર ભાભોર, અધિક્ષક ડૉ. પલક તાવિયાડ, સર્જન ડૉ.મહેન્દ્રસિંહ ડામોર દ્વારા સ્ત્રી વ્યંધીકરણ કેમ્પનું શુભારંભ કરવામાં આવ્યું. જેમાં ૨૩ લાભાર્થીઓના કુટુંબ નિયોજનના ઓપરેશન કરવામાં આવ્યા હતા. સમગ્ર કેમ્પનું સંચાલન અધિક્ષક તાલુકા મેલ સુપરવાઈઝર અને તાલુકા હેલ્થ ફીમેલ સુપરવાઈઝર તથા તાલુકાના તમામ





આરોગ્ય કર્મચારીઓનો સાથ સહરકાર દ્વારા કરવામાં આવ્યું હતું.

## ઝાલોદ નગરપાલિકાના આગોતરા આયોજન અંગે કોંગ્રેસ દ્વારા આરામગૃહ ખાતે મીટિંગ યોજવામાં આવી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧ ।

આવનાર ઝાલોદ નગરપાલિકાની ચૂંટણીઓના આગોતરા આયોજન બાબતે ઝાલોદ આરામગૃહ ખાતે દાહોદ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ હર્ષદ નિનામાની અધ્યક્ષતામાં ઝાલોદ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મુકેશ ડાંગી અને ઝાલોદ શહેર પ્રમુખ મુકેશ વસૈયા દ્વારા આગોતરા આયોજન અંગેની મિટિંગ યોજવા માં આવી હતી. આ મિટિંગમાં ઝાલોદ નગરપાલિકા વિસ્તારના કોંગ્રેસ પક્ષના તમામ કાર્યકર્તાઓ, શહેર કોંગ્રેસ સમિતિના હોદેદારો, પૂર્વ કાઉન્સિલરો તેમજ ચૂંટણી લડવા ઈચ્છતા ઉમેદવારો, સેલ ડિપાર્ટમેન્ટના તમામ પ્રમુખો તેમજ હોદેદારઓ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા પ્રમુખ હર્ષદ નિનામાએ કાર્યકર્તાઓને જણાવ્યું હતું કે હાલ ટૂંક સમયની અંદર ઝાલોદ નગર પાલિકાની ચૂંટણીઓ આવનાર હોઈ ઝાલોદ શહેરના સાત વોર્ડ અને બાવીસ બુથોમાં તા. બીજી ડિસેમ્બરના રોજથી દરેક વોર્ડ દીઠ મિટિંગ કરી તમામ વોર્ડમાં કોંગ્રેસ પક્ષનું સંગઠન ખુબ જ મજબૂત બનાવી બાવીસ બુથો માં ઘેર ઘેર જઈ મતદારોનો સંપર્ક કરી તમામ ઉમેદવારોને જીતાડી ઝાલોદ નગરપાલિકામાં કોંગ્રેસ પક્ષનો ત્રિરંગો લહેરાવી ઝાલોદની જનતાની જે મૂળભૂત સુવિધાઓ ખોરવાઈ ગયેલ છે તે આપી ઝાલોદ નગરનો વિકાસ કરવા આજ થી જ કામે લાગી જવા હાકલ કરી હતી. અને વોર્ડ દીઠ પ્રભારી ઓની નિમણુંક કરી દીધેલ હોઈ તેમની સાથે સંકલન કરી ઝાલોદ શહેર ને કોંગ્રેસ પક્ષ તરફ વધુમાં વધુ મત મળે તે માટે કામે લાગી જવાબ જણાવ્યું હતું.

તો ઝાલોદ તાલુકા કોંગ્રેસ પ્રમુખ મુકેશભાઈ ડાંગીએ તમામ કાર્યકર્તા ઓને કોઈ થી નહીં ડરવાની વાત કરી હતી અને આજથીજ હું ચૂંટણી નહીં પુરી થાય ત્યાં સુધી રાત દિવસ તમારી સાથે જ છું અને મતદારોમાં વિશ્વાસ જગાડો કે કોંગ્રેસ પક્ષ સદાય તેમની પડખે ઉભો છે તેના કાર્યકર્તાઓ અડધી રાતે પણ આપની સાથે અન્યાય થશે તમારી વ્હારે આવશે તેવો વિશ્વાસ મતદારોમાં પેદા કરો અને ઝાલોદ તાલુકાના સિનિયર આગેવાનોની ટિમ માંથી બુથ દીઠ બે બે અને જિલ્લા કોંગ્રેસ માંથી બુથ દીઠ એક એક કાર્યકર્તાઓની બુથ પ્રભારી તરીકે અલગ થી નિમણૂકો આપી દેવામાં આવી છે જે સતત શહેર કોંગ્રેસના કાર્યકર્તાઓ સાથે રહી સઁગઠનનું કામ કરશે માટે કોઈ થી ગભરાવાની કે ડરવાની કોઈજ જરૂર નથી હું આપની સાથે જ છું તેમાં જણાવ્યું હતું. તો નગરપાલિકાના પ્રભારી મોઈનુંદિન કાજી અને ઈસ્વરભાઈ પરમારનાઓએ પોતાના બહોળા અનુભવનુ આલેખન કરી કાર્યકર્તા ઓમાં જોમ અને જુસ્સો ભરવાનું કામ કર્યું હતું. તો ઝાલોદ શહેર પ્રમુખ મુકેશભાઈ વસૈયાએ આજથી જ કામે લાગી જઈ ઝાલોદ નગરપાલિકામાં કોંગ્રેસ પક્ષ નો ત્રિરંગો સોં ટકા લહેરાંસે તેવું આશ્વાસન આપી સૌ નો આભાર વ્યક્ત કર્યો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....

### મેષ (અ,લ,ઇ) :

આજના દિવસે આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. તમે જીવન માં પૈસા ના મહત્વ ને નથી સમજતા પરંતુ આજે તમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય.

### વૃષભ (બ,વ,ઉ) :

આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. એક જૂનો મિત્ર દિવસના અંત ભાગમાં મુલાકાત લેશે.

### મિથુન (ક,છ,ઘ) :

આજના દિવસે અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. સાંજે બાળકો સાથે થોડો આનંદદાયક સમય વિતાવજો. તમારૂં ધૂંધળું જીવન તમારા જીવનસાથીને ટૅન્શન આપશે. તમારી પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડે તેવા લોકો સાથે જોડાવાનું ટાળો. તમારા જીવનસાથી આજે તમારી રોજબરોજની જરૂરિયાતો સંતોષવાનું બંધ કરી દેશે.

### કર્ક (ડ,હ) :

આજના દિવસે રમૂજી સંબંધીઓનો સાથ તમારી તાણ ઘટાડશે તથા તમને જેની જરૂર છે એવી નિરાંત તમને આપશે. આવા સંબંધીઓ મેળવવા બદ્દલ તમે નસીબદાર છો. મોટી યોજનાઓ તથા વિચારો ધરાવતી વ્યક્તિ તમારૂં ધ્યાન આકર્ષિત કરશે- રોકાણ કરતા પહેલા એ વ્યક્તિની વિશ્વસનિયતા તથા સત્યતા ચકાસી લેજો મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે.

### સિંહ (મ,ટ) :

આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. તમારો વિનોદી સ્વભાવ તમારી આસપાસનું વાતાવરણ ઝળકાવશે.

### કન્યા (પ,ઠ,ણ) :

આજના દિવસે ભીડભરી બસમાં પ્રવાસ કરતી વખતે બ્લ્ડ પ્રૅશરના દરદીઓએ વધારે તકેદારી રાખવી. આર્થિક બાબતોમાં ચોક્કસ સુધારો થશે-પણ તેની સાથે જ ખર્ચમાં પણ વધારો થશે. તમારા ઘરમાં સૌહાર્દતા લાવવા માટે સહકારપૂર્વક કામ કરો. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્ર તરફથી ભેટ-સોગાદ મળશે.

### તુલા (ર,ત) :

આજના દિવસે સારા લાભ મેળવવા માટે મોટી વયના લોકોએ તેમની શક્તિનો હકારાત્મક ઉપયોગ કરવો જરૂરી છે. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. દૂરનાં કોઈ સગાં તરફથી અણધાર્યો સંદેશ આખા પરિવાર માટે ઉત્સાહ લાવશે. આજના અદભુત દિવસે તમારા સંબંધોમાંની તમામ ફરિયાદો તથા તથા રોષ આજે અદશ્ય થઈ જશે.

### વૃશ્ચિક (ન,ય) :

આજના દિવસે ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે, તો જ ખુશીનું ખરૂં મૂલ્ય સમજાશે. આર્થિક સંકળામણથી બચવા માટે તમારા બજેટને વળગી રહો. બાળકોનું ઘરકામ પૂરૂં કરવા મદદનો હાથ લંબાવવાનો સમય. તમારા દિલ અને મગજ પર રૉમાન્સનું રાજ હશે. તમારો સમય અને શક્તિ અન્યોની મદદ કરવામાં ફાળવો.

### ધન (ભ,ધ,ફ) :

આજના દિવસે અપાર ઊર્જા અને ઉત્સાહ તમને ઘેરી વળશે અને તમારી સામે આવનારી કોઈપણ તક તમે તમારા ફાયદા માટે ઉપયોગમાં લેશો. આજે તમારી સામે અનેક આર્થિક યોજનાએ રજૂ કરવામાં આવશે-કોઈપણ નિર્ણય લેતા પહેલા તમામ સારાં નરસાં પાસાંને તકેદારીપૂર્વક ચકાસજો. મિત્રો અને અપિચિતોથી એકસરખા ચેતતા રહેજો.

### મકર (ખ,જ) :

આજના દિવસે તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. કાર્યક્ષેત્ર અથવા વેપાર માં તમારી કોઈ બેદરકારી તમને આજે નુકસાન કરાવી શકે છે. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્ત્રોત બનશે. આજે તમને તમારા મિત્રની ગેરહાજરીમાં તેની સુવાસ વર્તાશે. અણધાર્યા સ્થળેથી તમને મહત્વનું આમંત્રણ મળશે.

### કુંભ (ગ,શ,સ) :

આજના દિવસે તમારા બાળકનો દેખાવ તમને અનહદ આનંદ આપશે. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. ઘરમાં કોઈક વિધી કરાવશો. તમારો સાથી તમારા વિશે સારો વિચાર કરે છે, તેથી ઘણી વખત તમારા પર ગુસ્સે થશે.

### મીન (દ,ચ,ઝ,થ) :

આજના દિવસે ખુશ થાવ કેમ કે સારો સમય આવી રહ્યો છે અને તમારામાં વધારાની ઊર્જાનો સંચાર થશે. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે અને તમને તેમના સ્વાથ્ય પર તમારે ઘણા પૈસા ખર્ચ કરવા પડી શકે છે. અંગત અને ગોપનીય હોય તેવી માહિતી કોઈને જણાવતા નહીં.

# તિરુપતિ મંદિરના પરિસરમાં રાજકીય ભાષણો પર પ્રતિબંધ

## દર્શન અને પૂજા કર્યા પછી રાજકીય નેતાઓ સહિત કેટલીક વ્યક્તિઓ ભડકાઉ ભાષણો આપતા હોવાની ફરિયાદ થઈ હતી

**। (એજન્સી) તિરુપતિ, તા.૧ ।**

તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ (ટીટીડી)એ મંદિરની શાંતિ અને પવિત્રતા જાળવવા ભગવાન વેંકટેશ્વર મંદિર ખાતે રાજકીય અને નફરત ફેલાવતા ભાષણો પર પ્રતિબંધ મુક્યો છે. દર્શન અને પૂજા કર્યા પછી રાજકીય નેતાઓ સહિત કેટલીક વ્યક્તિઓ મીડિયા સામે રાજકીય અને ભડકાઉ ભાષણો આપતા હોવાની ફરિયાદ થઈ હતી. જેના કારણે તિરુમાલાની શાંતિ જોખમમાં મુકાતા આ પગલું લેવામાં આવ્યું હતું. ટીટીડીએ સ્પષ્ટતા કરી કે, ગોવિંદા જેવા સૂત્રોચ્ચારથી સર્જાતા દિવ્ય વાતાવરણ માટે જાણીતા આ મંદિરની પવિત્રતા જળવાઈ રહેવી જોઈએ. મળતી માહિતી મુજબ, ટીટીડીએ કડક વલણ અપનાવતા કહ્યું કે નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે સખત કાર્યવાહી કરવામાં આવશે. મંદિરની પવિત્રતા જાળવી રાખવા લોકોને સહયોગ આપવાની અપીલ કરી છે. મંદિર પ્રશાસને તમામ ઉલ્લંઘન કરનારને કાયદાકીય કાર્યવાહીની ચેતવણી આપી છે. અગાઉ મંદિરની ઓળખ સમા લાડુના પ્રસાદમાં ભેળસેળયુક્ત ઘીના વપરાશના આરોપો બાબતે વિવાદ સર્જાયો હતો. આ દાવાએ વ્યાપક ચર્ચા જગાવી હતી તેમજ વિવિધ રાજકીય વર્તુળોમાંથી ટીકા પણ શરૂ થઈ હતી. દૈનિક સરેરાશ ૬૦ હજાર ભક્તો જ્યાં આવે છે એવું આ મંદિર ધાર્મિક આસ્થા અને રાજકીય નિવેદનોનું કેન્દ્ર બની ગયું. નોંધનીય છે કે, જ્યારે આંધ્ર પ્રદેશના મુખ્ય મંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ અગાઉની વાય.એસ.જગન મોહન રેડ્ડી સરકાર પર પ્રાણીની ચરબીવાળું ઘી ખરીદવાનો આક્ષેપ કર્યો હતો. ત્યારથી ઘી વિવાદ શરૂ થયો હતો. ટીડીપીએ પોતાના દાવાના સમર્થનમાં લેબના અહેવાલ પણ રજૂ કર્યા હતાં.

### ઈલોન મસ્કે પોતાના જ દેશને લઈ કર્યો ઘટસ્ફોટ

# અમેરિકા ઝડપથી કંગાળ થવાના આરે આવી ગયું છે

**। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧ ।**

દુનિયાના સૌથી અમીર વ્યક્તિ ઈલોન મસ્કે એવું નિવેદન આપ્યું છે, જેને જાણીને અમેરિકામાં રહેતા લોકો પણ આશ્ચર્યચકિત થઈ ગયા છે. મસ્કે કહ્યું કે અમેરિકા ઝડપથી નાદાર થઈ રહ્યું છે. તેમણે ચેતવણી પણ આપી હતી કે જો આ મુદ્દો ઉકેલવામાં નહીં આવે તો ડોલરનું કોઈ મૂલ્ય નહીં રહે. ઈકોનોમિક ટાઈમ્સના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં યુએસ કરન્સી ડોલરને મોટો ફટકો પડી શકે છે. કારણ કે અમેરિકા પર દેવાનો બોજ સતત વધી રહ્યો છે. મસ્કે કહ્યું છે કે જો અમેરિકી નાદારીનો મુદ્દો ઝડપથી ઉકેલવામાં નહીં આવે તો ડોલર ટૂંક સમયમાં નકામું બની શકે છે. અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને પણ મસ્કના નિવેદનથી આશ્ચર્ય થયું હશે. ઈકોનોમિક ટાઈમ્સના અહેવાલ મુજબ, બજારના નિષ્ણાતોએ પહેલાથી જ ચેતવણી આપી હતી કે અમેરિકા ટૂંક સમયમાં નાદાર થઈ શકે છે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે દરેક અમેરિકન નાગરિકનું સરેરાશ દેવું એક લાખ ડોલરથી થોડું વધારે છે. આ એક ચિંતાજનક આંકડો છે. જો જરૂરી પગલાં લેવામાં નહીં આવે, તો આમાંથી બહાર આવવું ખૂબ મુશ્કેલ હશે.

# પાક. ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ને હાઈબ્રિડ મોડલ પર કરવા તૈયાર

## પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ આ ટૂર્નામેન્ટ હાઈબ્રિડ મોડલ હેઠળ યોજવા માટે સહમત છે, પરંતુ કેટલીક શરતો પણ મૂકી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।**

ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫નું આયોજન ક્યા અને કેવી રીત થશે તે અંગેનો વિવાદ અટકવાનું નામ નથી લઈ રહ્યો. ભારત અને પાકિસ્તાન વચ્ચેના વિવાદને કારણે હજુ સુધી તેનું શેડ્યૂલ જાહેર કરવામાં આવ્યું નથી. આઈસીસીએ ૨૯ નવેમ્બરના રોજ એક બેઠકનું આયોજન કર્યું હતું, જેમાં ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ના આયોજન અંગે નિર્ણય લેવાનો હતો, પરંતુ આ બેઠક બીજા દિવસ સુધી સ્થગિત કરવામાં આવી. હવે અપડેટ આવી રહ્યા છે કે, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) આ ટૂર્નામેન્ટ હાઈબ્રિડ મોડલ હેઠળ યોજવા માટે સહમત છે, પરંતુ કેટલીક શરતો પણ મૂકી છે.

ICCએ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ને અલ્ટીમેટમ આપ્યું હતું કે, ૨૦૨૫માં ચેમ્પિયન્સ ટ્રોફીની હોસ્ટિંગ માટે હવે હાઈબ્રિડ મોડલ જ એકમાત્ર વિકલ્પ છે. જો PCB આ માટે સહમત નહીં થાય તો તેની ટીમ બહાર થઈ જશે અને આ આઈસીસી ટૂર્નામેન્ટ કોઈ અન્ય દેશમાં યોજવામાં આવશે. ICCએ ૨૯ નવેમ્બરના રોજ બોર્ડ મિટિંગ દરમિયાન આ જાહેરાત કરી હતી. BCCIએ ભારત સરકારની નીતિને ટાંકીને પાકિસ્તાન જવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો છે. આ પછી ICCએ 'હાઈબ્રિડ મોડલ'નો પ્રસ્તાવ મૂક્યો હતો, જેને પાકિસ્તાન ક્રિકેટે હજુ સુધી સ્વીકાર્યો નથી. આ અંગે નિર્ણય લેવા માટે ICCએ એક બેઠક પણ યોજી હતી, પરંતુ આ પછી પણ કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. ભારતની સાથે અન્ય દેશોના બોર્ડ દ્વારા પણ પાકિસ્તાનમાં સુરક્ષાના કારણોનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. ચેમ્પિયન્સ ટ્રોફી હાઈબ્રિડ મોડલ હેઠળ ન કરાવવા પર અડગ રહેલા પાકિસ્તાન ક્રિકેટ બોર્ડનું વલણ થોડું નબળું પડ્યું છે.




ઇન્ટરનેશનલ સોસાયટી ફોર ક્રિષ્ના કોન્શિયસનેસ (ઇસ્કોન)ના સભ્યો અને કર્ણાટકના બેંગલુરુમાં બાંગ્લાદેશમાં હિન્દુ આધ્યાત્મિક નેતા ચિન્મય કૃષ્ણ દાસની ધરપકડના વિરોધ દરમિયાન ભક્તો ભક્તિ ગીતો ગાઈને વિરોધ કર્યો હતો.

### ઈંગ્લેન્ડે પહેલી ટેસ્ટ મેચમાં ન્યૂઝીલેન્ડને હાર આપી

# ક્રાઈસ્ટચર્ચમાં રમાયેલી મેચમાં જો રૂટે એક વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો

**। (એજન્સી) ક્રાઈસ્ટચર્ચ, તા.૧ ।**

ઈંગ્લેન્ડે પહેલી ટેસ્ટ મેચમાં ન્યૂઝીલેન્ડને ૮ વિકેટથી કારમી હાર આપી છે. ક્રાઈસ્ટચર્ચમાં રમાયેલી આ મેચમાં જો રૂટે એક વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. રૂટ હવે ચૌથી ઈનિંગમાં દુનિયામાં સૌથી વધુ રન બનાવનાર બેટર બની ગયો છે. કીવી ટીમ વિરુદ્ધ મેચ પહેલા જો રૂટે ૪૮ વાર ચોથી ઈનિંગમાં બેટિંગ કરી હતી, જેમાં તેમના નામે ૧,૬૦૭ રન હતા. રૂટે ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ મેચની ચોથી ઈનિંગમાં ૨૩ રન બનાવતા જ સચિન તેંદુલકરને પાછળ છોડી દીધો છે. અત્યાર સુધી આ રેકોર્ડ ભારતના દિગ્ગજ બેટર સચિન તેંદુલકરના નામે હતો, જેણે પોતાના ૨૪ વર્ષના કાર્યકાળમાં ચોથી ઈનિંગમાં રમતા ૬૦ વાર બેટિંગ કરીને ૧૬૨૫ રન બનાવ્યા હતા.

હવે જો રૂટે ૪૯ વખત ચોથી ઈનિંગમાં બેટિંગ કરીને ૧૬૩૦ રન બનાવી દીધા છે. તમને જણાવી દઈએ કે રૂટ અને તેંદુલકર સિવાય ગ્રીમ સ્મિથ અને એલિસ્ટર કુક એવા ૨ અન્ય બેટર છે, જેમણે ટેસ્ટ ક્રિકેટ ઈતિહાસમાં ચોથી ઈનિંગમાં ૧૬૦૦થી વધુ રન બનાવ્યા હતા. આ રેકોર્ડ એટલા માટે પણ ઐતિહાસિક અને યાદગાર છે કારણ કે રૂટે આ ઉપલબ્ધિ પ્રાપ્ત કરવા માટે તેંદુલકર કરતા ૧૧ ઈનિંગ ઓછી રમી છે.

જો રૂટ આ વર્ષ ઈંગ્લેન્ડ માટે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવવાના મામલામાં એલિસ્ટર કુકથી આગળ નીકળી ગયા હતા. કુકે પોતાની ૧૬૧ ટેસ્ટ મેચોમાં કરિયરમાં ૧૨,૪૭૨ રન બનાવ્યા હતા. બીજી બાજુ જો રૂટ આ લિસ્ટમાં પાંચમા નંબર પર છે, જેમના હાલ ૧૨,૭૭૭ રન છે. સૌથી વધુ રન બનાવવાના મામલામાં તેમના ઉપર હવે માત્ર સચિન તેંદુલકર, રિકી પોન્ટિંગ, જેક્સ કાલિસ અને રાહુલ દ્રવિડ છે. ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ રન સચિન તેંદુલકરે બનાવ્યા, જેમણે ૨૦૦ ટેસ્ટ મેચોમાં ૧૫,૯૨૧ રન બનાવ્યા હતા. જો રૂટે છેલ્લા એક વર્ષથી માત્ર ટેસ્ટ ક્રિકેટ પર ધ્યાન આપ્યું છે કારણ કે છેલ્લી વાર તેમણે ૨૦૨૩ વર્લ્ડ કપ દરમિયાન વનડે મેચ રમતો જોવા મળ્યો હતો.

### EVMની તપાસ કરાવવા રૂ.૯ લાખ ફી આપી

# ભત્રીજા યુગેન્દ્રએ કાકા અજિત પવારની મુશ્કેલીમાં વધારો કર્યો

## યુગેન્દ્ર સહિત અન્ય ઉમેદવારોએ પણ ઈઝમાં કરી અરજી ૧૩૭ EVM સેટમાં માઈક્રોકન્ટ્રોલરની તપાસ કરવા માંગ

**। (એજન્સી) મુંબઈ, તા.૧ ।**

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં પરિણામ જાહેર થયા બાદ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM) પર સતત આંગળી ચિંધાઈ રહી છે. પરિણામો બાદ રાજ્યના અનેક ઉમેદવારોએ ઈવીએમમાં માઈક્રોકંટ્રોલર વેરિફિકેશન કરવા માટે ચૂંટણી પંચમાં અરજીઓ કરી છે. પુણેના ૨૧ વિધાનસભા ક્ષેત્રોમાંથી ૧૧ ઉમેદવારોએ માઈક્રોકંટ્રોલરની ફરી તપાસ કરવા માટે ચૂંટણી પંચને વિનંતી કરી છે. શરદ પવારની NCPSP પાર્ટીના બારામતી વિધાનસભા વિસ્તારના ઉમેદવાર યુગેન્દ્ર પવારે પણ ૧૯ ઈફસ્ના માઈક્રોકંટ્રોલરનું વેરિફિકેશન કરવા માટે જિલ્લા વહિવટીતંત્રને અરજી કરી છે. આ તપાસ કરાવવા માટે તેમણે ચૂંટણી પંચે ૮.૯૬ લાખ રૂપિયાની ચૂકવણી કરી છે. આ ઉપરાંત માઈક્રોકંટ્રોલરનું વેરિફિકેશન કરાવવા માટે અન્ય ઉમેદવારોની વાત કરીએ તો NCPSPના હડપસરના ઉમેદવાર પ્રશાંત જગતાપ અને પુણે કેંટના કોંગ્રેસ ઉમેદવાર રમેશ બાગવેએ પણ અરજી કરી છે. ચૂંટણી પંચના નિયમ મુજબ વિધાનસભા ચૂંટણીનું પરિણામ જાહેર થયા બાદ માઈક્રોકંટ્રોલરનું વેરિફિકેશન કરવા માટે સાત દિવસની અંદર અરજી કરવાની હોય છે. જિલ્લાભરના ઉમેદવારોએ ૧૩૭ ઈફસ સેટમાં માઈક્રોકન્ટ્રોલરની ચકાસણીની માંગ કરી છે. આ માટે તેઓએ ચૂંટણી પંચને ૬૬.૬૪ લાખ રૂપિયાની ફી ચૂકવી છે.

# ફેંગલ વાવાઝોડાએ મચાવી તબાહી, ચેન્નઇ જળમગ્ન, 3 લોકોનાં મૃત્યુ

## વાવાઝોડુ ફેંગલે પુડુચેરી નજીક લેન્ડફોલ કર્યું, જેના કારણે ચેન્નાઈમાં ભારે વરસાદ અને પૂર આવ્યું

**। (એજન્સી) પુડુચેરી, તા.૧ ।**



ચક્રવાત ફેંગલે શનિવારે સાંજે પુડુચેરી નજીક લેન્ડફોલ કર્યું હતું. તેની સાથે ભારે વરસાદ અને જોરદાર પવન આવ્યો. મુશળધાર વરસાદને કારણે ચેન્નાઈના ઘણા વિસ્તારો પાણીમાં ડૂબી ગયા હતા. ત્રણ લોકોના મોત થયા છે. ચક્રવાતને કારણે ચેન્નાઈ એરપોર્ટ ૧૬ કલાક સુધી બંધ રહ્યું હતું. તે રવિવારે સવારે ૪ વાગ્યે ખુલ્યું હતું. ચેન્નાઈ, તેની આસપાસના જિલ્લાઓ અને પુડુચેરીમાં શનિવારથી સતત વરસાદ થઈ રહ્યો છે. જેના કારણે બસ, ટ્રેન અને ફ્લાઈટ સેવાઓ સહિત જાહેર પરિવહનને અસર થઈ છે. પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ચક્રવાત ઉત્તરી તમિલનાડુ અને પુડુચેરીના દરિયાકિનારા પર સ્થિર રહ્યું હતું. તે નબળું પડીને ડીપ ડિપ્રેસનમાં ફેરવાની ધારણા છે.

IMDએ જણાવ્યું કે, ચક્રવાત ફેંગલ છેલ્લા એક કલાક દરમિયાન લગભગ સ્થિર છે. આગામી ત્રણ કલાક દરમિયાન તે ધીમે ધીમે ડીપ ડિપ્રેશનમાં ફેરવાશે.

ફેંગલ ધીમે ધીમે પશ્ચિમ-દક્ષિણ-પશ્ચિમ તરફ આગળ વધશે. ચેન્નાઈ અને કરાઈકલમાં ડોપ્લર વેધર રડાર દ્વારા તેની દેખરેખ રાખવામાં આવી રહી છે. ચેન્નાઈમાં ૧૧.૪ સેમી, પુડુચેરીમાં ૩૯ સેમી અને કુડ્ડલોરમાં ૮.૩ સેમી વરસાદ નોંધાયો છે.

ભારે વરસાદને કારણે ચેન્નાઈ એરપોર્ટના બે રનવે અને એક ટેક્સી વે ડૂબી ગયો હતો. શનિવારે ચેન્નાઈ એરપોર્ટ બંધ કરી દેવામાં આવ્યું હતું. એરપોર્ટ પર લોકોની ભારે ભીડ ઉમટી પડી હતી. ૫૫ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે અને ૧૯ને ડાયવર્ટ કરવામાં આવી છે. ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ફ્લાઈટને અસર થઈ છે. ચેન્નાઈ અને તેની આસપાસના વિસ્તારોમાં હોસ્પિટલો અને ઘરો પાણીમાં ડૂબી ગયા હતા. શહેરમાં વરસાદ સંબંધિત અલગ-અલગ ઘટનાઓમાં વીજળી પડવાથી ત્રણ લોકોના મોત થયા છે. ગ્રેટર ચેન્નાઈ કોર્પોરેશને લગભગ ૨.૩૨ લાખ લોકોને ભોજનનું વિતરણ કર્યું હતું. નીચાણવાળા વિસ્તારોમાંથી લગભગ ૨૦૦ લોકોને ૮ રાહત શિબિરોમાં રાખવામાં આવ્યા છે. તમિલનાડુના પ્રધાન કેકેએસએસઆર રામચંદ્રને જણાવ્યું હતું કે, ચક્રવાત પછી કોઈ મોટા નુકસાનના તાત્કાલિક અહેવાલો નથી.

# વિભીષણ એટલે વિ ભિષણ એટલે કે જે ક્યારેય ભિષણ નથી એ!



**સદગુરુ વચનામૃત**

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. માનવી ઈશ્વરનો અંશ છે, અને તે ક્ષણ વાર માટે ક્રિયા કે કર્મ વગર રહી શકતો નથી, પરંતુ તેની ક્રિયા કે કર્મ અહેતુ હોતી નથી, મોટેભાગે એની ક્રિયા લૌકિક અર્થ કે હેતું સભર હોય છે. હેતુ હોવાને કારણે ગમો અણગમો થવો સંભવ છે,અને તેથી તેને આંતરિક પ્રકૃતિમાં અને બાહ્ય પ્રકૃતિમાં સંતુલન જાળવવું હોય, તો પોતાની પ્રત્યે પણ અતૂટ વિશ્વાસ હોવો જરૂરી છે, અને બાહ્ય સબંધ કે પ્રકૃતિ માટે પણ અતૂટ વિશ્વાસ હોવો જરૂરી છે. પરંતુ એનો મતલબ એ નથી કે તે નિષ્ક્રિય બની જીવન જીવે, કે પછી નિરસતાથી જીવન જીવે, અથવા તો આળસુ, કાયર, કે પ્રમાદી બની ને જીવન જીવે. પોતાના આંતર બાહ્ય વિશ્વાસ ની ધરોહર થકી એ શુભ મંગલ માટે થોડું ઘણું સહનશીલતા કેળવે,એ જરૂરી છે, અને આ રીતે સહજ થવું એ જ તો બુદ્ધિ નો અંતિમ નિષ્કર્ષ છે. આપણે ચરિત્રની ઓળખમાં રામાયણ કાળ ના પાત્ર પરિચય પર ચિંતન કરી રહ્યા છીએ,અને રામાયણ અંતર્ગ રાવણ એ પણ પોતાના ભાઈ વિભીષણને કાયર કહ્યો હતો, તો આજે આપણે ચિંતનમાં વિભીષણ વિશે વાત કરીશું. વિભીષણના પાત્ર પરિચયમાં આપણે રાવણનો નાનો ભાઈ એટલું જ લખવું પર્યાપ્ત નથી. વિભીષણ ની સંધિ છૂટી પાડીએ વિ ભિષણ, એટલે કે જે ક્યારેય ભિષણ નથી, અથવા લંકા કે રાવણને ભિષણતા માંથી ઉગારવાનો પ્રયત્ન કરે છે એ. કૈકસી અને ઋષિ વિશ્વવસ્થીને બે પુત્રો થયાં, રાવણ અને કુંભકર્ણ. પરંતુ તે બંને દુષ્ટકર્મા હતાં, તેથી તેમણે ઋષિની સેવા કરી અને ત્રીજા પુત્રની માંગણી કરી, અને એમને ત્યાં વિભીષણનો જન્મ થયો. વિભીષણે બ્રહ્માની ખૂબ જ આકરી તપસ્યા કરી, અને પોતાને માટે ધર્મ બુદ્ધિ માંગી. બ્રહ્માએ પ્રસન્ન થઈ તેને બ્રહ્માસ્ત્ર અને અમરત્વનું વરદાન આપ્યું, અને એટલે જ સાત ચિરંજીવીમાં વિભીષણનું નામ છે. વિભીષણ એક બહુ સારા મંત્રી હતાં, અને રાવણની ખ્યાતિ માટે તેમજ લંકાના ઐશ્વર્ય માટે,કે પછી રાજકીય વ્યૂહ માટે બહુ સારું જ્ઞાન ધરાવતા હતાં. એક કુશળ રાજા માટે તેની સાથે સાથે તેના મંત્રીનું સારું હોવું પણ બહુ જરૂરી છે. દેશ દ્રોહી મંત્રી રાજ્ય કે રાજાનુ નુકસાન કરી શકે, આ ઉપરાંત માત્ર રાજાની ખુશામત કરનાર મંત્રી પણ રાજ્ય કે પ્રજા માટે પતન કર્તા સાબિત થાય.

રાવણ જ્યારે સીતાનું અપહરણ કરીને લંકામાં લઈ આવ્યો, અને અશોક વાટિકામાં તેને રાખવામાં આવી, ત્યાં સુરમા એટલે વિભીષણની પત્ની, અને ત્રિજટા ને સીતાની દેખભાળની જવાબદારી સોંપી હતી. રાવણના આ કૃત્ય માટે રાજ દરબારમાં રાવણને આ અનીતિનું કાર્ય છે, એવું કહેનાર માત્ર વિભીષણ હતો. એણે રાવણને ઘણીવાર સમજાવવાની કોશિશ કરી કે, આ કાર્ય આખા કુળનો નાશ કરી શકે તેમ છે! લંકાની પ્રજા ત્રાહિમામ પોકારી જશે! યુદ્ધ માત્ર વિનાશ નોતરે છે, તેમજ જે આશયથી સીતાને લઈ આવ્યા છો એ આશય તો કદી પાર પાડવાનો નથી. એટલે કે સીતા તમારી થશે, એ સ્વપ્ન, સ્વપ્ન જ રહેવાનું છે, માટે હજી કહું છું કે સીતા ને માનભેર પાછી આપી દેવામાં જ રાજા અને રાજય એટલે કે પ્રજાની સલામતી છે. રાવણ ને વિભીષણ ની આ વાત સમજાઈ નહીં, અને તેણે કહ્યું કે તું મરવાના વાંકે આ બધી વાત કરે છે, તું કાયર છે. આઠ-દસ વાંદરાની સેના સામે શરણાગત થઈ જવું એ મારા જેવા સશક્ત યોદ્ધાને શોભા દેતું નથી! છતાં તું મને આવી સલાહ આપે છે? તને મારી શક્તિ પર શંકા છે, અને પોતાનું ભવિષ્ય સુરક્ષિત રહે, માટે રામનું શરણું સ્વીકારવાની વાત કરે છે. આમ કાયર કહી પાટુ મારી અને જા તારે એ રામના શરણે જવું હોય તો જા! એમ કહી પોતાની સભામાંથી કાઢી મૂકે છે, અને વિભીષણ પોતાના ચાર અંગત મિત્ર ને લઈને રામના શરણમાં આવી જાય છે. પોતાની પત્ની દીકરી જમાઈ બધાને લંકામાં છોડીને એ પ્રભુ શ્રી રામ ને શરણે આવે છે. જોકે રાવણે પણ આ લોકોને રંજાડ્યાં હોય એવો ઉલ્લેખ મળતો નથી.

સુગ્રીવ સહિત ઘણાં વાનરને આ રાવણનું ષડયંત્ર છે એવી દહેશત હતી. પરંતુ પ્રભુ શ્રીરામે કહ્યું કે શરણાગતને આશ્રય દેવો એ ક્ષાત્ર ધર્મ છે, અને હું તે ચૂકું તો ક્ષત્રિય કહેવાને લાયક નથી. રાવણ સાથે પ્રભુ શ્રીરામનું યુદ્ધ થયું અને એ યુદ્ધમાં પ્રભુ શ્રીરામનો વિજય થયો એની માટે વિભીષણ બહુ ઉપયોગી સાબિત થયાં, એટલે કે તેનો વિજય માટે મહત્વનો ફાળો હતો. તે પોતે પણ માયાવી હતાં એટલે ઈન્દ્રજીત અને તેના સાથીઓના અદ્રશ્ય ચહેરાઓ કુબેર પાસેથી જળ લાવીને રામ લક્ષ્મણની આંખે આંજ્યું, જેથી તેઓ દશ્યમાન થયા. આ ઉપરાંત લંકાની પ્રાકૃતિક ભૂગોળ તેમજ ભાતીગળ ભૂગોળથી તે વાકેફ હતા. રાવણની સેનાની વ્યૂહરચના, યુદ્ધ નીતિ, તેમજ સેનામાં કોણ કેટલું બહાદુર છે, અને કોની પાસે કયા શસ્ત્ર છે! કોને વરદાન છે, ને કોને શ્રાપ છે! કોણ ક્યાં શસ્ત્રના ઉપયોગથી મરી શકે તેમ છે! એની સંપૂર્ણ જાણકારી વિભીષણ પાસે હતી. લક્ષ્મણજી મૂર્છિત થતાં સુશેણ નામના વૈદરાજનું નામ સરનામું પણ હનુમાનજીને તેણે જ આપ્યું હતું.

રાવણ એક વિદ્વાન પુરુષ હતો, અને ધન-ધાન્ય અને એશ્વર્યાથી તેનું રાજ્ય ભરેલું હતું. લંકા પતિ રાવણની ખ્યાતિ પણ ખૂબ હતી, અને દાનવો માં એ લોકપ્રિય પણ હતો. શંકરનો પરમ ઉપાસક અને શરણાગત શિષ્ય હતો, પોતાના નેત્ર કમળ વડે પૂજા કરનાર હતો, તાંડવ સ્તોત્ર ની રચના કરનાર હતો, ઈન્દ્રજીત અને અક્ષય જેવા કેટલાય મહાબલિ પુત્રોનો પિતા હતો, મંદોદરી જેવી સુંદર અને પતિવ્રતા નારીનો પતિ હતો, અને એ ઉપરાંત બીજી પણ સુંદર રાણીઓ હતી,અને આ ઉપરાંત પણ કેટલી બધી ઉપલબ્ધી નો સ્વામિ હતો, અને આમ જુઓ તો તેની જિંદગીમાં કંઈ જ ખૂટતું નહોતું. પરંતુ હદથી વધું, અહંકાર હતો અને એ અહંકાર તેને નીતિ અને અનીતિ વચ્ચેનો ભેદ ભૂલાવતો હતો, અને એને કારણે જ વિભીષણ દ્વારા આપવામાં આવેલી સલાહ તેણે સ્વીકારી નહીં. પોતાની શક્તિ પર વિશ્વાસ કરવો, અને શક્તિનો અહંકાર કરવો આ બંને વાતમાં જમીન આસમાનનો તફાવત છે. વિભીષણ તેને એ જ સમજાવી રહ્યો હતો કે, મને તારી શક્તિ પર શંકા નથી, પરંતુ આ કાર્ય બંને રીતે અનૈતિક છે,એક તો એનાં પતિની ગેરહાજરી નો લાભ લઈ ને અપહરણ કર્યું,અને બીજું સીતાની પણ મરજી નથી, એ જન્મોજન્મ પ્રભુ શ્રી રામનાં ચરણોની દાસી બની રહેશે, પણ લંકા પતિ રાવણની પટરાણી બનવાનું પસંદ નહીં કરે, એવું એણે મોઢામોઢ કહ્યું છે. પરંતુ રાવણ એની આ વાત માની નહીં, અને પોતાના અહંકારમાં માર્યો ગયો. એટલે આપણે જેને આત્મવિશ્વાસ કહીએ છીએ એ ક્યાંક આપણો અહંકાર તો નથી ને! એની સતત જાગૃતિ રાખવી, નહીં તો આ સૂક્ષ્મ ભેદરેખા ક્યારે ઓગળી જાય તે કહેવાય નહીં, અને આપણા પતનનું કારણ બને. વિભીષણના ચરિત્ર માંથી આપણે પણ ધર્મબુદ્ધિ, એટલે કે નીતિ અનીતિ, ધર્મ અધર્મ, અહંકાર અને આત્મવિશ્વાસ, વચ્ચેનાં સુક્ષ્મ તફાવતને પારખીને એ મુજબ જિંદગી ના મહત્વના નિર્ણયો કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# કેલોરેક્સ ઓલિવ ઇન્ટરનેશનલ શાળાએ "વિજ્ઞાન - ગણિત મેળાનું કર્યું આયોજન





કેલોરેક્સ ઓલિવ ઈન્ટરનેશનલ શાળાએ "વિજ્ઞાન - ગણિત મેળા" નું ભવ્ય આયોજન કરેલ. શાળાના વડાશ્રી અંકુર ઉપાધ્યાય નો હેતુ બાળકો ને રોજીંદા જીવન માં કેવી રીતે આજ ની નવીનતમ વિજ્ઞાનિક ટેકનીક ઉપયોગી છે તે જણાવાનો હતો. યુવા નેતાઓના પરિપ્રેક્ષ્યમાં વિજ્ઞાન અને ગણિતની રસપ્રદ દુનિયાનું અન્વેષણ કરવું. જેમાં મુખ્ય અતિથિઓ Narotam sahhoo ( advisor, GUJCOST), PRo. Dr. Surbhi MAthur (Head Multimedia)forencics, NFSU), તથા MR. PRashan Singh (Scientific officer, IPR) ઉપસ્થિત રહી પોતાના પ્રેરણાત્મક ભાષણ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદરશીત કરેલા. પ્રો, ડો. સુરભિએ બાળકોને ફોરેન્સીક સાયન્સમાં અભ્યાસ માટે પ્રોત્સાહન આપેલું. આ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના વડા અંકુર ઉપાધ્યાય જહેમત ઊઠાવેલ. સમગ્ર વાલી મંડળે પોતાની હાજરી દ્વારા પ્રોત્સાહન પૂરું પાડેલ.

## માલિકને હિસાબમાં ઓછી સમજ પડતા કર્મચારીએ કરોડોની કરી ઉચાપત

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

અમદાવાદમાંથી ફરી એક ઠગબાજ ઝડપાયો છે. દરિયાપુરના રહેવાસી ઈરફાન શેખે વેપારીની હિસાબમાં ઓછી સમજનો ફાયદો ઉઠાવી કરોડો રુપિયાની ઉચાપત કરી છે. આરોપી વર્ષ ૨૦૦૮થી ઓસીયન વોશ કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે કામ કરતો હતો. જો કે કંપનીના માલિકને એકાઉન્ટમાં ઓછી સમજ હોવાથી તેનો ગેરફાયદો ઉઠાવ્યો હતો. આરોપીએ કંપનીમાંથી ૩ કરોડ ૭૭ લાખની ઉચાપત કરીને વિવિધ ખાતામાં રૂપિયા ટ્રાન્સફર કર્યા છે. જે અંગેની ઓડિટ થતા એકાઉન્ટે કરેલી કરતૂત સામે આવી હતી. સમગ્ર મામલે પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે.

## ઉમરેઠમાં મંજૂરી વિના લગાવેલા હોડિગ્સ ઉતારવા ગયેલી ટીમ પર થયેલો હુમલો

। (એજન્સી) આણંદ, તા.૧ ।

આણંદ જિલ્લામાં આવેલ ઉમરેઠ નગરપાલિકામાં મહિલા ચીફ ઓફિસર અને કર્મચારીઓ ઉપર કેટલાક શખસોએ હુમલો કરાયો હોવાની ઘટના સામે આવી છે. ઉમરેઠમાં સરકારી જગ્યામાં મંજૂરી વિના ગેરકાયદે રીતે લગાવાયેલા હોડિગ્સ ઉતારવા ગયેલી પાલિકાની ટીમ સામે કેટલાક શખસોએ બોલાચાલી કરી હતી. જે બાદ આ મામલો ઉગ્ર બનતાં એક શખસે પાલિકના મહિલા ચીફ ઓફિસર ભારતીબેન સોમાણીને લાફો માર્યો હતો. હાલ આ મામલે પોલીસે ફરીયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ઉમરેઠ નગરપાલિકાના ચીફ ઓફિસર ભારતીબેન સોમાણીએ જણાવ્યું હતું કે,ઉમરેઠ નગરપાલિકા દ્વારા દબાણ દૂર કરવાની કામગીરી ચાલી રહી હતી. આ દરમિયાન જાગનાથ ભાગોળ ગેટ નજીક નગર પાલીકાની હદમાં ગેરકાયદે રીતે લગાવેલા હોડિગ્સ લાગેલા હતા. તેને દૂર કરવાની કામગીરી કરતા કેટલા શખસોએ પાલિકાની ટીમ સાથે બોલાચાલી કરી હતી.

# શિક્ષણ સિવાયની કામગીરી શિક્ષકો માટે બની માથાનો દુખાવો

### અપાર આઈડી બનાવવા માટે આવી રહેલી અડચણથી શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે

। (એજન્સી) અમદાવાદ,તા.૧ ।

અમદાવાદ આમ તો શિક્ષક વિશે એવું કહેવાય છે કે કોઈ પણ વ્યક્તિના ભવિષ્યના નિર્માણમાં તેના શિક્ષકની મહત્વની ભૂમિકા હોય છે. પરંતુ ગુજરાતમાં શિક્ષકોને બિચારાને બાપડા બનાવી દેવાય છે.

વિદ્યાર્થીઓના અભ્યાસના ભોગે રોજ અવનવી કામગીરી શિક્ષકોને સોંપવામાં આવી રહી છે. હાલમાં કેન્દ્ર સરકારના આદેશથી ઓટોમેટેડ પરમેનેન્ટ એકેડેમિક એકાઉન્ટ રજિસ્ટ્રી "અપાર આઈડી" બનાવવાની પ્રક્રિયા કરવામાં આવી રહી છે, પરંતુ આ જ અપાર આઈડીમાં આવી રહેલી અડચણ શિક્ષકો માટે માથાનો દુખાવો બની છે. વિદ્યાર્થીઓના અપાર આઈડી બનાવવાની પ્રક્રિયા ચાલુ

રાજ્યભરની શાળાઓમાં પહેલા ઈ-કેવાયસીની કામગીરી કરવામાં આવી અને હવે નવી શિક્ષણ નીતિ અંતર્ગત વન નેશન, વન સ્ટુડન્ટ આઈડીને આધારે અપાર આઈડી જનરેટ કરવાની પ્રક્રિયા



ચાલી રહી છે. આ અપાર આઈડીથી વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિ અને સિદ્ધિઓ ટ્રેક કરવા આ આઈડી બનાવવામાં આવી રહ્યું છે. પરંતુ અપાર આઈડી બનાવવા માટે આવી રહેલી અડચણથી શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે. અપાર આઈડી જનરેટ કરવા માટે વિદ્યાર્થીઓના ડાયસ ડેટાને આધાર સાથે લિંક કરવાનું હોય છે. પરંતુ આ પ્રક્રિયામાં કેટલાક દિવસથી અડચણ ઊભી થઈ રહી છે. અનેક વિદ્યાર્થીઓના ડાયસ અને આધાર કાર્ડમાં નામમાં સામાન્ય તફાવત હોવાના કારણે અપાર આઈડી બનતું જ નથી. તેવી જ રીતે સ્કૂલના જીઆરમાં વિદ્યાર્થીઓના જે નામ છે તે પ્રમાણે આધાર કાર્ડમાં નામ ન હોવાના લીધે અપાર આઈડી બનતુ નથી. આધાર કાર્ડમાં જન્મ તારીખની જગ્યાએ જન્મનું વર્ષ લખેલું હોય, તેવી સામાન્ય ભૂલો સામે આવી રહી છે. અપાર આઈડી બનાવવામાં આવતી ટેકનિકલ ખામીઓથી શિક્ષકો અપાર આઈડી સિવાયની કામગીરી કરી શકતા નથી અને વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડી રહ્યો છે. બીજીતરફ અધિકારીઓ દ્વારા રોજે રોજ અપાર આઈડીની કામગીરીને લઈને શિક્ષકો પર દબાણ કરી રહ્યાં છે. મહત્વનું છે કે શિક્ષકોને ક્યારેક ઈલેક્શનને લગતી કામગીરી તો ક્યારેક કોઈને કોઈ સર્વેની કામગીરી, તો વળી ક્યારેક ઈ-કેવાયસી, તો ક્યારેક અપાર આઈડી જેવી કામગીરી, તો ક્યારેક વસ્તી ગણતરી જેવી અનેક કામગીરીઓમાં વ્યસ્ત રાખવામાં આવી રહ્યાં છે. જેના કારણે આખા વર્ષમાં શિક્ષકોને વિદ્યાર્થીઓને જે ભણાવવાનું કામ કરવાનું હોય તેની જગ્યાએ અન્ય પ્રવૃત્તિઓમાં જ શિક્ષકો વ્યસ્ત રહેતા હોય છે. આવા સર્વેની કામગીરી કે આવા આઈડી બનાવવાની કામગીરી કોઈ એજન્સીને સોંપાય તેવું શિક્ષકો ઈચ્છી રહ્યાં છે.

**ગુજરાતના ખેડૂતોને હવે લીલાલહેર!**

## ખેડુતોની માંગને CM ભૂપેન્દ્ર પટેલે કરી પુરી; લીધો નિર્ણય

। (એજન્સી) ગાંધીનગર, તા.૧ ।

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ખેડૂતો માટે એક મોટો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્વાગત ઓનલાઈન જન ફરિયાદ નિવારણના રાજ્ય સ્વાગત સમારોહમાં ખેડૂતોએ મૂકેલી અરજીઓ વાંચીને ખેડૂતોને લગતો આ નિર્ણય લીધો છે.

આ નિર્ણય હેઠળ જે ખેડૂતોની જમીન સરકારી પ્રોજેક્ટ માટે સંપાદિત કરવામાં આવી છે અને જેઓ તે સમયે ખેડૂત પ્રમાણપત્ર ઉપલબ્ધ ન હોવાને કારણે બિનખેડૂત બન્યા હતા. હવે તેમને ખેડૂત પ્રમાણપત્ર આપ વામાં આવશે. સીએમ ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે આ નિર્ણયથી તે ખેડૂતોને ખેતી માટે પ્રોત્સાહન મળશે. જેમની જમીન રાજ્ય સરકારના પ્રોજેક્ટ માટે સંપાદિત કરવામાં આવી છે. આ ઉપરાંત જે ખેડૂતના ખાતામાં માત્ર એક સર્વે નંબર બાકી હતો તે ખેડૂત ખેતી વગર રહી ગયો હતો. આવા કિસ્સાઓમાં તેમણે ખેતી માટે જમીન ખરીદવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો. કારણ કે ખેડૂત પ્રમાણપત્ર મેળવવાની કોઈ જોગવાઈ નહોતી. આવી રજૂઆતો ખેડૂતો દ્વારા વારંવાર મુખ્યમંત્રી સમક્ષ કરવામાં આવી છે.

**૭ કલાકમાં Facebook પર ૯૦૦ લોકોએ આપી માહિતી**

# ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની અનોખી પહેલ અંતે રંગ લાવી

### નાગરિકોને પોતાના ગામ, શહેર, જિલ્લામાં ભરાતાં પ્રખ્યાત-અપ્રખ્યાત મેળાઓના નામ, વિગત અને વિશેષતા જણાવવા અનુરોધ કર્યો હતો

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

રાજ્યના વિવિધ યાત્રાધામો, ગામો, જિલ્લાઓમાં યોજાતા મેળાને નવી ઓળખ આપવા રાજ્યના યુવા, સાંસ્કૃતિક મંત્રી હર્ષ સંઘવીએ અનોખો પ્રયાસ કર્યો છે. મંત્રી હર્ષ સંઘવીએ ફેસબુકના માધ્યમથી રાજ્યના નાગરિકોને પોતાના ગામ, શહેર, જિલ્લામાં ભરાતાં પ્રખ્યાત-અપ્રખ્યાત મેળાઓના નામ, વિગત અને વિશેષતા જણાવવા અનુરોધ કર્યો હતો.

મંત્રીએ રાત્રે ૧.૩૦ વાગ્યે ફેસબુક પર કરેલી પોસ્ટના માત્ર ૭ કલાકમાં ૯૦૦થી વધુ લોકોએ કોમેન્ટ કરી અને પોતાના ગામ, શહેરના લોકમેળાઓની રસપ્રદ વિગત આપીને મંત્રી હર્ષ સંઘવીના આ કાર્યને બિરદાવ્યું છે. મંત્રી હર્ષ સંઘવીએ ફેસબુકના માધ્યમથી લોક સંસ્કૃતિની ધરોહર એવા નાના મોટાં, પ્રખ્યાત - અપ્રખ્યાત લોકમેળાઓને ઉજાગર કરવાના પ્રયાસમાં રાજ્યના નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લઈ આ પ્રયાસને વધાવ્યો છે. મંત્રીએ ફેસબુક પર પોસ્ટ કરી જણાવ્યું હતું કે, "ગુજરાતનાં અલગ અલગ જિલ્લાઓમાં એવા કેટલાય મેળાઓ ભરાય છે, જે ફક્ત જે-તે જિલ્લાઓ પૂરતાં જ સીમિત રહી જાય છે. આજે એવા જિલ્લાઓને જાણીએ અને જણાવીએ. જેથી,આના થકી આજે કેટલાય અવનવાં મેળાઓ આપણને જાણવા મળશે" મંત્રીની પોસ્ટમાં રાજ્યના તમામ વિસ્તારમાંથી લોકોએ પોતાનાં આજુબાજુના મેળાની વિગતો આપી છે. જેમાં ઘણાં એવા મેળા છે જે ભાગ્યે જ રાજ્યના અન્ય વિસ્તારના લોકો જાણતા હશે. જેમ કે, બનાસકાંઠાના લાખણી તાલુકાના જસરા ગામે શિવરાત્રીના દિવસે સૌથી મોટો અશ્વમેળો યોજાય છે.

**વલસાડમાં ખૌફનાક હત્યા**

## મોબાઇલની સ્ક્રીન તૂટતાં બે મિત્રો વચ્ચે થયેલી બબાલ લોહિયાળ બની

। (એજન્સી) વલસાડ, તા.૧ ।

આજના આધુનિક યુગમાં મોબાઈલ એક જરૂરિયાતની વસ્તુ બની ગઈ છે. તેમાં પણ આજની યુવા પેઢીને મોબાઈલ વગર એક મિનિટ પણ ચાલતું નથી ત્યારે મોબાઈલના અનેક ફાયદા અને સાથે ગેરફાયદાઓ પણ જોવા મળી રહ્યા છે. ત્યારે રાજ્યના છેવાડે આવેલ વલસાડ જિલ્લામાં એક મોબાઈલની સ્ક્રીન તુટતા બે સગીર મિત્રો વચ્ચે થયેલ બબાલ લોહિયાળ બની છે. માત્ર ૧૫૦૦ રૂપિયાની મોબાઈલની સ્ક્રીનના કારણે એક મિત્રનું મોત થયું છે. વલસાડ જિલ્લાના પારડી તાલુકાના બાલદા ગામમાં છેવાડે નિર્માણાધીન અવાવરું બિલ્ડીંગના લિફ્ટના ખાડામાંથી ૨૯મી તારીખે એક કિશોરનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. મૃતક કિશોર બે દિવસથી ગુમ હતો. આથી પરિવારજનો તેની શોધખોળ કરી હતી. આખરે મૃતકના પિતા અને કાકાએ બનાવ વાળી જગ્યાએ તપાસતા આ લિફ્ટના ખાડામાં ઈંટો નીચે દબાયેલી હાલતમાં મૃતક કિશોરનો મૃતદેહ મળી આવ્યો હતો. આથી પરિવારજનોએ પોલીસને જાણ કરી હતી. ઘટનાને ગંભીરતા લઈ વલસાડ જિલ્લા પોલીસવડા ડો. કરણરાજ વાઘેલા અને જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓની ટીમ પણ સ્થળ પર પહોંચી હતી અને તપાસ હાથ ધરી હતી. શરૂઆતમાં જ મૃતકની હત્યા થઈ હોવાનું મનાઈ રહ્યું હતું.

**સરકારે શરૂ કરી નવી બસ સુવિધા**

# હવે અમદાવાદથી સીધા રણોત્સવ પહોંચી શકાશે

### SRTC અને પ્રવાસન વિભાગના સંયુક્ત ઉપક્રમે અમદાવાદ એરપોર્ટથી રણોત્સવ, ધોરડો જવા માટે બસ સેવા શરૂ થઈ

। (એજન્સી) કચ્છ, તા.૧ ।

કચ્છ રણોત્સવની શરૂઆત થઈ છે. પ્રવાસીઓનું કચ્છના સફેદ રણ ખાતે આગમન થઈ રહ્યું છે. ત્યારે રણોત્સવ સુધી પહોંચવા માટે હવે ગુજરાત સરકાર દ્વારા નવી બસ સુવિધા શરૂ કરવામા આવી છે. હવે અમદાવાદ એરપોર્ટથી સીધા રણોત્સવ સુધી પહોંચી શકશે. GSRTC અને ગુજરાતના પ્રવાસન વિભાગના સંયુક્ત ઉપક્રમે આજથી અમદાવાદ એરપોર્ટથી રણોત્સવ જવા માટે નવી વોલ્વો બસ સેવાનો પ્રારંભ કરાયો છે. અમદાવાદ એરપોર્ટથી ધોરડો માટે નવી વોલ્વો બસ સેવા દૈનિક ધોરણે સંચાલિત થશે. કચ્છના આકર્ષક પ્રવાસન સ્થળોની મુલાકાત માટે GSRTC અને પ્રવાસન વિભાગ દ્વારા રણોત્સવ, ધોરડો ખાતે 'ટૂરિસ્ટ સર્કીટ બસ" સેવાનો પણ પ્રારંભ કરાયો છે. વધુમાં રણોત્સવ ખાતે સબરસ પાર્કિંગ થી વોચ ટાવર સુધી જવા માટે પ્રવાસન વિભાગ અને GSRTC ન સંયુક્ત ઉપક્રમે "હોપ ઓન હોપ ઓફ બસ" સેવાનો પ્રારંભ થઈ ચૂકેલ છે જેને પ્રવાસીઓ દ્વારા સારો પ્રતિસાદ મળી રહ્યો છે. દેશ વિદેશના પ્રવાસીઓના ફેવરિટ ગણાતા રણોત્સવની શરૂઆત થઈ ગઈ છે. રણોત્સવની મુલાકાત દરમ્યાન પ્રવાસીઓ માટે સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ વિવિધ એડવેન્ચર સ્પોર્ટ્સ એક્ટિવિટી પણ યોજવામાં આવે છે. રણોત્સવ ૨૦૨૪-૨૫માં એડ્વેન્ચર ઝોન (૨૦ અલગ-અલગ એડ્વેન્ચર પ્રવૃત્તિઓ જેવી કે પેરા મોટરિંગ, એ.ટી.વી રાઈડ વગેરે), ચિલ્ડ્રન એક્ટિવિટી વિથ ફન/નોલેજ પાર્ક (૧૦ અલગ-અલગ પ્રવૃત્તિઓ જેમ કે, ન્યુટ્રિશનની સમજ આપતી ગેમ અને એક્ટિવિટી, વી. આર ગેમ ઝોન વગેરે)નું આયોજન કરવામાં આવ્યું છે.




